આઈપીએલ આજની મેચ

સનરાઈઝ હૈદાબાદ VS દિલ્હી કેપીટલ

સાંજે ૭:૩૦ કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨


તા. ૫-૫-૨૦૨૫, સોમવાર

વર્ષઃ ૧૪, અંક : ૪૮

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia







# ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭%, વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧% પરિણામ

## સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ ગોંડલ કેન્દ્રનું ૯૬.૬૦% પરિણામ જ્યારે સૌથી ઓછું દાહોદ કેન્દ્રનું ૫૪.૪૮% પરિણામઃ બીજી બાજુ વિજ્ઞાન પ્રવાહમાં સપ્રેડ, વાંગધ્રા, થાલા કેન્દ્રનું સૌથી વધુ સપરેડા, વાંગધ્રા અને છાલાનું ૧૦૦ % પરિણામ જ્યારે ખાવડા કેન્દ્રનું સૌથી ઓછું ૫૨.૫૬% પરિણામ

**અબતક, રાજકોટ**

માર્ચ-૨૦૨૫માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે સવારે ૧૦:૩૦ કલાકે બોર્ડની વેબસાઈટ પર એકસાથે જાહેર કરવામાં આવ્યું હતું. ગત વર્ષ કરતા સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં બંનેમાં પરિણામ વધ્યું છે. એટલે કે આ વર્ષે ધોરણ-



વિજ્ઞાન પ્રવાહમાં ૯૨.૯૧ ટકાવારી સાથે મોરબી જિલ્લો મોખરે છે. ગત વર્ષે પણ આ જિલ્લાએ બાજી મારી હતી. તો સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી માધ્યમમાં ૯૩.૯૭ ટકા પરિણામ જ્યારે ગુજરાતી માધ્યમનું ૯૩.૭ ટકા પરિણામ આવ્યું છે. સામાન્ય પ્રવાહમાં વડોદરાનું સૌથી ઓછું ૮૭.૭૭ ટકા પરિણામ આવ્યું છે.

વ્હોટ્સએપ નં. ૬૩૫૭૩૦૦૯૭૧ પર સીટ નંબર મોકલતા પરિણામ મળશે. સાથે જ શિક્ષણ બોર્ડની વેબસાઈટ પરથી પણ પરિણામ જાણી શકાશે. આ વર્ષે સામાન્ય પ્રવાહના કુલ ૪,૨૩,૯૦૯ અને સાયન્સમાં ૧,૧૧,૩૮૪ વિદ્યાર્થી નોંધાયા હતા.

વિદ્યાર્થીઓની માર્કશીટ, પ્રમાણપત્ર અને જઠશાળામાં મોકલવા અંગેની જાણ પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગુણ-તૂટ અસ્વીકાર અને પરીક્ષામાં પુનઃઉપસ્થિત થવા માટેની જરૂરી સૂચનાઓ સાથેનો પરિપત્ર હવે પછીથી પ્રસિધ્ધ કરાશે તથા માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર

### વિજ્ઞાન પ્રવાહનું ગત વર્ષ કરતા ૧.૦ ટકા વધુ જ્યારે સામાન્ય પ્રવાહનું ગત વર્ષ કરતા ૧.૧૪ ટકા પરિણામ વધુ જાહેર થયું

માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર તારીખ ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે જાહેર કરવામાં આવ્યું છે.

## કોમર્સમાં સૌથી વધુ બનાસકાંઠા જિલ્લાનું ૯૭.૨૦ % જ્યારે સૌથી ઓછું બરોડા જિલ્લાનું ૮૭.૭૭ % પરિણામ, વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ મોરબી જિલ્લાનું ૯૨.૯૧% પરિણામ જ્યારે સૌથી ઓછું દાહોદ જિલ્લાનું ૫૯.૧૫ % પરિણામ

### ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા કોમર્સમાં ૨૦૦૫ જ્યારે સાયન્સમાં ૧૯૪

આજે સવારે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય અને સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. પરિણામ ખૂબ જ સારૂ આવ્યું છે. ખાસ તો ૧૨-કોમર્સમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૨૦૦૫ જ્યારે સાયન્સમાં ૧૯૪ શાળાઓ નોંધાઈ છે. ગત વર્ષની વાત કરીએ તો ગત વર્ષે સામાન્ય પ્રવાહમાં ૧૬૦૯ શાળાઓએ જ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું હતું. તે વધીને આ વર્ષે ૨૦૦૫એ પહોંચી છે. બીજી બાજુ વિજ્ઞાન પ્રવાહમાં ગત વર્ષે ૧૨૭ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું હતું. જો કે, આ વર્ષે તેની સંખ્યા વધીને ૧૯૪ થઇ છે.

### ૧૦%થી ઓછું પરિણામ ધરાવતી શાળા કોમર્સમાં ૨૧ જ્યારે સાયન્સમાં ૩૪

શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ખાસ કરીને ચાલુ વર્ષે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૨૧ છે. ગત વર્ષે૧૯ હતી. જે વધીને આ વર્ષે ૨૧ પર આવી છે. બીજી બાજુ સાયન્સમાં ચાલુ વર્ષે ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૩૪ છે. જે ગત વર્ષે ૨૭ હતી. એટલે ચોક્કસથી કહી શકાય કે છેલ્લા ૧૦ વર્ષનું ધોરણ-૧૨નું પરિણામ ખૂબ જ સારૂ આવ્યું છે.

### છેલ્લા ૧૦ વર્ષનું પરિણામ

| વર્ષ | સામાન્ય પ્રવાહની ટકાવારી | સાયન્સની ટકાવારી |
|---|---|---|
| ૨૦૧૬ | ૬૮.૮૨ | ૭૯.03 |
| ૨૦૧૭ | ૭૬.૩૧ | ૮૧.૮૯ |
| ૨૦૧૮ | ૬૮.૯૬ | ૭૨.૯૯ |
| ૨૦૧૯ | ૭૩.૨૭ | ૭૧.૯૦ |
| ૨૦૨૦ | ૭૬.૨૯ | ૭૧.૩૪ |
| ૨૦૨૧ | ૧૦૦.00 | ૧૦૦.00 |
| ૨૦૨૨ | ૮૬.૯૧ | ૭૨.૦૨ |
| ૨૦૨૩ | ૭૩.૨૭ | ૬૫.૫૮ |
| ૨૦૨૪ | ૯૧.૯૩ | ૮૨.૪૫ |
| ૨૦૨૫ | ૯૩.૭ | ૮૩.૫૧ |

### રાજકોટ જિલ્લાનું કોમર્સનું ૯૩.૬૬ અને વિજ્ઞાન પ્રવાહનું ૯૨.૫૯ ટકા પરિણામ

રાજકોટ જિલ્લાનું ચાલુ વર્ષે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૯૩.૬ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહનું ૯૨.૫૯ ટકા પરિણામ આવ્યું છે. સામાન્ય પ્રવાહમાં રાજકોટ જિલ્લામાં ૮૪૧ વિદ્યાર્થીઓએ એ-વન, ૩૬૪૪ વિદ્યાર્થીઓએ એ-૨, ૫૧૦૦ વિદ્યાર્થીઓએ બી-૧ જ્યારે ૫૧૦૭ વિદ્યાર્થીઓએ બી-૨ ગ્રેડ મેળવ્યો છે. વિજ્ઞાન પ્રવાહની વાત કરવામાં આવે તો રાજકોટ જિલ્લામાં પરીક્ષા આપેલા ૭૩૩૭ વિદ્યાર્થીઓમાંથી ૮૬ વિદ્યાર્થીઓએ એ-વન, ૯૬૯ વિદ્યાર્થીઓએ એ-૨, ૧૭૫૧ વિદ્યાર્થીઓએ બી-૧ જ્યારે ૧૬૮૦ વિદ્યાર્થીઓએ બી-૨ ગ્રેડ મેળવ્યો છે.

### આ રીતે જોઈ શકાશે પરિણામ

- સૌથી પહેલાં **GSEB**ની ઓફિશિયલ વેબસાઈટ **www.gseb.org** પર જાવ.
- હોમપેજ પર **HSC Result 2025** લખેલું દેખાશે તે લિંક પર ક્લિક કરો. હવે તમને રિઝલ્ટ લોગ ઈનનું પેજ જોવા મળશે.
- હવે તમારો સીટ નંબર એન્ટર કરો. તમારા એડમિટ કાર્ડ પર જે રીતે સીટ નંબર લખ્યો હોય તે એન્ટર કરો.
- ત્યારબાદ સબમિટ બટન પર ક્લિક કરો.

માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આ વર્ષે વહેલી પૂરી થઈ ગઈ હતી. આજે સવારે ૧૦.૩૦ વાગ્યે ધોરણ ૧૨ અને ગુજકેટનું પરિણામ જાહેર થયું છે. આ અંગે શિક્ષણમંત્રી કુબેરસિંહ ડિંડોરે એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી છે. આ વર્ષે સામાન્ય પ્રવાહના કુલ ૪,૨૩,૯૦૯ અને સાયન્સમાં ૧,૧૧,૩૮૪ વિદ્યાર્થી નોંધાયા હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ, ગ્ગ્ઞઉઈઊઝ-૨૦૨૫ અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર

૧૨ સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭% જ્યારે વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧ % પરિણામ આવ્યું છે.

સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ ગોંડલ કેન્દ્રનું ૯૬.૬૦% પરિણામ જ્યારે સૌથી ઓછું દાહોદ કેન્દ્રનું ૫૪.૪૮% પરિણામઃ બીજી બાજુ વિજ્ઞાન પ્રવાહમાં સપ્રેડ, વાંગધ્રા, થાલા કેન્દ્રનું સૌથી વધુ સપરેડા, વાંગધ્રા અને છાલાનું ૧૦૦ % પરિણામ જ્યારે ખાવડા કેન્દ્રનું સૌથી ઓછું ૫૨.૫૬% પરિણામ

કોમર્સમાં સૌથી વધુ બનાસકાંઠા જિલ્લાનું ૯૭.૨૦ % જ્યારે સૌથી ઓછું બરોડા જિલ્લાનું ૮૭.૭૭ % પરિણામ, વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ મોરબી જિલ્લાનું ૯૨.૯૧% પરિણામ જ્યારે સૌથી ઓછું દાહોદ જિલ્લાનું ૫૯.૧૫ % પરિણામ આવ્યું છે.

સામાન્ય પ્રવાહમાં ૫૬૬૬ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ, ૪૦૩૩૧ વિદ્યાર્થીઓને એ-ટુ, ૭૮૮૮૨ વિદ્યાર્થીઓને બી-વન અને ૯૬૩૭૦ વિદ્યાર્થીઓને બી-ટુ ગ્રેડઃ વિજ્ઞાન પ્રવાહમાં ૮૩૧ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ,૮૦૮૩ વિદ્યાર્થીઓને એ-ટુ ગ્રેડ,૧૫૬૭૮ વિદ્યાર્થીઓને બી-વન ગ્રેડ અને ૧૯૧૯૬ વિદ્યાર્થીઓને બી-ટુ ગ્રેડ મળે છે.

| ગુજકેટનું ગુણ પ્રમાણે પરિણામ | એ-ગ્રુપના વિદ્યાર્થીઓ | બી-ગ્રુપના વિદ્યાર્થીઓ |
|---|---|---|
| ૯૯થી વધુ | ૪૮૯ | ૭૯૦ |
| ૯૮થી વધુ | ૯૭૦ | ૧૫૬૭ |
| ૯૬થી વધુ | ૧૯૨૧ | ૩૧૬૩ |
| ૯૪થી વધુ | ૨૯૧૫ | ૪૭૫૧ |
| ૯૨થી વધુ | ૩૮૮૪ | ૬૨૮૮ |
| ૯૦થી વધુ | ૪૮૨૩ | ૭૯૧૮ |
| ૮૫થી વધુ | ૭૨૬૪ | ૧૧૭૫૭ |
| ૮૦થી વધુ | ૯૬૧૫ | ૧૫૭૨૪ |
| ૭૫થી વધુ | ૧૧૯૯૭ | ૧૯૬૧૨ |
| ૭૦થી વધુ | ૧૪૪૦૬ | ૨૩૫૫૨ |

### સૌરાષ્ટ્રનું ધોરણ-૧૨નું ઉડતી નજરે પરિણામ

| જિલ્લો | કોમર્સ | સાયન્સ |
|---|---|---|
| અમરેલી | ૯૧.૧૯ | ૮૩.૨૫ |
| જામનગર | ૯૩.૬૧ | ૯૦.૮૫ |
| જૂનાગઢ | ૮૯.૧૫ | ૮૪.૪૮ |
| ભાવનગર | ૯૫.૮૨ | ૯૦.૮૨ |
| રાજકોટ | ૯૩.૬૬ | ૯૨.૫૯ |
| સુરેન્દ્રનગર | ૯૫.૭૬ | ૮૭.૩૮ |
| પોરબંદર | ૯૦.૮૪ | ૮૧.૫૯ |
| બોટાદ | ૯૭.૫ | ૯૨.૦૧ |
| દ્વારકા | ૯૫.૬૯ | ૯૦.૮૮ |
| ગીર સોમનાથ | ૯૩.૪૬ | ૮૫.૩૯ |
| મોરબી | ૯૫.૪૦ | ૯૨.૯૧ |

### વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં શાળામાંથી માર્કશીટ આપવામાં આવશે

ધોરણ-૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે બોર્ડની વેબસાઇટ પર જાહેર થયું છે. સવારથી જ વિદ્યાર્થીઓ પોતાના પરિણામ ઓનલાઇન જોઈ રહ્યા છે. ત્યારે બોર્ડ દ્વારા કહેવામાં આવ્યું છે કે આજે પરિણામ જાહેર કરાયા બાદ વિદ્યાર્થીઓને તેમની શાળામાંથી ટૂંક સમયમાં માર્કસશીટ આપવામાં આવશે.

### સામાન્ય પ્રવાહમાં ૫૬૬૬ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ, ૪૦૩૩૧ વિદ્યાર્થીઓને એ-ટુ, ૭૮૮૮૨ વિદ્યાર્થીઓને બી-વન અને ૯૬૩૭૦ વિદ્યાર્થીઓને બી-ટુ ગ્રેડઃ વિજ્ઞાન પ્રવાહમાં ૮૩૧ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ,૮૦૮૩ વિદ્યાર્થીઓને એ-ટુ ગ્રેડ,૧૫૬૭૮ વિદ્યાર્થીઓને બી-વન ગ્રેડ અને ૧૯૧૯૬ વિદ્યાર્થીઓને બી-ટુ ગ્રેડ

# ન હોય... "એઠું" મુકેલું ભોજન જીવલેણ સાબિત થઈ શકે છે!!

**અબતક, નવી દિલ્હી**

વધુ પડતા રાંધીને બાદમાં એઠું રહેલું બચેલું ભોજન બીજા દિવસે લેવામાં આવે તો તે જીવલેણ સાબિત થઈ શકે છે. આવા અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. જેમાં એઠું મુકેલું વાસી ભોજન ખાધા બાદ શારીરિક સમસ્યાઓ ઉદભવી હોય.

૨૦૦૮ માં બેલ્જિયમમાં એક દુઃખદ ઘટના બની હતી, જેમાં વાસી ભાત ખાવાથી એક યુવાનનું અચાનક મૃત્યુ થયું હતું. તે વ્યક્તિએ ઘણા દિવસોથી ઓરડાના તાપમાને રાખેલા ભાત ખાધા હતા. તે ખાધાના થોડા કલાકોમાં જ, તેને ગંભીર લક્ષણોનો અનુભવ થયો અને તેનું મૃત્યુ થયું. આ જર્નલ ઓફ ક્લિનિકલ માઈક્રોબાયોલોજીમાં પ્રકાશિત "બેસિલસ સેરિયસ ફૂડ પોઈઝનિંગ સાથે સંકળાયેલા યુવાન પુખ્ત વયના વ્યક્તિનું અચાનક મૃત્યુ" અભ્યાસમાંથી મળેલી માહિતી પર આધારિત છે.

અહેવાલમાં જણાવાયું છે કે, "૧ ઓક્ટોબર, ૨૦૦૮ ના રોજ, એક ૨૦ વર્ષીય વ્યક્તિ ૫ દિવસ પહેલા તૈયાર કરેલી અને ઓરડાના તાપમાને રસોડામાં મુકેલી ટમેટાની ચટણી સાથે બચેલ ભાત ખાધા પછી બીમાર પડી ગયો. શાળા પછી, તેણે ભાતને માઈક્રોવેવ ઓવનમાં ગરમ કરી. જમ્યા પછી તરત જ, તે તેની રમતગમતની પ્રવૃત્તિઓ માટે ઘરેથી નીકળી ગયો, પરંતુ માથાનો દુખાવો, પેટમાં દુખાવો અને ઉબકાને કારણે તે ૩૦ મિનિટ પછી પાછો ફર્યો. પહોંચ્યા પછી, તેને ઘણા કલાકો સુધી ઉલટી થઈ અને મધ્યરાત્રિએ બે વખત તેને ઝાડા થયા. તેને કોઈ દવા આપવામાં આવી ન હતી અને તેણે ફક્ત પાણી પીધું. મધ્યરાત્રિ પછી, તે સૂઈ ગયો. બીજા દિવસે સવારે ૧૧:૦૦ વાગ્યે, તેના માતાપિતા ચિંતિત હતા કારણ કે તે જાગ્યો નહીં. જ્યારે તેઓ તેના રૂમમાં ગયા, ત્યારે તેઓએ તેને મૃત જોયો." થોડા વર્ષો પછી, એક અમેરિકન ડોક્ટર, જો વ્હિટિંગ્ટને, ખોરાક સંભાળવાની આ સામાન્ય પ્રથા વિશે જાગૃતિ લાવવાનું નક્કી કર્યું. તેમણે ટિકટોક પર એક વીડિયો શેર કર્યો જેમાં તેમણે લોકોને પાસ્તા અને ચોખાની વાનગીઓ ન ખાવાની ચેતવણી આપી હતી જે યોગ્ય રીતે રેફ્રિજરેટરમાં ન રાખવામાં આવી હોય.

૨૦ વર્ષીય યુવાનનું મૃત્યુ 'ફ્રાઈડ રાઈસ સિન્ડ્રોમ' તરીકે ઓળખાતી બીમારીથી થયું હતું. આ એવી સ્થિતિ છે જેમાં પાસ્તા કે ચોખાને ઓરડાના તાપમાને લાંબા સમય સુધી રાખવામાં આવે ત્યારે બેક્ટેરિયા વધે છે. મેડિકલ સ્કૂલમાં, અમને પૂછવામાં આવતું હતું કે 'ચોખા ફરીથી ગરમ કરો છો?' ગંભીર બનો! આ વાક્ય શીખવવામાં આવે છે જેથી યાદ રહે કે કયા બેક્ટેરિયા આ સ્થિતિનું કારણ બને છે. તો, કેટલો સમય ખૂબ લાંબો છે? "તમારે એવા પાસ્તા કે

(અનુ. આઠમા પાને)

## સોનાની ચમક રૂપિયાની તરલતાને જોખમમાં મુકી રહી છે

# છેલ્લા એક જ વર્ષમાં સોના ઉપરનું ધિરાણ ડબલ થઈ બે લાખ કરોડને પાર

## હાઉસિંગ, વાહન અને ક્રેડિટ કાર્ડ લોનને બદલે લોકો હવે ગોલ્ડ લોન તરફ વળી રહ્યા છે

**અબતક, નવી દિલ્હી**

નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ગોલ્ડ લોન સૌથી ઝડપથી વિકસતો લોનનો પ્રકાર બનવાની તૈયારીમાં છે. જે હાઉસિંગ અને વાહન જેવા તમામ રિટેલ એડવાન્સિસ અને ક્રેડિટ કાર્ડ અને પર્સનલ લોનને પણ પાછળ છોડી દેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ના તાજેતરના આંકડા દર્શાવે છે કે ૨૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ બેંકોની સોનાના દાગીના સામે બાકી લોન વધીને રૂ. ૨.૦૯ લાખ કરોડ થઈ ગઈ, જે એક વર્ષ પહેલા રૂ. ૧.૦૩ લાખ કરોડ હતી.

બેંકર્સ અને ક્રેડિટ ફાઈનાન્સ એક્ઝિક્યુટિવ્સે જણાવ્યું હતું કે કિંમતી ધાતુઓના વધતા ભાવ અને પર્સનલ લોન જેવી અસુરક્ષિત લોન પરના કડક પગલાં વચ્ચે સતત માંગને કારણે ગોલ્ડ લોનમાં વધારો થયો છે. મે ૨૦૨૪ માં કેન્દ્રીય બેંકના નિર્દેશ બાદ કેટલીક બેંકો દ્વારા ચોક્કસ કૃષિ લોનને ગોલ્ડ લોન તરીકે પુનઃવર્ગીકરણ કરવાથી પણ નાણાકીય વર્ષ ૨૫ માં આ સંખ્યામાં વધારો થયો, બેંકરોએ જણાવ્યું હતું. આ પુનઃવર્ગીકરણની ચોક્કસ રકમ જાણી શકાઈ નથી. સામાન્યરીતે, સોનાના ભાવમાં વધારો થવાથી ઘરેણાં સામે ઉધાર લેવામાં વધારો થાય છે.



ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંકના મેનેજિંગ ડિરેક્ટર સંજીવ નૌટિયાલે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ગોલ્ડ લોન વૃદ્ધિમાં વધારો થયો છે કારણ કે ધિરાણકર્તાઓએ કોવિડ પછીના વેગનો લાભ લીધો છે, અને મોટાભાગે અસંગઠિત અને ઉચ્ચ ખર્ચવાળા બજારમાં પ્રવેશવા માટે તેમના વ્યાપક નેટવર્કનો ઉપયોગ

(અનુ. આઠમા પાને)

## વિશ્વ હાથ સ્વચ્છતા દિવસ

# હાથના માત્ર એક સે.મી. ભાગમાં હોય છે ૧૫૦૦થી વધુ બેક્ટેરિયા

## દરરોજ માત્ર હાથ ધોવાથી આપણે દસ લાખ લોકોના મૃત્યુ અટકાવી શકીએઃ વિશ્વમાં માત્ર હાથ સાફ ન રાખવાથી રોજ એક હજાર બાળકોના મોતઃ યોગ્ય રીતે હાથ ધોવામાં માત્ર ૪૦ થી ૬૦ સેકન્ડનો સમય લાગેઃ કોરોના કાળમાં ડરના માર્યા કેવી રીતે હાથની સફાઈ રાખતા હતા, એવી સફાઈ આખી જિંદગી રાખો અને રોગ મુક્ત રહો

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

શરીરની જેટલી સફાઈ રાખી એ તેટલો ચેપ કે રોગ થવાની શક્યતા ઘટી જાય છે. આજના વિજ્ઞાન યુગ કે ૨૧ મી સદીમાં પણ ઘણા લોકોને હાથની સફાઈ પ્રોપર આવડતી નથી. આંખ, કાન, નાક, મોં જેવા મહત્વના અંગોની સાથે હાથની સફાઈ પણ ખૂબ જ જરૂરી છે. આજે 'વિશ્વ હેન્ડ વોશ ડે'ની ઉજવણી થઈ રહી છે, ત્યારે આપણને ઘણા ચેપ અસ્વચ્છ હાથને કારણે જ લાગે છે. હાથના માત્ર એક સેમી ભાગમાં જ ૧૫૦૦ થી વધુ બેક્ટેરીયા હોય છે. આપણે હાથની સ્વચ્છતા બાબતે સાર-સંભાળ લેવી જ પડે કારણ કે તેનાથી ઘણા ચેપ અટકાવી શકાય છે. દરરોજ હાથ ધોવાથી દર વર્ષે દસ લાખ લોકોના મૃત્યુ અટકાવી શકાય છે. વ્યવસ્થિત રીતે હાથ ધોવામાં ૪૦ થી ૬૦ સેકન્ડ જ લાગે છે.

કોરોના કાળ દરમ્યાન આપણને ચેપ ન લાગે એટલા માટે કેવી હાથની સફાઈ કરતા જ હતા, ઘણા તો ડરના માર્યા પણ ૮ થી ૧૦ વખત હાથ સાફ કરતાં હતા. આપણે સવારે-બપોરેને સાંજે જમતા પહેલા આપણા હાથ સાફ સાબુથી કે એન્ટિસેટટીક લીક્વીડથી કરવા અતી જરૂરી. આ વર્ષની ઉજવણી થીમમાં ' સેવ લાઈવ્સઃ ક્લીન યોર હેન્ડ્સ રીઝલ્ટ' માં તેના વિશેષ મહત્વની વાત સાથે જોડીને તેને જીવન રક્ષક ગણી છે. હાથ માત્ર ધોવા કે સાફ કરવાથી ડાયેરિયાના દર ત્રણ પૈકી એક કેસ બચાવી શકીએ છીએ. આજની વૈશ્વિક ઉજવણીમાં વિશ્વ આરોગ્ય સંસ્થા, યુનીસેફ સહીતની તબીબી અવેરનેશની સંસ્થા જોડાય છે. યુરોપ જેવા વિકસીત દેશોમાં પણ દર વર્ષે ૪૦ લાખથી વધુ લોકો હાથની અસ્વચ્છતાને કારણે એક ચેપ મેળવે છે.

૨૦૦૮માં ૭૦થી વધુ દેશોમાં બાર કરોડથી વધુ બાળકોએ સાબુથી હાથ ધોયા હતા, ત્યારથી દર વર્ષે આજના દિવસે ગ્લોબલ હેન્ડવોશીંગ ડે ઉજવાય છે. આ વર્ષની થીમમાં પણ 'શા માટે સ્વચ્છ હાથ હજુ પણ મહત્વપૂર્ણ છે'ની વાત કરી છે અને એ સંદર્ભે જ વૈશ્વિક સ્તરે આજે કાર્યક્રમો થયા હતા. ૧૮૪૪માં એક ડોકટરે સુવાવડી સ્ત્રીઓમાં તાવનો ચેપ પ્રસરવાનું કારણ શોધીને જણાવેલ કે માત્ર હાથ ધોવાથી આ ચેપ આપણે અટકાવી શકીએ છીએ. તેમના આ સંશોધનને કારણે મૃત્યુદર ૧૮ ટકામાંથી એક ટકો થઈ ગયો હતો. પ્રારંભે તેના હેન્ડવોશની વાતને બધાએ તૂત ગણાવીને નકાર્યું હતું, પણ બાદમાં વિશ્વનાં મેડીકલ જગતે સ્વીકાર્યું અને તેને 'માતાઓના તારણહાર'નું બિરૂદ આપ્યું હતું. તે યુરોપ દેશનો ડોક્ટર ઈન્ગાઝ ફિલિપ હતો. ૨૦૧૮માં હંગેરી દેશમાં તેમના નામની યુનિવર્સિટીની સ્થાપના કરાય અને દ્વિશતાબ્દીની યાદમાં ટપાલ ટીકીટ પણ બહાર પાડી હતી. કોરોનાના પેનડેમિક સમયમાં પ્રીવેન્ટિવ મેડીસીનના પિતામહ એવા હિરોને સમગ્ર દુનિયાએ યાદ કર્યા હતા.

### આપણા હાથમાં ત્રણ હજાર અને મોબાઈલ ફોનમાં ત્રીસ હજાર બેક્ટેરિયા હોય છે, જે ચેપી રોગ ફેલાવે

હાથ ન સાફ કરવાની કિંમત ઘણી મોટી ચુકવવી પડતી હોય છે, તમને જાણીને નવાઈ લાગશે કે દુનિયામાં દર વર્ષે સાત લાખથી વધુ મોત માત્ર હાથ ન ધોવાને કારણે થાય છે. વિશ્વમાં દર વર્ષે ૧૪ લાખથી વધુ લોકો ખરાબ સેનેટાઈઝેશન, પાણીજન્ય બીમારીને કારણે મૃત્યુ પામે છે.

માણસના હાથમાં ત્રણ હજાર અને આપણાં મોબાઈલ ફોનમાં ૩૦ હજાર બેક્ટેરીયા હોય છે. જે ચેપી રોગ ફેલાવે છે. વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને અવિકસીત-ગરીબ દેશોમાં આ સમસ્યાને કારણે મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું છે. માત્ર હાથની સફાઈ માત્ર ન રાખવાથી પાંચ વર્ષથી નીચેના એક હજાર બાળકોના મોત દરરોજ વિવિધ ચેપ લાગવાથી થઈ રહ્યા છે.



આજના દિવસની ઉજવણી હાથોની ગંદકીને કારણે થતી ઘણી બિમારીઓ વિશે જાગૃત્તિ પ્રસરાવવાનો હેતું છે. હાથની અસ્વચ્છતાને કારણે ડાયેરીયા, આંખ અને ત્વચા સંબંધી ઘણી બીમારીઓ થાય છે. ડોકટરના જણાવ્યા પ્રમાણે આપણાં હાથમાં ઘણી ગંદકી આવી જતી હોય છે, અને તેની આપણને ખબર પણ નથી હોતી, પરિણામે આપણે ઘણા ચેપ કે રોગના ભોગ બનીએ છીએ. આપણી રૂટીંગ દિનચર્યામાં વસ્તુને સ્પર્શ કરવાથી ઘણા બેક્ટેરીયા-જીવાણું આપણા હાથ પર આવી જાય છે, જે આપણને નહીં આંખે દેખાતા પણ નથી. આવા ગંદકી વાળા હાથે આપણે ભોજન લઈએ તો એ બેક્ટેરીયા આપણાં શરીરમાં જતા આપણને ચેપ-રોગ કે ઈન્ફેક્શન લાગે છે, માટે જમતા પહેલા હાથની સફાઈ અવશ્ય કરવી જોઈએ.

આપણા પરિવારના દરેક સદસ્યો અને ખાસ બાળકોને હેન્ડવોશનું મહત્વ સમજાવીને તેને રોગમુક્ત કરી શકાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ કોરોના નિયંત્રણ માટે હાથની સફાઈને તેની અગ્રિમ ગાઈડલાઈનમાં વાત કરી હતી. કોરોના કાળથી હાથ મીલાવવાની પ્રથાબંધ થઈને નમસ્તેનો યુગ શરૂ થયો હતો.




આપણાં ભારત દેશમાં પ્રાચિન કાળથી હાથ મિલાવવાની પ્રથા ચાલુ છે. ઈતિહાસ જોઈએ તો ઈ.સ.પૂર્વે ૭૦૦ ની સાલમાં અને બેબીલોન કાળમાં પણ હાથ મિલાવવાથી રોગ ફેલાતો હોવાની માન્યતા હતી. ભોજન કરતાં પહેલા અને વોશરૂમના ઉપયોગ બાદ હાથ ધોવાની ટેવ તમને મોતના મુખમાંથી બચાવી શકે છે.

આજનો દિવસ વર્લ્ડ હેન્ડ હાઈજીન ડે તરીકે પણ જાણીતો થયો છે. દરેક મા-બાપે પોતાના સંતાનોને ભોજન કરતાં પહેલા હાથ બરાબર ધોવા જોઈએ ની સલાહ આપવી જ જોઈએ. આપણે પણ દોડધામ વાળી જીંદગીમાં હેન્ડવોશ કરતાં નથી, તો સ્ત્રીઓ આ બાબતે વધુ બેદરકાર જોવા મળે છે. આપણે આજે તો કોમ્પ્યૂટર પર વર્ક કરીને તરત જ નાસ્તો કરવા લાગીએ છીએ, જે ખૂબ જ ખતરનાક છે. દર્દીને સ્પર્શ કરતા પહેલા, કોઈ પણ પ્રક્રિયા કરતા પહેલા, શારીરિક પ્રવાહીનો સ્પર્શ કર્યા પછી, દર્દીને સ્પર્શ કર્યા પછી અને દર્દીના આસપાસના વિસ્તારને સ્પર્શ કર્યા પછી હાથની સ્વચ્છતા અતિ જરૂરી બની જાય છે. આપની સ્વચ્છતા ન રાખવાથી જઠરાંત્રીય, શ્વસન, અને ચામડીના રોગો થાય છે.

## વિકસિત દેશોમાં પણ દર વર્ષે ૪૦ લાખ થી વધુ લોકો હાથની સ્વચ્છતા ન રાખવાને કારણે એક ચેપ મેળવે છે : હાથની સફાઈ કોરોના, ફ્લૂ જેવા ચેપી રોગોથી બચાવે છેઃ અદ્રશ્ય જંતુઓથી છૂટકારો મેળવો અને તમે જ નહીં તમારા આસપાસના લોકોને પણ સુરક્ષિત રાખોઃ સંક્રમણથી બચવા હાથની સફાઈ ખૂબ જ જરૂરીઃ આ વર્ષની થીમ-સેવ લાઈવ્સઃ ક્લીન યોર હેન્ડ્સ

# જીવનમાં શ્રેષ્ઠનું સર્જન કરવું હોય તો કંઈક છોડવું પડેઃ નમ્રમુનિ મ.સા.

## જીવદયા મહોત્સવ એવમ વર્ષીતપ પારણા મહોત્સવમાં બન્યો પ્રેરણાનો મહોત્સવ





**અબતક, રાજકોટ**

નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે જીવદયા મહોત્સવ એવમ્ વર્ષીતપ પારણા મહોત્સવમાં સમસ્ત મહાજન અને અર્હમ યુવા સેવા ગ્રુપના ઉપક્રમે મહારાષ્ટ્રની ૧૨૫થી વધુ ગૌશાળાઓને ૨.૫ કરોડ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવેલ અને તીર્થંકર ભગવાન ઋષભદેવ સ્વામીના સમયથી ચાલતી વર્ષીતપની પરંપરાને આગળ વધારનારા અનેક ભાવિકોના પારણાનો અવસર જીવદયાધર્મ, દાન અને ત્યાગ ધર્મનો જયકાર કરતા અત્યંત ઉલ્લાસભાવે ઉજવાયો.

આ અવસરે, વિરલપ્રજ્ઞા વિરમતીબાઈ મ. આદિ ઠાણા, ડો. ડોલરબાઈ મ. આદિ, લીંબડી ગોપાલ સંપ્રદાયના રાજુલાજી મ. આદિ, શ્રમણ સંઘીય પૂજ્ય ચંદનબાલાજી મ. આદિની વિશેષ ઉપસ્થિતિ સાથે મહારાષ્ટ્ર મંત્રી મંગલ પ્રભાત લોઢાજી, વિધાયક પરાગભાઈ શાહ, મહારાષ્ટ્ર ગૌસેવા આયોગના અધ્યક્ષ શેખરજી મુંદડા, આર. એસ. એસ સમિતિના કાર્યાદયક્ષ મનીશજી વરમા, વિલાસ ભગતજી; અમદાવાદના મ્યુનિ. કમિશ્નર નરેશભાઈ રાજપૂત; ચેન્નાઈ ફાર્મામાં બિઝનેસમેન ઉજ્જ્વલજી જૈન; જૈન માઈનોરિટી ફાઈનાન્શ્યલ કોર્પોરેશન ચેરમેન લલિતભાઈ ગાંધી; આદી જિન ચેરીટેબલ ટ્રસ્ટના જયેશભાઈ ઝરીવાળા, ભરતભાઈ શાહ; શેઠ દામજી લક્ષ્મીચંદ ધર્મસ્થાનકના ભરતભાઈ વિરાણી; ભાનુશાલી પરમ ગુરુદેવના સાંનિધ્યે પારણું કરવા આવેલાં અનેક તપસ્વી આરાધકોની અનુમોદના કરવા બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો સાથે લાઈવના માધ્યમે દેશ-વિદેશના હજારો ભાવિકો જોડાઈ ગયાં હતાં.

જૈન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ, અહિંસા ધામ - કચ્છ, દયોદય મહાસંઘ, જીવદયા મંડળી - મુંબઈ, શાંતિનાથ જૈન દેરાસર પેઢી, મલાડ પૂર્વ, બાવન જિનાલય, ભાયંદર મુંબઈ, શેઠ દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મસ્થાનકના સહયોગેસમસ્ત મહાજનના ગિરીશભાઈ શાહે ગૌમાતા માટે સમસ્ત મહાજનના સહયોગથી એવમ મહારાષ્ટ્ર સરકાર દ્વારા થતા અનેક કાર્યોના વર્ણન કરવાની સાથે ભવિષ્યમાં કરવાના કાર્યોની પહેલ કરતા કહ્યું હતું કે,પશુધન ભારતની ધરોહર છે, એની રક્ષા આપણું કર્તવ્ય છે.

આ અવસરે પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, જીવનમાં શ્રેષ્ઠનું સર્જન કરવું હોય તો કંઈક છોડવું પડે. કોઈપણ સત્કાર્યો સહજતાથી ન થાય તેમાં કસોટી અને કઠિનાઈઓ આવે પણ મનોબળ મક્કમ હોય તો સેવા હોય કે તપસ્યા, તેનો માર્ગ સહજતાથી સર્જાઈ જતો હોય છે. કોઈક ત્યાગના માર્ગે તો કોઈક સેવાના માર્ગે, કોઈક તપ દ્વારા તો કોઈક દાન દ્વારા, સર્વ પોતાના શ્રેષ્ઠ ભવિષ્યનું સર્જન કરે છે.

આજના આ મંગલ મહોત્સવમાં પૂર્વ લુક એન લર્નના સ્ટુડન્ટ ૧૬ વર્ષીય દીક્ષાર્થી ભવ્યભાઈ શાહ પરમ ગુરુદેવના આશીર્વાદ પ્રાપ્ત કરવાં પધારતા, આ પંચમકાળમાં આટલી નાની વયે આવા મહાત્યાગની ભાવના ભાવનાર મુમુક્ષુનું શોલ અને શ્રીફળ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. મુમુક્ષુ ભવ્યભાઈએ પોતાના સંયમ જીવનના પાયામાં લુક એન્ડ લર્નમાં ૨ વર્ષમાં મળેલ અમૂલ્ય જ્ઞાનનો ઉપકાર વ્યક્ત કર્યો હતો. સોનામાં સુગંધ ભળે તેમ, આ અવસરે સંથારા આરાધક કાનપુરના ૮૧ વર્ષીય માતુશ્રી પ્રભાબેન શાહના મક્કમ મનોબળની અનુમોદના કરતા પરમ ગુરુદેવએ ૭૩માં ઉપવાસના તેમને પ્રત્યાખ્યાન કરાવ્યાં હતાં.

## ઘાટકોપર પારસધામના આંગણે બાળકો માટે વેકેશનનો સદુપયોગ કરવા સ્પેશ્યલ સમર કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**

ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના સુશિષ્યા સમાધિજી મહાસતીજી આદિ ઠાણાના સાંનિધ્યે ઘાટકોપર પારસધામના આંગણે ૮-૧૩ વર્ષના બાળકો માટે અનોખા સ્પેશ્યલ સમર કેમ્પ ''ધ ટાઈમ ટ્રાવેલ''નું આયોજન ૬ થી ૮મી મે, ૨૦૨૫ના સવારે ૭ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા દરમ્યાન કરવામાં આવ્યું છે. સમર કેમ્પમાં વિશેષરૂપે લાઈફમાં ઉપયોગી મોરલ વેલ્યુસ જેમ કે વિનય, જતના, ફીઅર ફ્રી એક્ઝામ, માસ્ટર કી ટુ સક્સેસ જેવાં વિવિધ વિષયો પર બાળકોને મનગમતું વાતાવરણ તૈયાર કરવામાં આવશે, જેમાં તેમને સમજાઈ તેવી શૈલીમાં પ્રેક્ટિકલ પ્રયોગો, ઈન્ટ્રેસ્ટિંગ પઝલ્સ, ઈન્સ્પીરેશનલ મૂવીસ સાથે સેશનસ લેવામાં આવશે. વિશેષમાં બાળકોનો સર્વાંગી વિકાસ થઈ શકે માટે સ્પેશ્યલ સેલ્ફ ડેવલપમેન્ટ સેશનસ પણ યોજવામાં આવશે. આ તકે સર્વેને જલ્દીથી જલ્દી રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી.રજીસ્ટ્રેશન કરવા માટે ૯૧ ૮૦૯૭૩ ૧૫૪૦૪ સંપક કરવો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૫-૦૫-૨૦૨૫ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉડન છુ)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ગુલકંદ પુરણ પુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ગાયનેકોલોજિસ્ટ ડો.દીપ મણીયાર)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (હદ કરો છો હસુભાઈ)
૦૬:૦૦ થી ૧૨:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)

**તારીખ ૦૬-૦૫-૨૦૨૫ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૬-૫-૨૦૨૫ મંગળવાર**

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિ: | ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | વૈશાખ શુદ નોમ | | |
| નક્ષત્ર | મઘા | | |
| યોગ | ધ્રુવ | કરણઃ | તૈતીલ |
| સુર્યોદય | ૬.૧૩ | સુર્યાસ્તઃ | ૭.૧૪ |
| ચંદ્ર રાશી | સિંહ | | |
| રાશિ અક્ષર | મ.ટ | | |
| દિશાશૂળ | ઉત્તર દિશા તરફ | | |
| રાહુકાળ | બપોરે ૩ થી ૪.૩૦ | | |

**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૮ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | ૨ | ૯ | ૪ | | | |
| | ૯ | ૧ | | | | | ૫ | |
| | | | | | | | | ૩ |
| | ૬ | | | | | ૧ | | |
| | | | | ૨ | | ૪ | ૬ | |
| ૮ | | | | | ૫ | | | |
| ૩ | ૮ | | | | ૯ | | ૧ | |
| ૯ | | | | ૫ | | | | |
| | | | | | ૩ | ૮ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૪૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૩ | ૭ | ૨ | ૪ | ૧ | ૯ | ૫ |
| ૧ | ૭ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૭ | ૩ | ૮ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૭ | ૩ | ૨ | ૫ | ૬ |
| ૩ | ૨ | ૬ | ૮ | ૧ | ૫ | ૯ | ૭ | ૪ |
| ૭ | ૫ | ૯ | ૪ | ૬ | ૨ | ૮ | ૧ | ૩ |
| ૮ | ૩ | ૧ | ૫ | ૪ | ૭ | ૬ | ૨ | ૯ |
| ૫ | ૬ | ૪ | ૨ | ૯ | ૧ | ૩ | ૮ | ૭ |
| ૨ | ૯ | ૭ | ૬ | ૩ | ૮ | ૫ | ૪ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૬.૫.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ સુદ નોમ, મઘા નક્ષત્ર, ધ્રુવ યોગ, તૈતિલ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિદ્યાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે, સફળતા મળે, શુભ દિન.

**વૃષભ** (બ,વ,ઉ) : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.

**મિથુન** (ક,છ,ઘ) : કાર્યમાં સફળતા મળતી જણાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, સામાજિક કાર્ય કરી શકો, શુભ દિન.

**કર્ક** (ડ,હ) : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

**સિંહ** (મ,ટ) : આજના દિવસે કામકાજ માં સફળતા મળે, તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો, પ્રગતિ થાય.

**કન્યા** (પ,ઠ,ણ) : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા, બોલવા માં કાળજી રાખવા સલાહ છે.

**તુલા** (ર,ત) : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રો થી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક** (ન,ય) : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે, ધીમી પ્રગતિ જોવા મળે, સુંદર દીવસ.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે, ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે.

**મકર** (ખ,જ) : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.

**કુંભ** (ગ,સ,શ) : રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

**મીન** (દ,ચ,ઝ,થ) : જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં કાળજી લેવી, મધ્યમ દિવસ.

# લોધિકામાં રામજી મંદિરનો કાલથી ચાર દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

## ભગવાન શ્રી રામની નગરયાત્રા, દેવપૂજન હવન, શિખરવિધિ, ધ્વજારોહણ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો



તસ્વીરઃ કરન વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ નજીક આવેલા લોધિકામાં આશરે ૩૦૦ વર્ષ પૌરાણિક રામજી મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા.૬ થી ૯મે દરમિયાન આયોજીત કરવામાં આવ્યો છે. ગામ સમસ્તના અનુદાનથી આ ભવ્ય અને શિખરબંધ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

અબતકની શુભેચ્છા મુલાકાતમા લોધીકાના ગ્રામજનો દ્વારા પરંપરાગત ગ્રામિણ શૈલીથી નિર્મિત આ મંદિરમાં ભગવાને શ્રી રામ, હનુમાનજી સહિતનો રામ દરબારની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિના શ્રેણીબધ્ધ કાર્યક્રમો તા.૬-૫ને મંગળવારથી શરૂ થશે. જેમાં તા.૬ને મંગળવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે દેહશુધ્ધિ, તા.૭ને બુધવારના રોજ સવારે ૭ થી ૧૧:૩૦ કલાક દરમિયાન ભગવાન શ્રી રામની નગરયાત્રા, બપોરે ૩:૦૦ કલાકે દેવપૂજા. ગ્રહપૂજા અને અગ્નિ સ્થાપન કરવામાં આવશે. બપોરે ૧૨:૦૦ કલાકે સરદાર લેઉઆ પટેલ સમાજ-લોધિકા ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

જયારે તા.૮ને ગુરૂવારે સવારે ૭:૩૦ થી ૧૦:૦૦ કલાક સુધી દેવપૂજા હવન, બપોરે ૩:૦૦ કલાકે ધાન્યા ધિવાસ તથા પ્રધાન હોમ, બપોરે ૧૧:૩૦ કલાકે પ્રસાદ, વાસ્તુ હોમ, સ્નાપન વિધિ, દિગ હોમ, જલાધિવાસ સહિતના કાર્યક્રમો યોજાશે. જયારે સાંજે ૬:૩૦ કલાકે પહેલી સંધ્યા આરતી થશે. તા.૯ને શુક્રવારના રોજ સવારે ૭:૩૦ કલાકે દેવપૂજા, સ્થાપિત દેવતા હોમ તથા ન્યાસવિધિ ૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાકે મંદિરમાં મૂર્તિ સ્થાપના, પ્રાણ પ્રતિષ્ઠા, શિખર વિધિ તથા ધ્વજારોહણનું પ્રયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨:૪૦ કલાકે પૂર્ણાહુતિ તથા મહાઆરતી અને બપોરે ૧:૦૦ કલાકે સરદાર પટેલ લેઉવા સમાજ-લોધિકામાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન તા.૭ને બુધવારે સાંજે ૭:૩૦ કલાકે સમુહ રાસોત્સવ યોજાશે. જયારે ગુરૂવારે રાત્રે ૯:૦૦ કલાકે લોધિકા ગામમાં સંતવાણી, ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુપ્રસિધ્ધ કલાકારો, ભજનીક પૂનમ ગોંડલિયા, શ્રૃતિ પટેલ, સાહિત્યકાર કિશન રાદડીયા અને ભૂદેવ સાગરભાઈ રાવલ લોક સાહિત્યની રમઝટ બોલાવશે.

આ સ-ધાર્મિક અવસરે પ્રતિષ્ઠાઆચાર્ય પ્રદિપકુમાર ભૂપતરાય મહેતા (જૂનાગઢ) મુખ્ય આચાર્યની ભૂમિકા ભજવશે. આ શુભ અવસરે ઓમ આનંદી આશ્રમ-વાળાધરીના મહંત રાજુરામ બાપુ, દાણીધાર ધામના મહંત સુખદેવદાસ બાપુ, ચાંપલમાં ધામ-આણંદપર, છાપરાના મહંત ત્રીગુણાનંદબાપુ, સનાતન આશ્રમ-ખીરસરાના મહંત ભકિતપ્રકાશ સ્વામી અને સુર સાંગડા ધામ-જશાપરના મહંત વાલદાસ બાપુ સહિતના સંતો-મહંતો વિશેષરૂપથી ઉપસ્થિત રહેશે. લોધિકા ગામ સમસ્તે આ ચાર દિવસીય સ-ધાર્મિક ઉત્સવમાં પધારવા ધર્માનુરાગી લોકોને જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

## બુધવારે સામુહિક રાસોત્સવ અને ગુરુવારે પૂનમ ગોંડલિયા, શ્રૃતિ પટેલ, કિશન રાદડીયા અને સાગર રાવળ સહિતના સુપ્રસિધ્ધ કલાકારોનો ભવ્ય લોકડાયરો

# છત્તીસગઢના ૨૬ સભ્યોના પ્રતિનિધિ મંડળે લીધી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની મુલાકાત

**બાયસેગ, એન. ડી. ડી. બી. અને બારડોલી સુગરની પણ ૨૨ સભ્યોનું પ્રતિનિધિ મંડળ મુલાકાત લેશે**



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત છત્તીસગઢ રાજ્યના કવર્ધા જિલ્લા તંત્રના અધિકારીઓ,પદાધિકારીઓ અને ગ્રામીણ ખેડૂતોના ૨૬ સભ્યોના પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં લીધી હતી.

આ પ્રતિનિધિમંડળ છત્તીસગઢ રાજ્યમાં જિલ્લા સંકલિત ગ્રામીણ વિકાસ વ્યૂહરચના અંતર્ગત ગુજરાત મોડલ પર તેમના રાજ્યમાં ગ્રામીણ વિકાસમાં ઈનોવેશન અને અસરદાર યોજનાકીય અમલના વ્યાપ અને વિસ્તરણ માં ટેકનોલોજીના ઉપયોગ અંગેના અભ્યાસ નિરીક્ષણ માટે એક સપ્તાહની ગુજરાત મુલાકાતે આવેલું છે.

છત્તીસગઢના કવર્ધા જિલ્લા વહીવટી તંત્રની આ ટીમમાં કબીરધામ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ-પ્રમુખ ઉપરાંત ૧૨ જેટલા ખેડૂત પ્રતિનિધિઓ અને રાજ્ય સરકારના અધિકારીઓ સહિતના સભ્યોનો સમાવેશ થાય છે. ગુજરાતે બાયસેગની મદદથી રાજ્યમાં જે જી.આઈ.એસ. બેઈઝ ટેકનોલોજી યુક્ત ગ્રામીણ વિકાસ આયોજન અને નવાચાર અપનાવ્યા છે તેનાથી સુપેરે માહિતગાર થવા આ ડેલીગેશને બાયસેગની મુલાકાતથી ગુજરાત પ્રવાસનો આરંભ કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ પ્રતિનિધિ મંડળની મુલાકાત બેઠક દરમિયાન તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાત ટેકનોલોજી ડ્રિવન ગવર્નન્સ અને લોક કલ્યાણ અને વિકાસ યોજનાઓના અસરકારક તથા સેચ્યુરેશન લેવલના અમલથી વિકાસનું રોલ મોડલ બન્યું છે.

છત્તીસગઢ પ્રતિનિધિ મંડળના સભ્યોએ પણ ગુજરાતની આ નવતર વિકાસ પ્રણાલીની સફળતા વિશે જાણવામાં રસ દાખવ્યો હતો. છત્તીસગઢ રાજ્યનું આ પ્રતિનિધિ મંડળ તેના સાપ્તાહિક પ્રવાસ દરમ્યાન આણંદ એન.ડી.ડી.બી.ની મુલાકાત કરીને ડેરી વિકાસ, બાયોગેસ પ્લાન્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં ઈન્સ્ટિટ્યૂશનલ એક્સપોઝરની વિસ્તૃત જાણકારી મેળવવાનું છે. આ ઉપરાંત, બારડોલીની સુગર ફેકટરીની મુલાકાત લઈને શેરડી પાક ઉત્પાદન અંગે ફિલ્ડ વિઝીટ, ખાંડસરીમાં શેરડી પ્રોસેસિંગ, બેસ્ટ પ્રેક્ટિસીઝ અને ખાંડસરી એકમોના ઓપરેશન્સથી વાકેફ થશે.

# ગેરકાયદે હથિયાર કૌભાંડમાં ભીનું સંકેલવા પોલીસ પર દબાણ

**અનેક મોટા માથાની સંડોવણી ખૂલતા હવે અલગ ખેલ પાડવાનો ઈરાદો**

**અબતક, રાજકોટ**

રાજ્યમાં હથિયારો રાખવાના શોખીનો દ્વારા નાગાલેન્ડ અને મણિપુર જેવા રાજ્યોમાંથી હથિયારના પરવાના લઈ આવ્યાના કૌભાંડ પોલીસ દ્વારા પર્દાફાશ કર્યો હતો. જોકે, આ કૌભાંડ અંગે પોલીસે ભારે પ્રસિદ્ધિ મેળવી હતી પરંતુ આ કૌભાંડમાં રાજ્યના મંત્રી પુત્ર સહિત અનેક મોટા માથાઓના નામો સામે આવતાની સાથે જ વગદારોને બચાવવા માટે ગેરકાયદેસર હથિયાર લાઈસન્સ કૌભાંડમાં ભીનું સંકેલવાના ચાલી રહેલા ખેલ અંગે સરકાર પર આકરા પ્રહાર કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લાં ઘણાં લાંબા સમયથી બોગસ હથિયાર પરવાના મેળવવાનો વેપલો ચાલી રહ્યો છે. ગુજરાત પોલીસે નાગાલેન્ડ અને મણિપુરથી હથિયારના પરવાના મેળવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડમાં પોલીસ દ્વારા ૪૦ વ્યક્તિની ધરપકડ પણ કરી હતી. જોકે આ મામલામાં રાજ્યના એક મંત્રી પુત્ર, બિલ્ડર, પોલીસ અધિકારીઓનાં સંતાનો, ડાયરાના કલાકારો સહિતના અનેક મોટામાથાઓની સંડોવણી સામે આવતા પોલીસ દ્વારા તપાસ મંદ પડી ગઈ છે કે, કોના દબાણથી આ તપાસને મંદ પાડીને આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી નથી. આ આરોપીઓને ન પકડવા માટે પોલીસ ઉપર કોનું દબાણ કામ કરી રહ્યું છે.

આ ૬૯ જેટલા મોટા ગજાના લોકોએ નાગાલેન્ડ અને મણિપુરમાંથી હથિયાર રાખવાના પરવાના મેળવ્યા હતા. આવા મોટા માથાઓના નામો સામે આવતા તપાસને ખોરંભે ચડાવી દેવામાં આવી હોય તેમ જણાય છે. આવા હથિયાર પરવાના મેળવવામાં કરોડો રૂપિયાના ખેલ ખેલાયા છે ત્યારે ગેરકાયદેસર હથિયાર તથા લાઈસન્સના કૌભાંડમાં સંડોવાયેલા તમામ સામે કડક કાર્યવાહી ક્યારે સરકાર કરશે? તેવો સવાલ પૂછતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, આ હથિયારથી કોણે ખંડણી, જમીન માટે, વિરોધીઓને દબાવવા માટે ધમકી અપાઈ છે કે કેમ? આવા બોગસ હથિયાર પરવાના મેળવવાના મામલામાં પોલીસ દ્વારા ૪૦ વ્યક્તિની ધરપકડ કરાઈ છે, તો બાકીના મોટા માથા ૬૮ અને મંત્રી પુત્રની ધરપકડ કેમ કરવામાં આવી નથી ? આ મામલામાં પોલીસ દ્વારા મંત્રી પુત્રની કોલ ડિટેઈલ અને ભાડા કરારની તપાસ ક્યારે કરવામાં આવશે ? આ મામલામાં મંત્રી પુત્ર અને મોટા માથા સંડોવાયેલા હોવાથી શું તેને બચાવવા માટેના ખેલ શરૂ કર્યા છે? તેની જાહેરાત કરવામાં આવે.

# કેશોદ-મુંબઈ ફ્લાઈટ શરૂ કરવા પ્રભારી મંત્રીને રજૂઆત



**અબતક,દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢના સર્કિટ હાઉસ ખાતે જૂનાગઢ જિલ્લા પંચાયતના સભ્યો, સંગઠનના પદાધિકારીઓ સાથેની જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રીની યોજાયેલ બેઠકમાં કેશોદ મુંબઈ ફ્લાઈટ ફરી શરૂ કરાવા, ઓજત અને ઉબેણ નદી કાંઠા વિસ્તારમાં જમીન ધોવાણ તેમજ પૂર સંરક્ષણ દિવાલ કરવા અંગે, માણાવદર રિવરફ્રન્ટમાં ખૂટતી કામગીરી કરવા, સહિતના પ્રશ્નો- સમસ્યાઓ મંત્રી સમક્ષ રજૂ થયા હતા.

જૂનાગઢ ખાતે પ્રભારી મંત્રીએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત,અને નગરપાલિકાના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી, ત્યારે આ બેઠકમાં કેશોદ મુંબઈ ફ્લાઈટ ફરી શરૂ કરાવા, ઓજત અને ઉબેણ નદી કાંઠા વિસ્તારમાં જમીન ધોવાણ તેમજ પૂર સંરક્ષણ દિવાલ કરવા અંગે, માણાવદર રિવરફ્રન્ટમાં ખૂટતી કામગીરી કરવા, સહિતના પ્રશ્નો- સમસ્યાઓ મંત્રી સમક્ષ રજૂ થયા હતા. ત્યારે મંત્રીએ જન હિતના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી હતી. અને મંત્રી એ જણાવ્યું હતું કે, જન હિતના અને વિકાસલક્ષી પ્રશ્નો અંગે જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી વહેલી તકે પ્રશ્નોનો ઉકેલ આવે એ દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# કાલાવડઃ માઈનોર બ્રિજના કામનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ નગરપાલિકા માં સરકાર દ્વારા વિકાસના કામ અર્થે ફાળવેલ ગ્રાન્ટમાંથી ૮૦.૨૩ લાખના ખર્ચે માઈનોર બ્રીજના કામનું કાલાવડ ના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા અને નગરપાલિકા પ્રમુખ ી રંજનબેન પ્રફુલ્લભાઈ રાખોલીયા હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

આ વિકાસ કાર્યમાં નગરપાલિકા ઉપપ્રમુખ દયાબેન ઝાપડા, કારોબારી સમિતિનાં ચેરમેન અશ્વિનભાઈ ઝીઝુવાડીયા, જીલ્લા ભાજપ મહામંત્રી અભિષેકભાઈ પટવા, કાલાવડ શહેર ભાજપ પ્રમુખ નિરવભાઈ ભટ્ટ, મહામંત્રી કીશોરભાઈ નિમાવત, મીતભાઈ ફળદુ, કાલાવડ ભાજપ પુર્વ પ્રમુખ હસુભાઈ વોરા સહીતના ભાજપના આગેવાનો સહીત શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડઃ ચણાનો પૂરતો ભાવ મળતા ખેડુતો ખુશ



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ તાલુકા માં ચણા ની ખરીદી કેન્દ્ર કાલાવડ તાલુકાના છતર સેવા સહકારી મંડળી મારફત કરવામાં આવે છે. જે કેન્દ્ર મા દરરોજ ૪૦૦ ખેડૂતો ને ચણા લઈ ને બોલાવવા માં આવે છે. ખેડૂતો ને ચણા ના ૨૦ સ.લ. ના ૧૧૩૦ રૂ ખરીદી.કેન્દ્ર થી ભાવ મળે છે જે હાલ બજાર ભાવ કરતા પણ વધુ હોય જેથી ખેડૂતો માં ખુશી જોવા મળી છે. ખરીદી કેન્દ્ર મા અત્યાર સુધી ૪૦૦૦ હજાર ની આસ પાસ ખેડૂતો ને ચણા વેચાણ માટે બોલાવી લીધા છે. અને હજુ ૯૦૦૦ જેટલા ખેડૂતો ને પણ આવતા પચાસ દિવસ માં બોલાવી ચણા ખરીદી કરવામાં આવશે. ચણા વેચાણ કર્યા પછી ખેડૂતો ને પંદર દિવસમાં જ તેમના બેંક ખાતા મા રકમ જમા કરી આપવામાં આવે છે. અત્યાર સુધી મા એક પણ ખેડૂતો ના ચણા રિજેક્ટ કરાવવામાં આવ્યા નથી જે એક દાખલા રૂપ કહેવાય. હાલ ચણા ની ખરીદી થી ખેડૂતો પૂરા સંતુષ્ટ છે અને કેન્દ્ર મા ખરીદી સારી થઈ રહી છે તેવું ખેડૂતો કહી રહ્યા છે. છતર સેવા સહકારી મંડળી ના પ્રમુખ મનસુખભાઈ વાદી પણ જણાવી રહ્યા છે કે ખેડૂતો પોતાના ચણા લઈ આવે ત્યારે તેઓને ચા પાણી સહિત ની સુવિધા અને તદુપરાંત ખોટી રીતે હેરાન નો થાય તેની પૂરી તકેદારી રાખવામાં આવે છે.

## તોલમાપ વિભાગના રાજ્યવ્યાપી દરોડામાં

# ખાતર, બિયારણ, જંતુનાશક દવા અને ખેતીના સાધનો વેંચતા ૧૯૦ વેપારી દંડાયા

**એમ.આર.પી.થી વધુ ભાવ લેવા, વપરાતા ઈલેક્ટ્રોનિક વજનકાંટામાં જેવી ગેરરીતિઓ સામે આવી**



**અબતક, રાજકોટ**

સમગ્ર રાજ્યમાં નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા સામૂહિક ઝુંબેશરૂપે અલગ-અલગ જિલ્લાઓમાં આવેલા ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ તથા ખેતીના સાધનોના વિક્રેતાઓ પર આક્સ્મિક ચકાસણી હાથ ધરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન તોલમાપ તંત્ર દ્વારા કાયદા અને નિયમોની જોગવાઈઓનો ભંગ કરતા કુલ ૧૯૦ જેટલા વિક્રેતાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરીને અંદાજે કુલ રૂ. ૪.૯૫ લાખ જેટલો દંડ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં કરવામાં આવેલી તપાસણી દરમિયાન ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ તથા ખેતીના સાધનોના વિક્રેતાઓ પર એમ.આર.પી.થી વધુ ભાવ લેવા તેમજ ધંધામાં વપરાતા ઈલેક્ટ્રોનિક વજનકાંટા ચકાસણી મુદ્રાંકન ન કરાવવા જેવી ગેરરીતિઓ સામે આવી હતી. રાજ્યમાં ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓના વિક્રેતાઓ પાસેથી આવનાર ચોમાસાની ઋતુને ધ્યાને લેતા બહોળા પ્રમાણમાં પોતાના વપરાશ માટે ખેડૂતો ચીજવસ્તુઓની ઉતાવળે ખરીદી કરતા હોય છે. જેમાં ઘણી વખત તેમની પાસેથી વિક્રેતાઓ દ્વારા વધુ ભાવ લઈને અથવા ઘણી વખત ચીજવસ્તુના વજન-માપમાં પણ છેતરવામાં આવતા હોય છે.

આવા બનાવો ન બને અને ગ્રાહકો તરીકે ખેડૂતો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય અને છેતરાતા અટકે તેવા ગ્રાહક સુરક્ષાના વિશાળ હેતુથી કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યના ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ તથા ખેતીના સાધનોના વિક્રેતાઓ પર તંત્રના કાયદા અને નિયમોની જોગવાઈઓનું પાલન થાય તે માટે આ રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

## જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૧૧૦/૨૦૨૫

શ્રી સુરેશભાઈ મેઘજીભાઈ વડોદરીયા
રહે.સમઢીયાળા તા.વિંછીયા
જિ.રાજકોટ ..........અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી, સમઢીયાળા
તા.વિંછીયા ..........સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પુત્રશ્રી વિક્રમભાઈ સુરેશભાઈ વડોદરિયાનો જન્મ તા.૨૭-૦૧-૨૦૦૯ના રોજ વિંછીયા તાલુકાના સમઢીયાળા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૦૫/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે હાજર રહેવુ.તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
જસદણ

## જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૧૦૯/૨૦૨૫

શ્રી બટુકભાઈ નાનુરામભાઈ રામાનુજ
રહે.રેવાણીયા તા.વિંછીયા
જિ.રાજકોટ ..........અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી, રેવાણીયા
તા.વિંછીયા ..........સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પુત્રશ્રી લલિત બટુકભાઈ રામાનુજનો જન્મ તા.૧૦-૧૨-૧૯૮૬ના રોજ વિંછીયા તાલુકાના રેવાણીયા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૦૫/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે હાજર રહેવુ.તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
જસદણ

જા.નં. ૧૮૩૭ તા.૦૨/૦૫/૨૦૨૫

## મોરબી મહાનગરપાલિકા, ટેન્ડર નોટીસ: ૨૦૨૫

| ક્રમ | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ |
|---|---|---|---|
| ૧ | Animal Catcher Vehicle (ટ્રેક્ટર વીથ ટ્રોલી)-નંગ ૨ (ત્રીજો પ્રયત્ન) | ૧૧૨૫/- | ૨૦,૦૦૦/- |
| ૨ | કન્સ્ટ્રકશન અને ડિમોલિશન વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી (ત્રીજો પ્રયત્ન) | ૫૦૦૦/- | ૨૫૦૦૦/- |

| | |
|---|---|
| વેબસાઇટનું નામ | www.tender.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા. ૧૭/૦૫/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર જરૂરી ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૨૬/૦૫/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, ડેપ્યુટી કમિશ્નરશ્રી, મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ (જો શક્ય હોય તો) | તા. ૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે |

નોધ- ટેન્ડર મંજુર કરવું / નામંજુર કરવાની સત્તા મોરબી મહાનગરપાલિકાની રહેશે.

ડેપ્યુટી કમિશ્નર
મોરબી મહાનગરપાલિકા

માહિતી/રાજ/૧૮૦/૨૫-૨૬

તંત્રી લેખ

# જાતિ આધારિત વસતી ગણતરી દેશને નવી દિશા આપશે

કેન્દ્ર સરકાર દ્વારા જાતિ આધારિત વસતી ગણતરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિકાસની રાજનીતિમાં માનનારી મોદી સરકારે એકાએક જાતિ આધારિત વસતી ગણતરીનો જે નિર્ણય કર્યો છે. તેની પાછળ અનેક સમિકરણો હોવાનું મનાઇ રહ્યું છે. ભારતમાં દર ૧૦ વર્ષે વસતી ગણતરી કરવામાં આવે છે.

છેલ્લે ૨૦૧૧માં વસતી ગણતરી કરવામાં આવી હતી. ૨૦૨૧માં વસતી ગણતરી સામે કોરોનાની મહામારી નડી ગઇ હતી. જેના કારણે દેશની હાલની વસતીનો કોઇ સાચો આંકડો છે નહિં. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં જાતિ આધારિત વસતી ગણતરીનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્ય વિપક્ષ કોંગ્રેસ સહિતના મોટાભાગના પક્ષો વર્ષોથી જાતિ આધારિત વસતી ગણતરીની માંગણી કરી રહ્યા છે. પરંતુ કોઇ કારણોસર કેન્દ્રની મોદી સરકાર દ્વારા તેનો સ્વિકાર કરવામાં આવતો ન હતો.

અચાનક એવા તે ક્યા સમિકરણો રચાયા કે રાતોરાત કેન્દ્ર સરકાર જાતિ આધારિત વસતી ગણતરી માટે અચાનક રાજી થઇ ગઇ. મોદી સરકારના દરેક નિર્ણય પાછળ ખૂબ જ મોટા સમિકરણો કામ કરતા હોય છે. જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ અચાનક કેન્દ્ર સરકારે જાતિ આધારિત વસતી ગણતરીનો જે નિર્ણય લીધો છે.

તેની પાછળ કોઇ મોટી વ્યૂહરચના હોવાનું મનાઇ રહ્યું છે. કેન્દ્રના આ નિર્ણયને વિપક્ષ પોતાની જીત ગણાવી રહ્યું છે. પરંતુ મોદીના મગજને પારખવું ખૂબ જ અઘરૂં જ નહિં પરંતુ અશક્ય માનવામાં આવે છે. ટૂંક સમયમાં વસતી ગણતરી શરૂ કરવામાં આવશે અને ત્યારબાદ દેશની વસતીના સાચા આંકડા જાહેર કરવામાં આવશે. ક્યા સમુદાયની કેટલી વસતી છે તેના આધારે કેન્દ્ર સરકાર યોજનાઓ બનાવશે. ટૂંકમાં જાતિ આધારિત વસતી ગણતરી દેશને નવી દિશા અને દશા આપશે. તેમાં શંકાને કોઇ સ્થાન નથી. અમૂક નિશ્ચિત સમુદાય માટે થોકબંધ યોજનાઓ હોય છે. જ્યારે અન્ય સમાજ કે જેની વસતી વાસ્તવમાં ખૂબ વધુ છે. તેને જોઇએ તેટલા યોજનાકીય લાભો મળતા નથી.

# જૂનાગઢ: કૃષિ મંત્રી દ્વારા વિચરતી જાતિના લોકોને પર્સનલ લોનના ચેકનું વિતરણ

## જૂનાગઢ જિલ્લા સહકારી બેંક દ્વારા સહકારથી સમૃધ્ધિ સેમિનાર યોજાયો




**અબતક, રાજકોટ**

તાજેતરમાં ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી.,જૂનાગઢ દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫ અન્વયે સહકારથી સમૃધ્ધિ સેમીનાર, માર્કેટીંગયાર્ડ, ભેંસાણ ખાતે યોજાયેલ આ સેમીનારમાં મુખ્ય મહેમાન તરીકે રાજયના કૃષિ મંત્રી, રાઘવજીભાઈ પટેલ હાજર રહયા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૨૫ ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ તરીકે ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ નાનામાં નાનો માણસ સહકારી ક્ષેત્ર સાથે જોડાય અને આર્થિક રીતે સધ્ધર બને તેવો અભિગમ છે. આ સેમીનારમાં બેંકના ચેરમેન , કિરીટભાઈ પટેલએ પોતાના સંબોધનમાં જણાવેલ કે, આ બેંક પર સૌ પ્રથમ હકક ખેડૂતોનો છે અને ખેડૂતોના સંતાનોને આગળ ઉચ્ચ અભ્યાસ માટે જૂનાગઢ જીલ્લા સહકારી બેંક મદદરૂપ થવાનું આયોજન કરી રહી છે. નાનામાં નાના માણસને છત્ર આપવાનું કામ બેંક કરવા જઈ રહી છે, આ તકે વિચરતી-વિમુક્તિ જાતીના અંદાજીત ૫૦ કુટુંબોને એક કુટુંબ દીઠ રૂા.૫૦,૦૦૦/- સુધીનું ખુબજ નજીવા વ્યાજદરે લોનનાં ચેકનું કૃષિમંત્રીના હસ્તે વિતરણ કરેલ છે. બેંકમાં ભુતકાળમાં થયેલા ફ્રોક ના બનાવો હવે ન બને તે માટે બેંકમાં આધુનિક સીસ્ટમ અપનાવેલ છે. આ સેમીનારને સંબોધન કરતા કૃષિમંત્રી, રાઘવજીભાઈ પટેલે જણાવેલ કે, તેનો મને આનંદ છે. જીલ્લા બેંક તરફથી નાનામાં નાના માણસને અને ખેડૂતોને ઉપયોગી થવા અનેકવિધ યોજનાઓ ચાલી રહલે છે. જૂનાગઢનું સહકારી ક્ષેત્ર યુવા ચેરમેન, કિરીટભાઈ પટેલના નેતૃત્વમાં આગળ વધે છે, તે આનંદની વાત છે. આ સેમીનારમાં જીલ્લા બેંકના સીનીયર ડીરેકટર, પૂર્વ ચેરમેન અને પૂર્વ કેબીનેટ મંત્રી, જશાભાઈ બારડ, બેંકના ડીરેકટર વજુભાઈ મોવલીયા, પૂર્વ ધારાસભ્ય, હર્ષદભાઈ રીબડીયા તથા ભુપતભાઈ ભાયાણી, જીલ્લા ભાજપ પ્રમુખ, ચંદુભાઈ મકવાણા તેમજ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના સભ્યો અને વિશાળ સંખ્યામાં મંડળીઓના ખેડૂત સભાસદો હાજર રહયા હતા.

## સેવા, સાદગી અને સમર્પણના ત્રિવેણી સંગમ સમા

# માનવ સેવા એજ પ્રભુસેવાનું સૂત્ર સાર્થક કરતા સુરેશભાઇ સોની

## છેલ્લા ૩૬ વર્ષથી કુષ્ઠ રોગી, મંદબુધ્ધિના લોકોની સરાહનીય સેવા બદલ રાષ્ટ્રપતિના હસ્તે પદ્મશ્રી એવોર્ડ એનાયત

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠામાં હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે રાજેન્દ્રનગર ચોકડી પાસે આવેલ સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી સુરેશ હરિલાલ સોનીને દિલ્હી રાજભવનમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના હસ્તે પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પદ્મશ્રી એવોર્ડ મેળવી સુરેશ સોની પોતાની સંસ્થામાં પરત આવતા સહિયોગ સંસ્થા તથા શુભેચ્છકોએ સુરેશ સોનીનું ભવ્ય સ્વાગત કરીને અભિનંદન પાઠવ્યા હતા.



સેવા, સાદગી, સમર્પણનો ત્રિવેણી સંગમ સમા સુરેશ સોની છેલ્લા ૩૬ વર્ષથી સાબરકાંઠાની ધરાને પોતાની કર્મભૂમિ બનાવી તડછોડાયેલા કુષ્ઠ રોગી, મંદબુધ્ધિના ૧૦૦૦ થી વધુ દર્દીઓની સેવા કરી રહ્યા છે. મંદબુધ્ધિના ૨૫૦ જેટલા ૧૮ વર્ષથી મોટી ઉંમરના ભાઈઓને રાખવામાં આવે છે તેમજ ૮ વરસથી મોટી ઉંમરની ૧૮૬ દીકરીઓ અહીં રહે છે સત્કાર્યો માટે ક્યારે કોઈની સામે હાથ ફેલાવો પડ્યો નથી દાનવીરો સામેથી દાન આપે છે અને આ સંસ્થા ચાલે છે આ તબક્કે સંસ્થા માટે દાન આપનાર અને સેવામાં મદદ કરનાર શુભ ચિંતકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગારીયાધારમાં વાલમરામ બાપાનો પુણ્યતિથી મહોત્સવ ઉજવાયો



**અબતક, ચિરાગ જોબનપુત્રા, ગારીયાધાર**

ભાવનગર ના ગારીયાધાર માં વાલમરામ બાપા ની ૧૩૯ મી પુણ્યતિથીની ભવ્ય ઉજવણી કરી

ગારિયાધારમાં વાલમરામ બાપાનો પુણ્યતિથી મહોત્સવ ઉજવાયો

ગારિયાધારમાં સંત વાલમરામ બાપાની ૧૩૯ મી પુણ્યતિથીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સંત શ્રી વાલમરામ બાપાની પૂણ્યતિથિ મહોત્સવ તા.૨.૫.૨૫ શુક્રવારના ધર્મભાવી ભક્તિના અનેરા ઉત્સાહ સાથે ધામધૂમથી ઊજવામા આવી હતી બાપાની પૂણ્યતિથિ પ્રસંગે ચરણ પાદુકા પૂજન,આરતી,બટુક ભોજન મહા પ્રસાદ તેમાં ૧૪૦૦૦ લોકો પ્રસાદી લીધી હતી. શોભાયાત્રામાં માં દરેક જગ્યાએ સ્ટોલ મુકવા માં આવ્યા તા અનેક લોકો એ લ્હાવો લીધો હત્તો. સંત શ્રી વાલમરામ બાપાની ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી આ ભવ્ય શોભાયાત્રામાં ગારિયાધાર શહેર તેમજ આજુબાજુ પંથકના લોકો મોટી સંખ્યામાં જોડાયા તા .તેમજ રાત્રે ભવ્ય સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો .હજારોની સંખ્યામાં બાપાના ભક્તજનો સેવક સમુદાય ધર્મકાર્યમાં સહભાગી બન્યા હત્તા

# દ્વારકા: શારદાપીઠમાં આદ્ય શંકરાચાર્યજીની જન્મજયંતીની ભવ્ય ઉજવણી

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકા યાત્રાધામમાં જગતમંદિર સંલગ્ન આવેલ શારદાપીઠમાં સનાતન ધર્મના પ્રચારક એવા ભગવત્પાદ આદ્ય શંકરાચાર્યજીની જન્મ જયંતીની શારદાપીઠના વર્તમાન શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજના માર્ગદર્શન તથા નારાયણાનંદ બ્રહ્મચારીજીના નેજા હેઠળ ભકિતભાવપૂર્વક ઊજવવામાં આવી હતી. આ પ્રસંગે શારદાપીઠ શંકરાચાર્ય મઠ, દ્વારકામાં આવેલ ગુરૂગાદી ખાતે ભગવાન આદ્ય શંકરાચાર્યજીની પાદુકાનું પૂજન તથા ભગવાન શ્રી દ્વારકાધીશજીના ઉન્નત શિખર પર નૂતન ધ્વજાજીનું આરોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંતોના આશિર્વાદ સહ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા જેમાં બહોળી સંખ્યામાં સંતો-મહંતો, સામાજીક અગ્રણીઓ તથા શહેરના નામાંકિત અગ્રણીઓ



સહિત મોટી સંખ્યામાં સ્થાનીય ભાવિકો ઉપસ્થિત રહયા હતા.

# ચલાલાના ડો. જય વિઠલાણીએ ડો.એન.બી. કાર્ડીયોલોજી ડીગ્રી મેળવી સમસ્ત રઘુવંશી સમાજનું ગૌરવ વધાર્યુ

**અબતક,ચલાલા**

ચલાલા ના વતની અને હાલ રાજકોટ રહેતા વેપારી અગ્રણી ભુપેન્દ્રભાઈ વ્રજલાલભાઈ વિઠલાણી ના પુત્ર ડો. જય વિઠલાણી એ મેડીકલ ક્ષેત્ર મા અતિ મહત્વ ની DrNB Cardi-olog ડીગ્રી પ્રાપ્ત કરી સમસ્ત રઘુવંશીસમાજનુ અને ચલાલા શહેર નુ ગૌરવ વધારતા અમરેલી ના જાણીતા તબીબ અને અમરેલી લોહાણા મહાજન પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર ,અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના ના પ્રભારી અને અમરેલી જીલ્લા રઘુવીર સેના ના પ્રમુખ વિશાલભાઈ સોઢા, ગુજરાત રઘુવંશીસમાજ અગ્ણી ચંદ્રેશભાઈ રવાણી, રઘુવંશી શોર્ય સંગઠન



ગુજરાત ઉપ પ્રમુખ મહેશભાઈ નગદિયા,રાજકોટ વેપારી અગ્રણીઓ રજનીભાઈ વિઠલાણી,ભાવિકભાઈ ચંદારાણા,હસુભાઈ નગદીયા,સાવર કુંડલા સેવાભાવી સંસ્થા વિરદાદા જસરાજ સેના પ્રમુખ હિતેશભાઈ સરૈયા, અમરેલી જીલ્લા રઘુવીર સેના પ્રમુખો પ્રકાશભાઈ કારીયા, મહેશભાઈ મશરુ, પ્રીતેશભાઈ માનસેતા,સાવર કુંડલા અગ્રણી ધનશ્યામભાઈ મશરુ,ચલાલા લોહાણા મહાજન ના પુર્વ પ્રમુખ બાલાભાઈ સોઢા, ચલાલા લોહાણા મહાજન પુર્વ મંત્રી નરેન્દ્રભાઈ સાદ્રાણી,ચલાલા રઘુવંશી અગ્રણી નવનીતભાઈ નગદીયા, મુકેશભાઈ વિઠલાણી,જયેશભાઈ વિઠલાણી હરેશભાઈ વિઠલાણી,ઉમેશભાઈ રાજા,સંજયભાઈ કારીયા,સહીત ના રઘુવંશી શ્રેષઠીઓ એ ડો. જય વિઠલાણી ને ફુલડે વધાવી અંતરના આશિષ સાથે અંભિનંદન અને શુભકામનાઓ પાઠવી આંનદ ની લાગણી વ્યક્ત કરેલ છે.

# સાબરકાંઠા: જ્યોતિ હાઈસ્કુલના બે શિક્ષકોને અપાયું વિદાયમાન

## યોગીનીબેન ભટ્ટ - ભવાનસિંહ વાઘેલાને મોમેન્ટો આપી કરાયા સન્માનિત



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સંત નથુરામબાપા જ્યોતિ વિદ્યાલય ખેડબ્રહ્મા મુકામે છેલ્લા ૩૩ વર્ષથી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા યોગીનીબેન ભટ્ટ અને ભવાનસિંહજી વાઘેલાનો શુભેચ્છા સન્માન કાર્યક્રમ જેઠાભાઈ કે પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો.

બંને ગુરુજીઓનું શ્રીફળ સાલ અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે દેવી એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી રાજાભાઈ પટેલ અને જ્ઞાનવિહાર એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી પ્રફુલભાઈ પટેલ તથા સમગ્ર કારોબારી સભ્યો અને શાળાના સમગ્ર સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સુપરવાઈઝર રજનીકાંત વાલા તથા આચાર્ય સુરેશભાઈ પટેલે આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે ચાર તાલુકા સમાજ પ્રમુખ ખીમજીભાઈ પટેલ, કન્યા વિદ્યાલયના પ્રમુખ મણીભાઈ પટેલ, ખેડબ્રહ્મા સમાજ પ્રમુખ રવજીભાઈ પટેલની હાજરી નોંધનીય હતી. વિદાયમાં થનાર ગુરુજીઓ યોગીની બહેન ભટ્ટ અને ભવાનસિંહજી વાઘેલાએ શાળાના જુના સંસ્મરણો યાદ કરી અને ભાવુક થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાથમિક વડા ધીરૂભાઈ પરમારે કર્યું હતું. કાર્યક્રમને અંત સાયન્સ વિભાગના જીતુભાઈ પટેલ દ્વારા સૌને ભોજન આપવામાં આવેલ.

# ધ્રાંગધ્રા: પોલીસે નીટની પરીક્ષામાં વિદ્યાર્થીની આધાર કાર્ડની કોપી કઢાવી કલાસ સુધી પહોંચાડી

## વિદ્યાર્થીનીઓ આધાર કાર્ડ ભૂલી જતાં પોલીસે મદદ કરીને માનવતા મહેકાવી



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા માલવણ હાઈવે પર ઈસદ્રા ગામ નજીક જવાહર નવોદય વિદ્યાલય ખાતે નીટ ૨૦૨૫ ની પરીક્ષા યોજાઈ હતી જેમાં કાજલબેન ધીરુભાઈ ડાભી રહે સોનગઢ થાન, તનવીશ બાબુભાઈ પ્રજાપતિ રહે લખતર સહીત બે વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપવા ધ્રાંગધ્રા જવાહર નવોદય વિદ્યાલય ખાતે આવેલ હતી જેમાં પરીક્ષામાં બેસવા માટે આધારકાર્ડ ઘરે ભૂલીને આવેલ ત્યારે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ જવાનો દ્વારા પુરાવા તરીકે આધાર કાર્ડ કઢાવી પરિક્ષાખંડ સુધી પહોંચાડી પોતાની ફરજ સાથે માનવતા મહેકાવી હતી ધણી ફેરી વિધ્યાર્થીઓ ઉતાવળમા ફોટા પેન કોલ લેટર રિસિપ્ટ ભુલી જતા હોય છે તેને કારણે પરિક્ષાથી વંચિત રહેવું પડે છે ત્યારે આવો જ કીસ્સો આજે ધ્રાંગધ્રા તાલુકા વિસ્તારના જવાહર નવોદય વિદ્યાલય ખાતે નજરમા આવ્યો હતો નીટ ૨૦૨૫ ની પરીક્ષા યોજાઈ હતી જેમાં કાજલબેન ધીરુભાઈ ડાભી રહે સોનગઢ તાલુકો થાન, તથા તનવીશ બાબુભાઈ પ્રજાપતિ રહે લખતર વાળા હોય પરિક્ષા ખંડમા પ્રવેશ કરતા સમયે ઓળખ આઈડી તરીકે આધાર કાર્ડ સાથે ન રાખેલ જેની જાણ હાજર પરના તાલુકા પોલીસ કર્મચારી પીએસઆઈ પી એ સોલાંકી, હેડ કોસ્ટેબલ કરસનભાઈ તથા ભરતભાઈ વાઘેલા, નરેશભાઈ ભોજયા દ્વારા વિદ્યાર્થીને પોલીસ ની પીસીઆર વાનમા બેસાડી તાત્કાલિક સમય મર્યાદામાં ઈમરજન્સીમાં ઓનલાઈન આધાર કાર્ડ કઢાવી પરિક્ષાખંડમા પહોચતા કર્યા હતા.

# ભાટીયા: કિશોર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૧૭મો નેત્રયજ્ઞ

**અબતક, નેહુલ લાલ, ભાટીયા**

કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ-ભાટીયાના(આર્થિક સહયોગ)દ્વારા આયોજીત રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ -રાજકોટની હોસ્પીટલના નિષ્ણાંત ડો.ની ટીમ દ્વારા ભાટીયા મુકામે સરકારી દવાખાના માં યોજાયેલ ૧૧૭ માં આંખના કેમ્પ માં ૧૩૧ દર્દીઓનુ વીના મૂલ્યે નિદાન કરવામા આવેલ.



જેમા જરૂરીયાતવાળા દર્દીઓને ટીપા આપવામા આવેલ અને મોતીયાના ઓપરેશનની જરૂરીયાત વાળા ૪૬ દર્દીઓને હોસ્પીટલની બસ દ્વારા રાજકોટ લઈ જઈ ઓપરેશન કરી વિના મુલ્યે નેત્રમણી બેસાડી આપેલ સાથે ઓપરેશનની તમામ સારવાર, રહેવા,જમવા,ચા-નાસ્તો, ચશ્મા,દવા-ટીપા વગેરે વિના મુલ્યે આપવામા આવેલ અને કેમ્પના સ્થળે ભાટીયા મુકામે પરત મુકી જવામા આવેલ. આ કેમ્પમા ભાટીયાના ડાડુભાઈ, દેવેન લાલ,વીનુભાઈ, સાગર ઝાલા જીવનભાઈ,તથા સરદારજી વગેરેએ સેવા આપેલ આ કેમ્પનુ સંપુર્ણ સંચાલન કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ-ભાટીયાના પ્રમુખ-કિશોરભાઈ દતાણીએ વ્યવસ્થિત અને સુંદર રીતે સંચાલન કરી જહેમત ઉઠાવી સફળ બનાવેલ. ભાટીયા ખાતે આ કેમ્પ દર માસના છેલ્લા રવિવારે યોજવામા આવે છે.

# પડધરીના મોટા રામપર ગામે રસ્તાના કામમાં લોટ પાણીને લાકડા મુદ્દે ગ્રામજનોમાં રોષ

## ગ્રામજનોએ પૂર્વ સરપંચ સવિતાબેન ગડારા અને પૂર્વ ઉપસરપંચ મનીષ દોંગાનો વિરોધ કર્યો

**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

પડધરી તાલુકાના મોટા રામપર ગામમાં ગ્રામજનો ભેગા થઈ પૂર્વ સરપંચ સવિતાબેન મનસુખભાઈ ગડારા તથા પૂર્વ ઉપસરપંચ મનીષભાઈ દોંગા નો વિરોધ વ્યક્ત કર્યો હતો. મોટા રામપર ગામમાં અનેકવિધ રસ્તાઓ બે બે વાર બની ગયા હોવા છતાં અત્યારે એક જ વર્ષમાં રસ્તા ના નામો નિશાન રહ્યા નથી ગ્રામજનોનું કહેવું છે કે આ રસ્તાઓ બનાવવામાં ખરાબ મટીરીયલ વાપરી જૂની કહેવત મુજબ લોટ પાણી અને લાકડા કરી સરપંચ અને ઉપસરપંચે પોતાના ખિસ્સા ભરેલા છે. ૨૦૨૨ - ૨૩ માં વાસમો યોજના મંજૂર થઈ ગયેલ



હોવા છતાં પણ ગ્રામજનોને બે વર્ષ પછી પણ તેનો હજુ સુધી લાભ મળેલ નથી. ગ્રામજનોનું કહેવું છે કે ચોમાસામાં ઉપરવાસમાં કે નદીમાં ભારે વરસાદ થવાથી નદીનું પાણી ગામમાં ઘુશી જતું હોવાથી જિલ્લા પંચાયતમાંથી સંરક્ષણ દિવાલ મંજૂર થયેલ હતી. બે વર્ષ પૂર્ણ થઈ ગયા હોવા છતાં પણ હજુ સુધી આ સંરક્ષણ દિવાલ બની નથી અને આની ગ્રાન્ટ બારોબાર ખવાઈ ગઈ હોવાનું ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. ગ્રામજનો સાથે વાતચીત કરવામાં જાણવા મળ્યું કે સરપંચ દ્વારા અવારનવાર અનેક ગ્રાન્ટોમાં પૈસા બારોબાર ખવાય જવાય છે તથા રોડ રસ્તા ના કામ પણ ખૂબ જ નબળી કોલેટી ના બનાવવામાં આવે છે જેથી બચતા રૂપિયા પોતાના ખિસ્સા ભરી શકે. એક બાજુ ભાજપ સરકાર ગ્રામ વિકાસ યોજના ના લાભોથી તમામ ગામોને સુખ સુવિધા સંપન્ન બનાવવા માંગે છે ત્યારે આવા સરપંચો તથા ઉપસરપંચો ક્યા સુધી આવી ઘાલમેલ કરતા રહેશે તે મોટો સવાલ છે.

# લાઠી: હમીરજી ગોહિલ સર્કલથી સરદાર સર્કલ સુધીના રોડને બનાવાશે 'આઈકોનિક'

## શહેરના લોકોની સુવિધામાં વધારો તેમજ બ્યુટીફીકેશન જ નહી પરંતુ ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થશે

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી શહેરના મહત્વપૂર્ણ અને વ્યસ્ત માર્ગ સમાન લાઠી રોડના હમીરજી ગોહિલ સર્કલ (બાયપાસ ચોકડી) થી લઈ સરદાર સર્કલ (સેન્ટર પોઈન્ટ) સુધીના ભાગનું વિસ્તૃત માર્ગ નવનિકરણ, બ્યુટિફિકેશન તથા સીસી રોડના વિકાસ માટે ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.




આ મહત્વકાંક્ષી વિકાસ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક તથા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તેમજ લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા. સાથે સાથે અમરેલી નગરપાલિકાના પ્રમુખ, નગરસેવકો, તથા શહેર ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ખાતમુહૂર્ત સમારંભ દરમિયાન ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ શહેરના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સહાય અને તેમના વ્યકિતગત પ્રયાસોથી અમરેલીમાં અમલમાં મૂકાયેલા વિવિધ વિકાસ કાર્યો અંગે વિસ્તૃત માહિતી આપી. તેમણે જણાવ્યું હતું કે, લાઠી રોડ ઉપર વાયડનિંગ અને બ્યુટિફિકેશનના કામથી ન માત્ર ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થશે, પરંતુ સમગ્ર શહેરનું સૌંદર્ય અને આકર્ષણ પણ વધી જશે.આ વિકાસ યોજનામાં, પાવરફુલ એલઇડી લાઈટિંગ, વોકવે, લીલોતરી ઝાંખાં અને સીસી રોડ જેવી આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આથી શહેરના નાગરિકોને સુરક્ષિત અને આરામદાયક માર્ગ વ્યવસ્થાનો લાભ મળશે.સ્થાનિક નાગરિકોમાં પણ આ વિકાસ કામના આરંભથી ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. તેઓએ ધારાસભ્યએ કરવામાં આવેલા પ્રયત્નો માટે આભાર વ્યક્ત કર્યો અને સમગ્ર કામગીરી સમય મર્યાદા પૂર્ણ થાય તેવી શુભકામનાઓ આપી હતી.

# સાયલામાં દારૂનું કટીંગ થાય તે પૂર્વે એસએમસી ત્રાટકી : રૂ.૧.૧૯ કરોડનો શરાબ ઝડપાયો

## પશુચારાની આડમાં ટ્રકમાં સંતાડી લાવવામાં આવેલી ૧૦૩૬૩ બોટલ દારૂ, ત્રણ વાહનો, રોકડ સહિત કુલ રૂ.૧.૬૧ કરોડનો મુદ્દામાલ કબ્જે



### હરિયાણાનાં ટ્રક ચાલક અને ક્લિનરની ધરપકડ : સાયલાની બુટલેગર બેલડી સહિત ૩૧ની શોધખોળ

**અબતક, રાજકોટ**

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વધુ એકવાર ઝાલાવાડ પંથકમાં દરોડો પાડી રૂ ૧.૧૯ કરોડની કિંમતની ૧૦૩૬૩ શરાબની બોટલ કબ્જે કરી ટ્રક ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી છે. દારૂનું કટીંગ થાય તે પૂર્વે જ ત્રાટકી એસએમસીએ શરાબ, વાહનો, રોકડ અને પશુચારા સહીત રૂ. ૧.૬૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો પંજાબથી મંગાવનાર સાયલાનાં બે બુટલેગર, દારૂના ટ્રક આગળ પાયલોટિંગ કરનાર શખ્સોં સહીત કુલ ૩૧ ની શોધખોળ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લીપ્ત રાય અને ડીવાયએસપી કે ટી કામરીયાના માર્ગદર્શન હેઠળ દારૂ જુગારની બદ્દી ડામવા એસએમસીની ટીમો પ્રયત્નશીલ હતી. દરમિયાન પીએસઆઇ એસ વી ગળચરની ટીમને બાતમી મળી હતી કે, સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના વાટાવછ ગામની સીમમાં દારૂનો મોટો જથ્થો ઉતારી કટીંગ કરવામાં આવનાર છે જે બાતમી મળતાની સાથે જ એસએમસી પીએસઆઇ એસ વી ગળચરની ટીમ વાટાવછ ગામે દોડી ગઈ હતી.

બુટલેગર ટોળકી દારૂનું કટીંગ કરી સૌરાષ્ટ્રના અલગ અલગ છેડે મોકલે તે પૂર્વે જ એસએમસીએ દરોડો પાડી પશુચારાની આડમાં ટ્રકમાં છુપાવીને લાવવામાં આવેલ રૂ. ૧,૧૯,૫૯,૯૦૦ ની કિંમતની ૧૦૩૬૩ દારૂની બોટલ કબજે કરી હતી. એસ.એમ.સી ટીમે પંજાબ ખાતેથી દારૂનો જથ્થો ટ્રકમાં ભરીને લાવનાર ચાલક રિતેશ ધર્મપ્રકાશ ડાગર (રહે. છપ્પર,હરિયાણા) અને કલીનર પંકજ કરનાલસિંહ ડાગર (રહે. છપર,હરિયાણા)ની ધરપકડ કરી દારૂ, ત્રણ વાહન, રોકડ, પશુ ચારો સહિત રૂ.૧,૬૧,૦૮,૯૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

મામલામાં એસએમસીએ ટ્રક ચાલક અને કલીનરની ધરપકડ કરી દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગર દેવેન્દ્ર ઉર્ફે ડેંડો ભરત બોરીચા (રહે સુદામણા, સાયલા, સુરેન્દ્રનગર), અન્ય બુટલેગર દશરથસિંહ ચંદુભા ઝાલા (રહે સુદામડા, સુરેન્દ્રનગર) ઉપરાંત ફોર વ્હીલ કારમાં પાયલોટિંગ કરનાર છત્રપાલ ઉર્ફે સત્તુ દરબાર, બે પિકઅપના ચાલક અને માલિક, ટ્રક માલિક, સ્વીફ્ટ કાર અને મહિન્દ્રા થાર સહિતની કારના ચાલક અને માલિક મળી અને પંજાબ ખાતેથી દારૂનો છઠ્ઠો ભરી મોકલનાર સોનુ શેઠ નામના શખ્સ મળી કુલ ૩૧ ની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

### વધુ એકવાર સાયલા પોલીસ ઉંઘતી ઝડપાતા રેન્જ આઈજી લાલઘુમ

**સાયલા પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે એક મહિનાની અંદર ત્રણ વખત દરોડા પાડી કેમિકલ અને દારૂની કટિંગ ઝડપી પાડતા સાયલા પોલીસ શરમજનક સ્થિતિમાં મુકાઇ હતી. જેના પગલે ગત શનિવારે જ રેન્જ આઇજીએ સાયલ પોલીસ સ્ટેશનના નવ પોલીસ કર્મીની બદલી કરી હતી જયારે મહિલા પી.એસ.આઇ. એમ.કે.પરમારને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સાયલા તાલુકાના ઢાંકણીયાની સીમમાં એસએમસીની ટીમે ૨૯મી એપ્રિલના રોજ દરોડા પાડી રૂ. ૭૮ લાખનો દારૂ, ટ્રક, પીકઅપવાન સહિતનો રૂ.૧.૩૧ કરોડનો મુદ્દામાલ કબજે લેવાયો હતો જયારે દરોડા સમયે બુટલેગર સહિતના આરોપીઓ નાસી છૂટયા હતા. જે બાદ રેન્જ આઇજી દ્વારા આકરા પગલાં સ્વરૂપે નવ પોલીસમેનોની બદલી કરવામાં આવી હતી જયારે પીએસઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. બાદમાં ફરીવાર એસએમસીએ દરોડો પાડી પઝેશન રેડ કરતા રેન્જ આઈજી લાલઘુમ થયાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે અને ટૂંક સમયમાં જ આકરા પગલાં લેવાય તેવી શક્યતા છે.**

# મુળી: ધોળીયા ગામેથી કાર્બોસેલનું ખનન ઝડપાયું

### ૭ ચરખી, ૭ બકેટ અને ગેરકાયદેસર કાર્બોસેલ સહિત રૂ.૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

મુળી તાલુકાના ધોળીયા ગામના સબ સ્ટેશન પાછળ ગેરકાયદેસર કાર્બોસેલનું ખનન થતું હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જેને ધ્યાને લઈ ચોટીલા પ્રાંત અધિકારી તેમજ મુળી મામલતદાર સહિતની ટીમે સરપ્રાઈઝ તપાસ અને રેઈડ કરી હતી તે દરમ્યાન લાખોની કિંમતની ખનીજ ચોરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ મુળી તાલુકાના ધોળીયા ગામની સીમમાં ભુમાફીયાઓ દ્વારા કાર્બોસેલનું ખનન અને વહન થતું હોવાની વ્યાપક ફરિયાદોને ધ્યાને ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી.મકવાણા તેમજ મુળી મામલતદારની સંયુક્ત ટીમે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું હતું જે દરમ્યાન ગેરકાયદેસર કાબોસેલના ૭ કુવાઓ, ૭ચરખી, ૭ બકેટ અને અંદાજે ૬૦ ટન ગેરકાયદેસર કાર્બોસેલ સહિત કુલ રૂા.૧૧ લાખનો મદામાલ કબ્જે કર્યોહતો. આ ઉપરાંત કાર્બેસેલના કુવાઓની બાજુમાંથી ૨૦ મીટર સેફટી ફયુઝ, ૧૦૦ નંગ ડિટોનેટર તેમજ ૨૫ મીમી સુપર પાવર ન્યુ નાઈટી વિસ્ફોટક (ભડાકા) નંગ-૭ સહિતનો મુદ્દામાલ પણ કબ્જે કર્યો હતો જ્યારે રેઈડ દરમ્યાન ઝડપાયેલ તમામ મુદ્દામાલ કબ્જે કરી થાન મામલતદાર કચેરી ખાતે સીઝ કરવમાં આવ્યો હતો. ચોટીલા પ્રાંત અધિકારીની રેઈડથી ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

# સુરેન્દ્રનગર: એલઆઈસી સોસાયટીમાં યુવકને ફડાકો ઝીંકયો

### ગટરની ફરિયાદ લખાવવાની ના પાડતા સોસાયટીમાં જ રહેતા શખ્સે લાફો ઝીંક્યાની ફરિયાદ

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ શહેરના ઉપાસના સર્કલ પાસે આવેલ રહેણાંક વિસ્તારમાં ગટરની કંમ્પલેઈન કરવા બાબતે શખ્સને ગાળો આપી લાફો ઝીંકી જાનથી મારી નાંખવાની ધમકી અંગે ભોગ બનનાર શખ્સે બી-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણ ઉપાસના સર્કલ પાસે આવેલ એલઆઈસી સોસાયટીમાં રહેતા ફરિયાદી રવિકુમાર જયદિપકુમાર ઓઝાના ઘરની સામેની સાઈડ ગટર ઉભરાતી હોય સોસાયટીમાં જ રહેતા શિવરાજસિંહ ઉર્ફે કૃષ્ણસિંહે ફરિયાદીને સુરેન્દ્રનગર મનપા કચેરીનો નંબર આપવાનું જણાવી તેમાં ફોન કરી ગટરની ફરિયાદ લખાવવાનું જણાવતા ફરિયાદીએ આ ગટર સાથે તેઓને કાંઈ લેવા દેવા નથી અને ગટર બીજા કોમ્પલેક્ષની હોય પોતે ફરિયાદ નહિં લખાવે તેમ જણાવતા ફરિયાદી સાથે બોલાચાલી અને ગાળાગાળી કરી એક લાફો ઝીંક્યો હતો અને ફરિયાદીનો હાથ મચકોડી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ બી-ડિવીઝન પોલીસ મથકે શિવરાજસિંહ ઉર્ફે કૃષ્ણસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# દિલ્હીમાં સીમા હૈદર પર હુમલો કરનાર સુરેન્દ્રનગરના યુવકના ઘરે નોઈડા પોલીસની તપાસ

### સીમા હૈદર સાથે સોશિયલ મીડિયામાં સંપર્ક બાદ યુવક નોઈડા પહોંચ્યો હતો: માતા-પિતાના અવસાન બાદ યુવાન માનસીક અસ્થિર હોવાનું ખુલ્યુ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દિલ્હીના નોઈડા ખાતે રહેતી પાકિસ્તાની સીમા હૈદર પર યુવક દ્વારા હુમલાનો ચકચારી બનાવ બન્યો હતો જેની તપાસ દરમ્યાન હુમલો કરનાર યુવક સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં રહેતો હોવાનું બહાર આવ્યું હતું અને નોઈડા પોલીસે સ્થળ પરથી જ હુમલો કરનાર યુવકને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

દિલ્હીના નોઈડા ખાતે રહેતી પાકિસ્તાની સીમા હૈદર સાથે સુરેન્દ્રનગરના ટી.બી.હોસ્પીટલ પાછળના વિસ્તારમાં રહેતા યુવક તેજસ જયેન્દ્રભાઈ જાનીની સોશ્યલ મીડીયા પર ઓળખાણ થઈ હતી અને ત્યારથી યુવકે સીમા હૈદરને મળવાનું નક્કી કર્યું હતું આથી સુરેન્દ્રનગરથી સીમા હૈદરને મળવા માટે યુવક ટ્રેન મારફતે રાબુપુરા વિસ્તારમાં રહેતી સીમા હૈદરના ઘરે પહોંચ્યો હતો જ્યાં યુવકે તેણીના ઘરના દરવાજાને પાટુ મારી અંદર ઘુસ્યો હતો અને સીમા હૈદરનું ગળું દબાવી ત્રણ થી ચાર ઝાપટ મારી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જે અંગે ભોગ બનનાર સીમા હૈદરે પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ પર પહોંચી હુમલો કરનાર સુરેન્દ્રનગરના યુવક તેજસ જાનીને ઝડપી પાડ્યો હતો અને કસ્ટડીમાં લઈ વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે હુમલો કરનાર યુવકની પુછપરછ કરતાં સીમા હૈદરે તેના પર કાળુ જાદુ કર્યો હોવાનું જણાવ્યું હતું જ્યારે ત્યાંના સ્થાનીક એસ.પીના જણાવ્યા મુજબ હુમલો કરનાર યુવક માનસીક રીતે અસ્થિર હોવાનું પણ સામે આવ્યું છે. જે બનાવને પગલે સુરેન્દ્રનગર એ-ડિવીઝન પોલીસ સ્ટાફ પણ શહેરના ઓમનગર વિસ્તારમાં ટી.બી. હોસ્પીટલ પાછળ રહેતા અને હુમલો કરનાર યુવક તેજસ જાનીના ઘરે તપાસ અર્થે પહોંચ્યા હતા પરંતુ યુવકના ઘેર તાળા લાગેલા હતા અને પ્રાથમિક તપાસ તેમજ આસપાસના લોકોના જણાવ્યા મુજબ છેલ્લા ૧૦ વર્ષ કરતા પણ વધુ સમયથી યુવક આ વિસ્તારમાં રહેતો હતો અને તેના માતા-પિતાનું અવસાન થઈ ગયું હોય ઘરે એકલો રહેતો હોવાનું અને માનસીક રીતે અસ્થિર હોવાનું તેમજ બે-ત્રણ દિવસથી ઘરે થી ગુમ થયો હોવાનું પણ જણાવ્યું હતું.

# જૂનાગઢ: જૂની અદાવતમાં યુવકની કરપીણ હત્યા

### ત્રણ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરવા પોલીસની દોડધામ

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના મજેવડી ગામે જૂની અદાવતના કારણે એક યુવકની છરી અને તલવારના ઘાં ઝીંકી હત્યા કરાતા મજેવડી ગામમાં સનસનાટી મચી જવા પામી હતી. દરમિયાન આ હત્યાના આરોપીઓને પકડી પાડવા પોલીસે ત્રણ ટીમો બનાવી આરોપીઓની શોધખોડ જારી કરી છે.

જુનાગઢ તાલુકાના મજેવડી ગામે શનિવાર સાંજના ૬:૩૦ વાગ્યાના અરસામાં ૨૫ વર્ષીય રિયાઝ અલ્લારખાભાઈ ભટ્ટી નામના યુવકને દૂધની ડેરી પાસે આવેલા અતુલ કારખાના સામે સદામ કાસમ સિપાઈ, સમીર ચકાભાઈ હોથી અને એક અજાણ્યા શખ્સે તલવાર, છરી વડે હાથ, પગ અને ગોઠણના ભાગે ઘાતક ઈજાઓ કરી હત્યા કરી નાખી હતી. આ બનાવથી ગામમાં સોપો પડી જવા પામ્યો હતો, અને પોલીસને જાણ કરાતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી તથા મૃતદેહને હોસ્પિટલ ખસેડી પોસ્ટમોર્ટમની સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

આ ઘટના અંગે જુનાગઢ ડી.વાય.એસ.પી. હિતેશ ધાંધલીયાના જણાવ્યા અનુસાર, અગાઉ મૃતક રિયાઝ અને સદામને કોઈ બાબતે માથાકૂટ થઈ હતી. જે મન દુઃખના કારણે રિયાઝની હત્યા થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

આ આ કેસમાં સદામ કાસમ સિપાઈ, સમીર ચકાભાઈ હોથી, અને એક અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તથા પોલીસ તપાસ ચાલુ છે. દરમિયાન હત્યા કરી આરોપીઓ નાસી ગયા છે ત્યારે આરોપીને પકડી પાડવા પોલીસ દ્વારા આ ત્રણ ટીમો બનાવાય છે અને આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

# ગોંડલ: ભોજપરામાં ગોડાઉનમાંથી ૨૦૦ મણ ઘઉંની તસ્કરી

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકા નાં ભોજપરા ગામે ખેડુત નાં ગોડાઉન માં રાખેલા રૂ.૧ લાખની કિંમત નાં ૨૦૦ મણ ઘઉં કોઇ તસ્કરો ગોડાઉન નાં તાળા તોડી ચોરી કરી જતા બનાવ અંગે તાલુકા પોલીસ માં ફરિયાદ થઇ છે. પ્રાપ્ત વિગત મુજબ ભોજપરા રહેતા મહેશભાઈ જેરામભાઈ સોરઠીયા નાં ખેતર માં વાવેલા ૨૬૦ મણ ઘઉં તેમના મિત્ર ભાર્ગવભાઈનાં બંધ પડેલા જલારામ જીનીંગ માં રાખ્યા હતા.મહેશભાઈ મિત્ર નાં બંધ જીનીંગનો ગોડાઉન તરીકે ઉપયોગ કરેછે.ગત તા.૨૧ નાં મહેશભાઈ ગોડાઉન માં ખેતીનાં સાધનો મુકવા ગયા હતા.બાદ માં તાળુ મારી પરત ફર્યા હતા.બાદમાં તા.૨૫ ની રાત્રે ઘઉં ભરવા જતા ગોડાઉન નું તાળુ તુટેલુ હોય અંદર જઇ નજર કરતા ઘઉં વેરવિખેર હતા.તપાસ કરતા અંદાજે ૨૦૦ મણ ઘઉંની ચોરી થયાનું જણાતા બનાવ અંગે તાલુકા પોલીસ માં ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રામાં પીજીવીસીએલના ટ્રાન્સફોર્મરના ફ્યુઝ ખુલ્લા: મોટી દુર્ઘટનાની ભીતિ

### સામાજિક કાર્યકરો દ્વારા નાયબ કાર્યપાલક એન્જિનિયરને તાત્કાલિક કાર્યવાહી કરવા રજુઆત

**અબતક**
**સલીમ ઘાંચી, ધાંગધ્રા**

ધાંગધ્રા શહેરી વિસ્તારમાં આવેલા પી.જી.વી.સી.એલ.ના ટ્રાન્સફોર્મરના ફ્યુઝ ખુલ્લા છે અને બાવળની ઝાડીઓ પણ ઉગી નીકળી છે જેમાં પીજીવીસીએલ ની પ્રી-મોન્સૂન કામગીરી ઉપર અનેક સવાનો ઉઠીરહા છે લોકો દ્વારા આ અંગે પી.જી.વી.સી.એલ.મા અનેક રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્ર કોઈ જ કાર્યવાહી હાથ ધરતું નથી તો શું પીજીવીસીએલ કોઈ મોટી જાન હાની થાય તેની રાહ જોઈ રહ્યું છે. તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે. ધ્રાંગધ્રા શહેરમાં વિવિધ વિસ્તારમાં આવેલા પી.જી.વી.સી.એલ.ના ટ્રાન્સફોર્મરના ફ્યુઝ ખુલ્લા છે અને બાવળની ઝાડીઓ પણ ઉગી નીકળી છે જેમાં પીજીવીસીએલની પ્રી-મોન્સૂન કામગીરી ઉપર અનેક સવાનો ઉઠી રહા છે લોકો દ્વારા આ અંગે પી.જી.વી.સી.એલ.મા અનેક રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્ર કોઈ જ કાર્યવાહી હાથ ધરતું નથી જ મા. ટ્રાન્સફોર્મરની આજુબાજુમાં બાવળ ની જાળીને અને ટ્રાન્સફોર્મની ફરતે લોખંડની જાળીઓ અને પ્રોટેક્શન આપેલી તે લોખંડની જાળીઓ તૂટી જતા તેને લઈને પીજીવીસીએલના શહેરી વિસ્તારના નાયબ કાર્યપાલક એન્જિનિયર સામાજિક કાર્યકરો દ્વારા રજૂઆત કરવામાં આવતા ઉડાવ જવાબ આપવામાં આવ્યા હતા. જેમ પીજીવીસીએલની પ્રી-મોન્સૂન કામગીરી ખાલી કાગળ ઉપર જ હોય તેવું દેખાય રહ્યું છે. પી.જી.વી.સી.એલ. દ્વારા ધાંગધ્રા શહેરમાં ટ્રાન્સફોર્મરની બહાર બાવળની ઝાડીઓ સાફ કરવામાં આવી નથી. યોગ્ય રીતે બાવળની જાળીઓની સફાઈ કરવામાં નહીં આવે તો શહેરમાં મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે.



# સાસણ: એસ.ટી.ની ઠોકરે બાઈક ચાલકનું મોત

### મેંદરડાના યુવકના મોતથી પરિવારમાં શોકનું મોત

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સાસણ નજીક એસટી બસે બાઈક અડફેટે લેતા મેંદરડાના ૧૭ વર્ષીય યુવાનનું ગંભીર ઈજા થતાં મોત નીપજ્યું હતું. સાસણના રામેશ્વર સોસાયટીમાં રહેતો ૨૭ વર્ષીય યુવાન ફેઝલભાઈ ફિરોજભાઈ નારેજા શનિવાર રાત્રીના બાઈક ઉપર ચિત્રોડ ગામ તરફ જઈ રહ્યો હતો ત્યારે સાસણથી એક કિલોમીટર દૂર સામેથી આવતી એસટી બસ જીજે ૧૮ ઝેડટી ૦૦૩૩ નંબરની બસના ચાલકે યુવકના બાઈકને અડફેટે લેતા યુવક બસની નીચે આવી જવાથી યુવકને ગંભીર બીજા થઈ હતી. બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે યુવકને મેંદરડા દવાખાને ખસેડાયો હતો પરંતુ ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો. જે અંગે મેંદરડા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે એસટી ડ્રાઈવર ના ચાલાક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાડલા નજીકથી રૂ૪૧.૨૩ લાખનો દારૂ-બિયર ભરેલો ટ્રક ઝડપાયો

### ૬૭૫૬ બોટલ દારૂ, ૧૧૯૮ બિયર ટીન, ટ્રક, રોકડ મળી કુલ રૂ.૫૧.૪૮ લાખના મુદ્દામાલ સાથે ટ્રક ચાલકની ધરપકડ



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ભાડલાના ભંડારીયા ગામ નજીકથી રાજકોટ રુરલ એલસીબી ટીમ અને ભાડલા પોલીસ દ્વારા રૂ. ૪૧.૨૩ લાખની કિંમતની ૬૭૫૬ દારૂની બોટલ અને ૧૧૯૮ બિયરના ટીન મળી રૂ. ૫૧.૪૮ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાનના ટ્રક ચાલક મહેશ પ્રભુ દયાલ શર્માની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો મગાવનાર અને મોકલનાર સહિત ચાર શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

ગત શનિવારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે જસદણ પંથકમાં દરોડો પાડી દેશી-વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યા બાદ રાજકોટ રૂરલ એલસીબી ટીમે ભાડલા પોલીસને સાથે રાખી ભંડારીયા ગામેથી ગઢડીયા ગામ જવાના રસ્તા પાસેથી વિદેશી દારૂનો જથ્થો ભરીને આવતો ટ્રક ટેલર ઝડપી લઈ અલગ અલગ બ્રાન્ડની કુલ ૬૭૫૬ દારૂની બોટલ અને ૧૧૯૮ બિયરના ટીન મળી કુલ રૂ.૪૧,૨૩,૯૬૦ નો શરાબ-બિયરનો જથ્થો કબજે કરી ટ્રક ડ્રાયવર મહેશકુમાર પ્રભુદયાલ શર્મા (રહે શાહપુરા, જયપુર, રાજસ્થાન) નામના ટ્રક ચાલકની ધરપકડ કરી છે.

રાજકોટ રૂરલ એલસીબી ટીમ અને ભાડલા પોલીસની ટીમે શરાબ બિયરના જથ્થા સાથે ટાટા કંપનીનો ટેલર, બે મોબાઈલ, રોકડ મળી કુલ રૂ. ૫૧,૪૮,૬૬૦ નો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મંગાવનાર, મોકલનાર અમિતકુમાર મહેશકુમાર શર્મા સહિત કુલ ચાર શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

આ કામગીરીમાં રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ, ભાડલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જે એચ સિસોદિયા, સાઈબર ક્રાઈમ સેલ શાખાના એએસઆઈ જયવીરસિંહ રાણા, એલસીબીના હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, ધર્મેશભાઈ બાવળીયા, વાઘાભાઈ આલ, રસિકભાઈ જમોડ, કોન્સ્ટેબલ મનોજભાઈ બાયલ, મહિપાલસિંહ ચુડાસમા, વિજયભાઈ સિંહાર, ભાડલા પોલીસ સ્ટેશનના એએસઆઈ અંકિતભાઈ ગામીત, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ ઝાપડીયા અને જયેશભાઈ ચાવડા સહિતના રોકાયા હતા.

# રાપર પાસે લેમિટ પેપર મિલમાં ભયાનક આગ, ૧૫ કલાક બાદ પણ આગના લબકારા

## મેજર કોલ જાહેર કરીને મોરબી ઉપરાંત હળવદ, ધ્રાંગધ્રા, રાજકોટ, ગોંડલ અને ધ્રોલથી ફાયર-ટીમોને બોલાવી

**અબતક, ઋષી મહેતા**

માળીયા-હળવદ હાઈવે પર અણીયારી ટોલનાકા નજીક રાપર ગામ પાસે આવેલ લેમિટ પેપરમિલના ગોડાઉનમાં પડેલા અંદાજે ૧૨ હજાર ટન વેસ્ટ પેપરમાં ગઈકાલે બપોરે આગ લાગી હતી. આગ એટલી વિકરાળ હતી કે મેજર કોલ જાહેર કરી વિવિધ શહેરોની ફાયર ટીમો બોલાવવી પડી હતી. આગને આજે સવારે ૧૫ કલાકના પ્રયાસ બાદ પણ માત્ર ૪૦ ટકા જ કાબૂમાં લઈ શકાય છે.





મોરબીના માળીયા-હળવદ હાઈવે પર અણીયારી ટોલનાકા નજીક રાપર ગામની સીમમાં આવેલી લેમિટ પેપરમિલમાં ગઈકાલે તા. ૪ મે, ૨૦૨૫ના રોજ સાંજે ૪ વાગ્યાના સુમારે ભયાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. પેપરમિલના ગોડાઉનમાં પડેલા લગભગ ૧૨ હજાર ટન જેટલા વેસ્ટ પેપરમાં આગ લાગી હતી, જેના કારણે આગ ઝડપથી વિકરાળ સ્વરૂપે ફેલાઈ હતી. પ્રાથમિક તબક્કામાં મોરબી ફાયર બ્રિગેડની બે ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ આગની તીવ્રતા વધુ હોવાને કારણે તાત્કાલિક મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હળવદ, ધ્રાંગધ્રા, રાજકોટ, ગોંડલ અને ધ્રોલ સહિત સુરેન્દ્રનગરથી પણ ફાયર ટીમો આગ બુઝાવવા માટે મંગાવવામાં આવી હતી. હાલમાં અંદાજે ૫ થી વધુ ફાયર ટીમો સતત પાણીનો મારો ચલાવી રહી છે. આજ રોજ સવારે ૭ વાગ્યા સુધી, એટલે કે લગભગ ૧૫ કલાકના સતત પ્રયાસ બાદ પણ આગમાં માત્ર ૪૦ ટકા કાબૂ મેળવ્યો હોવાની માહિતી મળી રહી છે, વધુ પડતા પવનને હિસાબે ફાયર વિભાગ દ્વારા 'કુલિંગ પ્રક્રિયા' શરૂ કરવામાં આવી છે જેથી આગ વધુ ન ફેલાય અને આગનું પ્રમાણ પણ કાબૂમાં લઈ શકાય. આગના કારણે ધુમાડો અડધો કિલોમીટર દૂરથી પણ દેખાઈ રહ્યો છે.

મામલતદાર પરમારના જણાવ્યા અનુસાર ઘટના અંગે સંપૂર્ણ તપાસ શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને પેપરમિલના ગોડાઉનમાં ફાયર સેફ્ટીના સાધનો હતા કે નહિ, તેના આધારે જવાબદારી નક્કી કરવામાં આવશે. પેપરમિલના માલિક રાજુભાઈએ જણાવ્યું હતું કે ગોડાઉનમાં પેપરનો મોટો જથ્થો હતો અને આગથી મોટું આર્થિક નુકસાન થવાની આશંકા છે.

હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. ફાયર વિભાગ અને સ્થાનિક તંત્ર આ આગને કાબૂમાં લેવા માટે સતત પ્રયત્નશીલ છે.

### ગૌરક્ષકોની સતર્કતા

# કતલખાને લઈ જવાતા ૨૧ અબોલ જીવોને બચાવ્યા

## બે ગાડીઓ ઝડપી ચાર આરોપીઓ સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લાના માળીયા નજીક ગૌરક્ષકોએ બાતમીના આધારે બે પીકઅપ ગાડીઓ રોકી હતી જેમાં કતલખાને લઈ જવામાં આવતા કુલ ૨૧ જીવો પકડાયા હતા. સ્થળ પર ગાડીઓ સાથે ચાર આરોપીઓ ઝડપી લેવાયા હતા અને તેમની સામે માળીયા પોલીસ મથકે પશુ ક્રૂરતા વિરોધી અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે.



મોરબીમાં શનિવાર તારીખ ૦૩ મે ના વહેલી સવારે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને અખિલ વિશ્વ ગૌ સંવર્ધન પરિષદ દિલ્હી - ગુજરાત રાજ્યને મળેલી ખાનગીરાહે મળેલ બાતમી મળી કે, કચ્છથી બે પીકઅપ બોલેરો ગાડીઓમાં જીવો ભરીને જામનગર અને અમદાવાદ તરફ કતલ માટે લઈ જવામાં આવતાં હતાં. મળેલ બાતમી આધારે ગૌરક્ષકો માળીયા પાસે ચેક પોઈન્ટ પર હતા. બાતમી મુજબના નંબર ધરાવતી બે બોલેરો પીકઅપ ગાડીઓ જીજે-૧૨-બીઝેડ-૪૨૨૪ અને જીજે-૧૨-બીવાય-૬૩૧૩ આવી પહોંચી હતી, જેથી તે બંને ગાડીઓને રોકી ચેક કરતાં એકમાં ૧૭ અને બીજીમાં ૪ એવું કુલ ૨૧ ભેંસવર્ગના પાડા મળ્યા, જેને ક્રૂરતાપૂર્વક ટૂંકા દોરડાથી બાંધેલા હતાં. પશુઓને હલનચલન ન રહે એ રીતે બાંધવામાં આવેલ હતા, ત્યારે પકડાયેલ આરોપીના પૂછપરછમાં કોઈ પાસ પરમીટ વગર જીવોને ગેરકાયદેસર રીતે જીવોને કચ્છ નખત્રાણાથી ભરી કતલખાને લઈ જવાઈ રહ્યા હતા. મોરબી ગૌરક્ષકોએ માળીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા, પોલીસે ચાર આરોપીઓ સામે પશુ ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પકડાયેલા તમામ જીવોને માળીયા ખાખરેચી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા છે.

આ સમગ્ર કામગીરીમાં સહભાગી રહેલા ગૌરક્ષક ટીમોમાં મોરબી વિશ્વ હિન્દુ પરિષદ - બજરંગ દળ, રાજકોટ, વિરમગામ, કચ્છ, લીમડી અને ચોટીલા જીલ્લાના જીવદયા ગૌરક્ષકનો સહયોગ મળ્યો હતો.

# વાંકાનેર: દેશી દારૂની ચાલુ ભઠ્ઠી સાથે એક પકડાયો, એક નાસી છૂટ્યો

**અબતક, ઋષીમહેતા**

વાંકાનેર તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે વિરપરથી ભીમગુડા જવાના રસ્તે પાણીના ખાડા પાસે રેઈડ કરી હતી,

પોલીસે બે પૈકી એકને પકડી લીધો હતો, જ્યારે બીજો નાસી છૂટ્યો હતો, પોલીસે સ્થળ ઉપરથી ગરમ-ઠંડો આથો, ગરમ દેશી દારૂ તથા દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીના સાધનો સહિત ૨૬,૨૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ, બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

માહિતી અનુસાર, વિરપર ગામથી ભીમગુડા ગામ જવાના રસ્તે પાણીના ખાડાઓ પાસે ખરાબાની જમીનમાં ભુદરભાઈ ડાંગરોચા દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવે છે, જે બાતમીને આધારે તુરંત ઉપરોક્ત સ્થળે વાંકાનેર તાલુકા પોલીસે રેઈડ કરી હતી, જ્યાં પહોચતા પોલીસને જોઈ ભુદરભાઈ તથા તેની સાથેનો ઈસમ ભાગવા લાગ્યા હતા, જેથી પોલીસે તેનો પીછો કરતા મુખ્ય આરોપી બાવળની કાંટ અને લાની ભરેલા ખાડાનો લાભ લઈને નાસી ગયો હતી, જ્યારે આરોપી ડાયાભાઈ મનજીભાઈ વીંજવાડીયા ઉવ.૫૦ રહે.ઓળ ગામ તા.વાંકાનેર વાળાને ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે સ્થળ ઉપરથી ગરમ આથો ૧૦૦ લીટર કિ.રૂ.૨૫૦૦/-, ઠંડો આથો ૪૦૦ લીટર કિ.રૂ.૧૦,૦૦૦/-, ગરમ દેશી દારૂ ૪૦ લીટર કિ.રૂ.૮,૦૦૦/- તથા દેશી દારીની ભઠ્ઠીની સાધન સામગ્રી કિ.રૂ.૫,૭૦૦/- એમ કુલ મળી કિ.રૂ.૨૬,૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. બીજીબાજુ દેશી દારૂની ભઠ્ઠીનો મુખ્ય સંચાલક આરોપી ભુદરભાઈ ચોથાભાઈ ડાંગરોચા રહે.વિરપર ગામ તા.વાંકાનેર વાળાને ફરાર જાહેર કરી, બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી, ભાગી છુટેલ આરોપીને પકડી લેવા તજવીજ હાથ ધરી છે.

# હળવદ: નવા દેવળીયા નજીક બંધ પડેલા ટ્રકના ઠાઠામાં ટ્રક ઘુસી જતા ચાલકનું મોત

**અબતક, ઋષી મહેતા**

કચ્છના ગાંધીધામ ખાતે ગીતાંજલી ટ્રાન્સપોર્ટમાં રહેતા મૂળ રાજસ્થાનના બ્યાવર જીલ્લાના ગોગેલા ગામના વતની અર્જુનસિંહ નારાયણસિંહ રાવત ઉવ.૩૪ એ હળવદ પોલીસ મથકમાં આરોપી ટ્રક રજી.નં. આરજે-૪૮-જીએ-૦૫૩૩ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૪/૦૫ના રોજ રાત્રીના અર્જુનસિંહનો કુટુંબી ભત્રીજો મોકમસીંગ ખુમાનસીંગ રાવત ગીતાંજલી ટ્રાન્સપોર્ટની ટ્રક રજી.નં. જીજે-૦૩-બીવી-૬૬૧૮ અમદાવાદથી ગાંધીધામ કોલસો ખાલી કરીને આવતા હોય તે દરમિયાન હળવદ માળીયા હાઈવે રોડ ઉપર નવા દેવળીયા ગામના બોર્ડ પાસે આરોપીએ પોતાના હવાલાવાળી ટ્રક રાતના સમયે રોડ ઉપર બંધ પડી ગયેલ હોવા છતા, ટ્રકની પાછળની સાઈડમાં સીગ્નલ તેમજ કોઈ રીફ્લેક્ટર કે આડશ ન કરી હોય જેને કારણે ટ્રકના પાછળના ઠાઠામા ફરીયાદી અર્જુનસિંહના કુટુંબી ભત્રીજાએ ગાંધીધામ ગીતાજંલી ટ્રાન્સપોર્ટની ટ્રક ભટકાય જતા, ટ્રકના આગળની કેબીનનો બુકડો બોલી જતા, ટ્રક ચાલક મોકમસીંગ કેબિનમાં દબાઈ જતા તેને માથાના ભાગે ગંભીર ઈજા થતા સ્થળ ઉપર જ મરણ ગયેલ હોય. જ્યારે બંધ પડેલ ટ્રક ચાલક આરોપી પોતાના હવાલાવાળી ટ્રક સ્થળ ઉપર મુકી નાશી ગયો હતો. હાલ હળવદ પોલીસે આરોપી બંધ ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની તપાસ શરૂ કરી છે.

# હળવદના માલણીયાદ ગામે કૂવામાં ડૂબી જતાં ખેડૂતનું મોત

**અબતક, ઋષી મહેતા**

હળવદ તાલુકાના નવા માલણીયાદ ગામે રહેતા કૌશીકભાઈ હિંમતભાઈ ડાભી ઉવ.૨૦ ગઈકાલ તા.૦૪/૦૫ ના રોજ માલણીયાદ ગામે આવેલ પોતાની વાડીએ હોય તે દરમિયાન કોઈ કારણસર પોતાની વાડીમા આવેલ પાણી ભરેલ કુવામા પડી જતા ડુબી જતા કૌશીકભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે મરણ જનારની લાશ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, હાલ હળવદ પોલીસની તપાસમાં મૃતકના કુટુંબીજન હસમુખભાઈ અંબારમભાઈ ડાભી ઉવ.૫૦ પાસેથી મૃત્યુના બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# સનમુન સ્પાની આડમાં દેહ વ્યાપારનો પર્દાફાશ, બેની અટક

## સર્કિટ હાઉસ પાસે આવેલા વિકાસ ચેમ્બરમાં ચાલતી હતી ગેરકાયદે પ્રવૃત્તિ, સીટી બી ડિવિઝન પોલીસે દરોડા પાડી કાર્યવાહી કરી

**અબતક, ઋષીમહેતા**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે સનમુન સ્પા નામના સ્પા પાર્લર પર દરોડો પાડી દેહવિક્રય જેવી અયોગ્ય પ્રવૃત્તિ કરતા બે આરોપી માલીકોની અટકાયત કરી છે.

મોરબી શહેરના સર્કિટ હાઉસ વિસ્તારમાં આવેલા વિકાસ ચેમ્બરમાં ચાલતી સનમુન સ્પા નામની જગ્યાએ દેહવિક્રય જેવી પ્રવૃત્તિઓ ચાલતી હોવાની મળેલ બાતમીને આધારે સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા દરોડો કરવામાં આવ્યો હતો.

આ દરોડા દરમિયાન સ્પાના માલિક ભાવેશભાઈ સદાશીવભાઈ ખમકાર(મરાઠી)ઉવ.૩૦ રહે.હાલ સનમુન સ્પા મૂળરહે. ડો.છગલલાલની ચાલી સયાજીગઢ વડોદરા શહેર તથા રાહુલભાઈ વિનોદભાઈ સોલંકી ઉવ.૨૬ રહે.અમરેલી ગામ તા.મોરબી વાળા પોતાની ભાગીદારીમાં સ્પા ચલાવી રહ્યા હતા અને તેમના કબજાવાળી જગ્યામાં બહારથી મહિલાઓ લાવી તેમને સ્પામાં રાખીને, સ્પામાં આવતા ગ્રાહકોને સ્પા અને બોડી મસાજના નામે દેહસુખ માણવા માટેની સવલતો પુરી પાડી કથિત રીતે કુટણખાનું ચલાવતા હતા, ત્યારે બી ડિવિઝન પોલીસ ટીમે પીઆઈ એન.એ.વસાવાની રાહબરી હેઠળ બંને આરોપીઓની અયકાયત કરી તેની વિરુદ્ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ મુજબ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર: જુગાર રમતા ત્રણ ઈસમોની રૂ.૧૦,૩૦૦ સાથે ધરપકડ

**અબતક, ઋષી મહેતા**


વાંકાનેર ટાઉનના ગ્રીન ચોક પાસે ખોજાખાના પાછળ આવેલ ખુલ્લા પટ્ટમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા અશરફભાઈ કરીમભાઈ રફાઈ ઉવ.૨૮, જુમાભાઈ સુલેમાનભાઈ રફાઈ ઉવ.૨૪બન્ને રહે.ટંકારા ખારા વિસ્તાર કલ્યાણપુર રોડ તથા નિજામભાઈ ફકીરમામદભાઈ રફાઈ ઉવ.૨૨ રહે. મોરબી વીસીપરા વાળાને વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે આરોપીઓ પાસેથી રોકડા ૧૦,૩૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર: બે બુટલેગર પાસાના પિંજરે પુરાયો

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર શહેરમાં અગાઉ ઈંગ્લીશ દારૂના ગુન્હાઓમાં ઝડપાયેલા બે બુટલેગરની પાસા દરખાસ્ત મંજુર થતા, આરોપીને વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા પાસા વોરંટની બજવણી અંતર્ગત અટક કરી જેલ હવાલે કરવામાં આવ્યો છે.

વાંકાનેર સીટી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અગાઉ ઈંગ્લીશ દારૂના ગુન્હાઓમાં ઝડપાયેલ અમીર ઉર્ફે કાળુ અબ્દુલભાઈ મોગલ ઉવ.૪૨ રહે. ચંદ્રપુર નવા માર્કેટ યાર્ડ પાસે વાંકાનેર વિરુદ્ધ જીલ્લા મેજીસ્ટ્રેટ મોરબી દ્વારા પાસા વોરંટ મંજુર કરાયેલો હતો.



પાસા વોરંટની કાર્યવાહી સબબ આરોપી અમીર ઉર્ફે કાળુને મધ્યસ્થ જેલ, ભાવનગર ખાતે જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

વાંકાનેર તાલુકા વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃતિ કરતા અને અગાઉ ઈંગ્લીશ દારૂના ગુન્હાઓમાં પકડાયેલ ઈમરાનભાઈ ઉર્ફે ભુરો ઈબ્રાહીમભાઈ પઠાણ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી, જીલ્લા મેજીસ્ટ્રેટ તરફ મોકલી આપતા, પાસા દરખાસ્ત મંજુર થઈ આવેલ હોય જેથી આરોપીને પકડી લેવા કવાયત શરૂ કરી હતી,

કોન્સ દિવ્યરાજસિંહ દેવેન્દ્રસિંહ ઝાલાને ખાનગીરાહે હકીકત મળેલ કે આરોપી ઈમરાન ઉર્ફે ભુરો વાંકાનેર બાઉન્ડ્રીએથી નીકળનાર છે. જેથી પોલીસ ટીમ વોચમા હોય તે દરમિયાન આરોપી વાંકાનેર બાઉન્ડ્રી ચેક પોસ્ટ પાસેથી પસાર થતા તેની અટકાયત કરી પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપેલ છે.

# વાંકાનેર: આઈપીએલ મેચ ઉપર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો, રૂ.૫,૮૦૦નો મુદામાલ જપ્ત

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર શહેર પોલીસે આઈપીએલ મેચ પર સટ્ટો રમતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. આરોપી પોતાના મોબાઈલ દ્વારા મેચની હારજીત અને રનફેર પર સોદા લખાવી રહ્યો હતો. પોલીસે રોકડા રૂ.૮૦૦ તથા રૂ.૫૦૦૦/-ની કિંમતનો મોબાઈલ મળી કુલ રૂ.૫,૮૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે.વાંકાનેર સીટી પોલીસે પૂર્વ બાતમીને આધારે ટાઉનના ગ્રીન ચોક પાસે રેઈડ કરી હતી, જ્યાં હુસેનભાઈ વાલીમામદ સેખા ઉવ. ૩૮ રહે.લક્ષ્મીપરા શેરી નં-૩ વાંકાનેર વાળો મોબાઈલ ફોન દ્વારા ટાટા આઈપીએલ ટી-૨૦ ક્રિકેટ મેચ ચેન્નઈ સુપરકિંગ્સ વિ. રોયલ ચેલેન્જર બેંગલોરની વચ્ચેની મેચ ઉપર હારજીત તથા રનફેર પર સટ્ટા માટેના સોદા લખાવી રહ્યો હતો. પોલીસે સ્થળ પર તપાસ કરતાં આરોપી પાસેથી રૂ.૮૦૦ રોકડા તથા રૂ.૫ હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫,૮૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડ્યો હતો. આરોપી પોતાના મોબાઈલ પરથી મોબાઈલ નં. ૮૪૬૯૨૭૮૮૭૦ વાળા મોરબીના શખ્સ સાથે સટ્ટા બાબતે વાતચીત કરી, બે સોદા લખાવ્યા હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે આરોપી હુસેનભાઈ તથા મોરબીના મોબાઈલ નંબર વાળા શખ્સ વિરુદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચરાડવા ગામે જુગાર રમતા ચાર ઈસમો ૪૬ હજાર સાથે ઝબ્બે



**અબતક, ઋષીમહેતા**

હળવદ તાલુકાના ચરાડવા ગામે ચરાડવા ગામની સીમ મહાકાળી આશ્રમની સામે ખરાબામાં લીંબડાના છાયડા નીચે ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી લેવામાં આવ્યા હતા, જેમાં જુગારની મજા માણતા આરોપી યુવરાજસિંહ ભીખુભા ઝાલા રહે.રણછોડરાય મંદિર પાસે ચરાડવા ગામ તા. હળવદ, લવજીભાઈ નાથાભાઈ ગોહિલ રહે.જુની કે.ટી. મીલ પાસે ચરાડવા તા. હળવદ, મનસુખભાઈ જીવાભાઈ સોલંકી રહે.ચરાડવા ગામ તા. હળવદ તથા બાબુલાલ પંજાભાઈ પરમાર રહે.આંદરણા ગામ તા.જી.મોરબી વાળાને રોકડા રૂ.૪૬,૦૦૦/- સાથે રંગેહાથ પકડી લઈ, તમામ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના રંગપર ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયા



**અબતક, ઋષીમહેતા**

વાંકાનેર તાલુકાના રંગપર ગામની સીમમા સુર્યકુપા કરીયાણા સ્ટોરની પાસે જાહેરમા ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા પ્રદીપભાઈ અનકભાઈ બછીયા ઉવ.30 રહે.રંગપર તા.વાંકાનેર, રવુભાઈ ઉર્ફે મુન્નાભાઈ જીલુભાઈ કાળીયા ઉવ.૩૬ રહે.ભલગામ તા.વાંકાનેર તથા સેમરાજ રાજુભાઈ ખાચર ઉવ.૨૦ રહે.રંગપર તા.વાંકાનેર વાળાને વાંકાનેર તાલુકા પોલીસ ટીમ દ્વારા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૦,૪૦૦/- સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાવધાન: સગીરને બાઈક ચલાવવા આપશો તો વાલીઓ સામે ગુનો નોંધાશે

## કિશોર બાઈક ચલાવતા પકડાયો, પિતા સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષી મહેતા**

મોરબીના માળીયા ફાટક નજીક ટ્રાફિક ચેકિંગ કામગીરી દરમ્યાન ૧૫ વર્ષીય કિશોર બાઈક ચલાવતો મળી આવતા પોલીસે નાબાલિકના પિતા સામે મોટર વ્હિકલ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. પિતા દ્વારા જાણકારી હોવા છતાં પણ બાળકને વાહન ચલાવવા આપવાના ગુના બદલ કાર્યવાહી હાથ ધરાઈ હતી.મોરબી શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશનની ટ્રાફિક ટીમ દ્વારા તા. ૦૩ મે ના રોજ માળીયા ફાટક નજીક ટ્રાફિક કામગીરીમાં હોય તે દરમિયાન એક નાબાલિક કિશોર બજાજ વિક્રાંત રજી.નં. જીજે-૩૬-ડી-૯૨૩૭ વાળું બાઈક ચલાવતા ઝડપાયો હતો. તેની પૂછપરછમાં કિશોરે પોતાનું નામ રાજ હરેશભાઈ વામજા ઉવ.૧૫ પ્રભુકૃપા રેસીડેન્સી, જાનકી એપાર્ટમેન્ટ, મોરબી-૨ હોવાનું જણાવ્યું. જે બાઈક તેના પિતાનું હોવાની માહિતી આપી હતી.આથી પોલીસે તુરંત કિશોરના પિતા હરેશભાઈ દેવરાજભાઈ વામજા ઉવ.૫૨ વાળાને સ્થળ ઉપર બોલાવ્યા હતા. અને પોતે પોતાનો પુત્ર નાબાલિક હોવાનું જાણતા હોવા છતાં બાઈક ચલાવવા આપ્યું હોવાની કબૂલાત આપતા, બી ડિવિઝન પોલીસે આરોપી હરેશભાઈ વામજા વિરુદ્ધ મોટર વાહન અધિનિયમની કલમ ૩, ૪ અને ૧૮૦ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉપલેટામાં બે સમુદાય વચ્ચે અથડામણ : પોલીસે ત્રણ ગુના દાખલ કર્યા

## મારામારીની ઘટનામાં સામસામે ગુના દાખલ કર્યા બાદ શાંતિને ડહોળવા ટોળાં સ્વરૂપે શહેરમાં નીકળનારાઓ પર રાયોટીંગનો ગુનો

### ઘટનામાં પોલીસે પાંચ શખ્સોને અટકાયતમાં લીધા

સમગ્ર ઘટનાની તપાસ દરમિયાન પોલીસે પાંચ શખ્સોની અટકાયત કરી છે. તેમાં તૈયબ સાલમામદ સુરીયા, અયાઝ સુરીયા, મેહુલ ચંદ્રવાડીયા, જીતુભાઈ સુવા અને મયુર સોલંકીને અટકાયતમાં લીધા હતા અને તપાસ હાથ ધરી હતી. તમામને મામલતદાર સમક્ષ હાજર કરાતા ૧૫૧ મુજબ જામીન પર છોડી મુકાયા હતા.





તસ્વીર: શહેઝાદ બાદશાહ-ઉપલેટા

### જામીન મળતા જ ત્રણ શખ્સોને રાયોટીંગમાં ગુનામાં ફરી અટકાયતમાં લેવાયા

મારામારીના ગુનામાં જામીન મેળવીને છૂટેલા જીતુભાઈ સુવા, મેહુલભાઈ ચંદ્રવાડીયા અને મયુરભાઈ સોલંકીની સ્થાનિક પોલીસના ગુનામાં અટકાયત કરી અજ્ઞાત સ્થળે લઈ જઈ પૂછપરછ હાથ ધરી હતી. જયારે કલમ ૧૫૧ હેઠળ જામીન ઉપર છૂટ્યા બાદ તૈયબ સુરીયા અને અયાઝ માકાની પોલીસે મારામારીના ગુનામાં ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી.

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

રાજકોટ જિલ્લાના ઉપલેટામાં છેલ્લા ઘણા સમયથી છાસવારે કાયદો હાથમાં લઈ શાંતિ ડહોળવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કાયદો હાથમાં લેનાર શખ્સોં પર પોલીસની બાજ નજર હોવા છતાં હિન્દૂ-મુસ્લિમ સમાજમાં છાસવારે બખેડો કરવામાં માનનારા શખ્સોંએ શનિવારે રાત્રે બનેલી ઘટનામાં મારામારી, રાયોટિંગ અને જાનથી મારી નાખવાનાં ઈરાદા સહીતનાં ત્રણ અલગ અલગ ગુના નોંધી પોલીસે આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવતા સમાજમાં ભયનો માહોલ ઉભો કરતા શખ્સોંમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ શનિવારે રાત્રે નવ વાગ્યાં આસપાસ ઉપલેટાનાં જવાહર રોડ પર રહેતા મેહુલભાઈ ચંદ્રવડિયાનાં ઘર પાસેથી અમુક શખ્સોં મોબાઈલમાં જોર જોરથી ગેર શબ્દો બોલી રહ્યા હતા. ત્યારે આ શખ્સોંને મેહુલભાઈએ ટપારતા વાત વણસી હતી. મામલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા શહેર આખામાં હિન્દૂ-મુસ્લિમ સમુદાય વચ્ચે વૈમનશ્ય પેદા થાય તેવું વાતાવરણ બનતા પોલીસ સતર્ક બની હતી. પોલીસ સમગ્ર ઘટનાનો ઊંડો અભ્યાસ કરી રહી હતી ત્યારે ૩૦૦ જેટલાં લોકોનું ટોળું પોલીસ મથકે દોડી આવ્યું હતું.

જે બાદ પોલીસ એક્શનમાં આવી મારામારી કરનાર શખ્સોને રાઉન્ડ અપ કરી વાત વણશે નહીં તે માટે જિલ્લા પોલીસવડાની સૂચનાથી સમગ્ર શહેરમાં એલસીબી, ધોરાજી, ઉપલેટા, જેતપુર, શાપર સહિતનો પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

પોલીસે સમગ્ર ઘટનામાં સર્વપ્રથમ જવાહર રોડ ઉપર રહેતા મેહુલભાઈ કરસનભાઈ ચંદ્રવાડીયાની ફરિયાદનાં આધારે ઉપલેટામાં રહેતા તૈયબ સુરીયા, અયાજ માકા, અલ્તાફ ઉર્ફે ઝુબેર અને એક અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધી હતી કે, હું મારા ઘર પાસે ઊભો હતો ત્યારે ઉપરોક્ત શખ્સો મોબાઈલમાં ગાળો બોલતા મે તેમને ઘર પાસે ગાળો બોલવાની ના પાડી હતી. જેથી ચારેય શખ્સો આ તો હિન્દુવાદી માણસ છે, શહેરમાં અશાંત ધારો લઈ આવવા માંગે છે, મુસ્લિમ વિરોધી છે, આ માણસને જીવતો ન છોડાય તેમ કહી માર મારવા લાગ્યા હતા અને પંચાટડી વિસ્તારમાં આવો તો તમને કાપી નાખીયે તેવા બુમ બરાડા સાથે મેહુલ ચંદ્રવાડીયાને માર મારવા લાગતા તેના મિત્રો તેમજ પાડોશના માણસોએ વચ્ચે પડી છોડાવ્યો હતો. પોલીસે મેહુલ ચંદ્રવાડીયાની ફરિયાદના આધારે કલમ ૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩) અને ૫૪ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે સામા પક્ષે શહેરના સ્ટાર રેસીડેન્સીમાં રહેતા અલ્તાફ અલી મોહમ્મદ સુરીયાની ફરિયાદ મુજબ શનિવારે રાત્રે ૮:૦૦ વાગે હું અને મારો દીકરો મુસ્તાક મોટર સાયકલ લઈને મારા મોટાભાઈની દુકાને જવા નીકળ્યા હતા. ત્યાંથી મારા ભાઈની દુકાનમાં કામ કરતા મોઈન પાસે પૈસાની લેતીદેતી કરવાની હોવાથી આરોપી મેહુલ ચંદ્રવાડીયાના ઘર પાસેથી મોબાઈલમાં ઊંચા અવાજે વાત કરતા ગાળો બોલતા હતા. બાદમાં દુકાને જવા નીકળી ગયેલ પણ પાછળ તૈયબ અને તેનો મિત્ર અયાજ માકાએ મને જાણ કરી હતી કે મેહુલે અમને રોક્યા છે. તેથી હું મારા મોટરસાયકલ લઈને મેહુલ ચંદ્રવાડીયા પાસે ગયો હતો. જ્યાં બીજા ત્રણ માણસો હાજર હતા જેને હું જોઈને ઓળખી શકુ છું. એ બધા મારા ભત્રીજા સાથે ઝઘડો કરતા હતા. જેથી હું માફી માંગવા ગયો ત્યારે મેહુલભાઈ ઉશ્કેરાય ગયા હતા અને ઘરમાંથી બેઝબોલનો ધોકો લઈ મને માર મારવા લાગેલ હતા. તેમજ તેમની સાથે ત્રણ અજાણ્યા શખ્સોએ મને ઢીકા પાટુનો માર માર્યો હતો અને એમ કહેલ કે આ બાજુ દેખાતા નહીં નહિતર જાનથી મારી નાખીશું. ત્યારબાદ મને ધોરાજી હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જુનાગઢ સરકારી હોસ્પિટલમાં લઈ આવવામાં આવ્યા હતા. જ્યાં મને બંને પગમાં ફ્રેક્ચર થઈ ગયેલનું ફરજ પરના તબીબે જણાવ્યું હતું. મામલામાં પોલીસે કલમ ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) અને ૫૪, ૧૩૫ મુજબ બંને શખ્સોંની ફરિયાદને આધારે ગુના દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

રાત્રિના ૨:૦૦ વાગ્યા દરમિયાન ઉપલેટા પોલીસ સ્ટેશનને ૩૦૦ થી વધુ લોકોનું ટોળું ધસી આવ્યું હતું. ત્યારે પોલીસે કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો તેવી સમજાવટ પણ કરી હતી પણ પોલીસની ચેતવણીને અવગણી ટોળાએ શહેરના માર્ગો પર થઈ મુસ્લિમ વિસ્તાર પંચાટડી ચોકમાં પહોંચી હિન્દુ અને મુસ્લિમ સમુદાય વચ્ચે ભયનું અને ઉશ્કેરણીજનક વાતાવરણ ફેલાવતા ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ ધરમભાઈ પ્રેમચંદભાઈ કટોચની ફરિયાદને આધારે જીતુભાઈ કરસનભાઈ સુવા, મેહુલ કરસનભાઈ ચંદ્રવાડીયા, મયુર દિનેશભાઈ સોલંકી, અશોકભાઈ નારણભાઈ ચંદ્રવાડીયા, ઈશાન ધર્મેશભાઈ ચુડાસમા, દીપકભાઈ નાનજીભાઈ ચૌહાણ, જગદીશભાઈ છગનભાઈ ઘોરેચા, કેતનભાઈ ડેડાણીયા અને ૧૫૦ જેટલા અજાણ્યા શખ્સો સામે કલમ ૧૮૯(૫), ૧૯૬(૧)(બી), ૨૯૯, ૩૫૩(૧) મુજબ આ શકશો ગેરકાયદેસર મંડળી રચી હિન્દુ અને મુસ્લિમ સમાજ વચ્ચે ઘર્ષણ થાય અને અને શહેરમાં શાંતિ ડહોળવાના ઈરાદા સાથે આવું કૃત્ય કરેલ હોય તેમની સામે રાયોટીંગનો ગુનો દાખલ કરાયો હતો. આ તમામ ફરિયાદની તપાસ સ્થાનિક પીઆઈ બી આર પટેલ અને તેમના પીએસઆઈ ચલાવી રહ્યા છે

### જિલ્લા પોલીસ વડાની સમગ્ર ઘટના પર બાજ નજર : શહેરમાં શાંતિનો માહોલ

સમગ્ર ઘટનામાં કોની અને શું ભૂમિકા છે? કોણ જવાબદાર છે? તેની સંપૂર્ણ માહિતી જિલ્લા પોલીસવડા લઈ રહ્યા છે અને સતત તેમણે સમગ્ર મામલા પર વોચ રાખી છે. આ લખાય છે ત્યારે શહેરમાં સંપૂર્ણ શાંતિ ભરેલ માહોલ છે અને જનજીવન પુનઃ ધમધમી રહ્યું છે.

# ગોંડલ: દેરડી કુંભાજી ગામે વાડીમાંથી જુગારધામ ઝડપાયું

## આઠ શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૫૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે વાડીમાં થી ધમધમતું જુગારધામ ઝડપાયું છે. જેમાં આઠ શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૫૦,૦૦૦ નો મુદ્દામાં કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વધુ રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગારની બદી ડામી દેવા જિલ્લા પોલીસવડા હિમતસિંહએ આપેલી સૂચનાને પગલે સુલતાનપુર પોલીસ મથકના પીઆઈ એમ જે ચૌધરી સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. ત્યારે ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે રહેતા શાંતિલાલ છગનભાઈ ગોલની વાડીમાં જુગાર રમાતો હોવાની એ.એસ.આઈ મહિપાલસિંહ ચુડાસમાને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા શાંતિલાલ ગોલ ,બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામના હરેશ જોરુભાઈ રાઠોડ, મેતા ખંભાળિયાના અનિલ કેસુ પરવાડિયા, મોટા દેવડિયાના અશરફ બાઉદીન પઠાણ, નોઘણવદર ના હર્ષદ દેવકુભાઈ , પાટખીલોરીના જયેશ વજુભાઈ ચૌહાણ ,મોણપર ગામના મહિપત હરસુરભાઈ ડેર અને લુણીધાર ગામના હિંમત વલ્લભભાઈ વેગડ સહિત આઠ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી ૪૯ ૮૦૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલ: નાસતા ફરતા આરોપી તથા મોબાઈલ ચોર મહિલાને ઝડપી લીધી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ બી'ડીવીઝન પોલીસે જુનાગઢ પોલીસ માં મોબાઈલ ચોરી અંગે નાશતી ફરતી મહીલા તથા આજીડેમ પોલીસ મથક માં રીક્ષામાં બેસાડી મુસાફરોનાં ખિસ્સામાંથી પૈસા સેરવી લેવાનાં ગુન્હા માં નાશતા ફરતા શખ્સ ને જડપી લઇ કાર્યવાહી કરી હતી.

બી'ડીવીઝન પીઆઈ. જે.પી.ગોસાઈ, સ્ટાફ નાં રમેશભાઈ, મદનસિંહ, શક્તિસિંહ વિગેરે પેટ્રોલીંગ માં હતા.ત્યારે સરકારી હોસ્પિટલ સામે રહેતી નીશાબેન જેન્તીભાઈ સોલંકીને રૂ.૧૩,૫૦૦ની કિંમતનાં ચોરી કરેલા એન્ડ્રોઈડ મોબાઈલ સાથે જડપી લઈ જુનાગઢ બી'ડીવીઝન પોલીસ ને સોંપી આપેલ હતી.જુનાગઢ પોલીસ માં તેની સામે મોબાઈલ ચોરી અંગે ગુન્હો નોંધાયો હતો.

બીજા બનાવમાં મુળ વિરમગામનાં ઉખલોડ નાં અને હાલ શાપર શાંતિધામ મહાદેવ મંદિર વાળી શેરીમાં રહેતા પ્રકાશ ઉર્ફ પકો ઉર્ફ ભાણો સોમાભાઈ વાઘેલા ને સુરેશ્રવર ચોકડી પાસેથી જડપી લઇ કાર્યવાહી કરી હતી.પ્રકાશ ઉર્ફ પકા સામે રીક્ષામાં બેસી પેસેન્જર નાં ખિસ્સામાં થી પૈસા સેરવી લેવા અંગે આજીડેમ પોલીસ મથકમાં ગુન્હો દાખલ થયો હોય નાશતો ફરતો હતો.

# ચોટીલા જુના બસ સ્ટેશનના ગ્રાઉન્ડમાંથી જુગારધામ ઝડપાયું

## ચાર શખ્સની ધરપકડ કરી ૨૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે, નાસી છૂટેલા એકની શોધખોળ

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**



ચોટીલા શહેરના જુના બસ સ્ટેન્ડ ના ખુલ્લા ગ્રાઉન્ડમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોની ધરપકડ કરી મોબાઈલ અને રોકડ મળી રૂપિયા ૨૫૦૦ નો મુદ્દામાં કબજે કર્યો છે. વધુ વિગત મુજબ ચોટીલા શહેર અને ગ્રામ્ય પંથકમાં દારૂ અને જુગારની વધીને ડામી દેવા પોલીસ મથકના પીઆઈ આઈ બી વલવી સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ચોટીલા જુના બસ સ્ટેન્ડના ખુલ્લા ગ્રાઉન્ડમાં જાહેરમાં જુગાર રમતો હોવાની મળેલી બાથમીના આધારે હેડ કોન્સ્ટેબલ સીએમ ગમારા અને ભરતભાઈ મીર સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા ઘેટી હસુભાઈ કોરડીયા, હરેશ નથુ રાઠોડ, અમીન આમદ સંધિ અને મનીષ નાથા વાઘેલા ની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા ૧૫૫૦૦ અને બે મોબાઈલ ફોન મળી ૨૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે ત્યારે દરોડા દરમિયાન નાસી જનાર ભરત સત્તા વાઘેલા ની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટના કોઠારીયામાં જયનગરમાં વૃદ્ધની ઘાતકી હત્યા

### ઘરની બહાર સૂતેલા વૃધ્ધે હાથ ફેરો કરતા અજાણ્યા શખ્સોને ટપારતા તીક્ષ્ણ હથિયારના ઘા ઝીકી મોતને ઘાટ ઉતાર્યા

### આજી ડેમ પોલીસ મથકના પીઆઈ એ બી જાડેજા સહિતના સ્ટાફ દ્વારા સીસીટીવી ફૂટેજ ના આધારે હત્યાનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ આદર્યો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા વિસ્તારમાં આવેલા જય નગર મફતીયા પરામાં ગત મોડી રાત્રે ઘરની બહાર સુતેલા વૃધ્ધએ ચોરી કરવા આવેલા તસ્કરોને ટપારતા અત્યારના કાચી કે વૃધ્ધને મોતને ઘાટ ઉતાર્યા અંગેની આજીડેમ પોલીસ મથકે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. આ ઘટનાની જાણ પીઆઈ જાડેજા ને થતા દોડી જાય નાસી છૂટેલા હત્યારા ને ઝડપી લેવા દોડધામ હાજરીથી અને હત્યાનો ભેટ ટૂંક સમયમાં ઉકેલવાની આશા સિવાય રહી છે. વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા વિસ્તારમાં આવેલા જય નગર મફતીયા પરામાં રહેતા દેવશીભાઈ ઉકાભાઈ સોલંકી નામના ૬૨ વૈશ્ય અવરોધ પોતાના ઘરની બહાર સૂતા હતા ત્યારે મોડી રાત્રે રિક્ષામાં આવેલા ચારક જેટલા શકશો સંજયભાઈ ડોડીયાના મકાનમાં હાથ ફેરો કરતા હોય ત્યારે દેવશીભાઈ સોલંકી જાગી જતા તસ્કરોને પડકારતા તસ્કરોએક્ષમાં હથિયાર વડે હુમલો કર્યો હતો. બાદ તસ્કરો નાસી છૂટ્યા હતા અને દેવશીભાઈ સોલંકી લોહી લુહાણ હાલતમાં દેવશીભાઈ સોલંકી ને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા ત્યાં ટૂંકી સારવાર દરમિયાન દેવશીભાઈ ને મૃત જાહેર કર્યા હતા બાદ આ બનાવની જાણ આજીડેમ પોલીસ મથકને થતા પીઆઈ જાડેજા એબી જાડેજા સહિતનો કાફલો હોસ્પિટલે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલે ખસેડી અને સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા. બાદ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી અને આસપાસના સીસીટીવી ફૂટેજ ના તસ્કરો પરીક્ષામાં આવ્યા હોવાની શંકા આધારે હત્યાનો ભેદ ઉકેલવા વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે અને અત્યારનો ભેદ ઉકેલવાની આશા સેવાઈ રહે છે અને આરોપી હાથ વેદમાં હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે તેમજ પ્રાથમિક તપાસમાં મૃતક દેવશીભાઈ સોલંકી મજૂરી કરતા હતા અને ત્રણ ભાઈ અને બે બહેનોમાં વચ્ચે તથા તેમજ સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રી છે કાકાના આ પુત્રના લગ્ન પ્રસંગ પતાવી આવી ને ઉનાળો હોવાથી ઘરની બહાર સૂતા હતા ત્યારે ઘટના ઘટી હોવાનું પરિવાર જનોઈ જણાવ્યું હતુ



ઈજાગ્રસ્ત હાલતમાં પોતાના ઘરે ની ડેલી ખખડાવતા પોતાના પત્ની બહાર આવ્યા હતા અને પરિવારજનોને જગાડ્યા હતા બાદ

# વિસાવદર: લેન્ડ ગ્રેબીંગની અરજીની તંત્ર કાર્યવાહી ન કરતા ઉપવાસ આંદોલનની ચીમકી

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર મામલતદાર કચેરીમાં અરજદાર અંકીત રાખોલીયાએ અરજી કરી હતી. જેમાં પોતાના દાદા નામે કરશનભાઈ કાનજીભાઈ રાખોલીયાના નામે વિસાવદર સીમતળમાં સ.નં.-૨૭૫/૧ ની ખેતીની જમીન આવેલી છે. જમીનમાં ગેરકાયદે રીતે લલીત મનસુખભાઈ રાખોલીયા તથા મનસુખભાઈ વલ્લભભાઈ રાખોલીયા (રહે.-વિસાવદર) વાળાએ દબાણ કરી લીધેલ છે. તે માટે લેન્ડ ગ્રેબીંગ અરજી કરી છે. આ અંગે આજ સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલી નથી કે કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ નથી. જેથી જો આ અરજી બાબતે ૭ દિવસમાં આગળની કોઈ કાર્યવાહી કરવામાં નહિ આવે અને જવાબદારો સામે પગલા ભરીને કબજો ખુલ્લો કરીને યોગ્ય રીતે અરજદારને સોંપવામાં નહિ આવે તો કચેરી સામે ઉપવાસ આંદોલન ઉપર બેસવા ચીમકી ઉચ્ચારેલ છે. દબાણ કરનાર સામે અગાઉ પણ લેન્ડ ગ્રેબીંગની કાર્યવાહી કરવામાં આવેલ હોય જેથી આ બાબતે જો પરિવારના સભ્યોને કે જાનમાલને નુકશાન થશે તો તેની પણ સંપુર્ણ જવાબદારી તંત્ર તેમજ દબાણકર્તાઓની રહેશે. તેમ અરજીકર્તા અંકીત રાખોલીયાએ જણાવ્યું હતું.

# રાજકોટનાં વેપારીને મરવા મજબુર કરનાર સલીમ અને ઝાકીર દલ વિરુદ્ધ ગુનો

## બાપુનગરનાં ઈશાક કાસમાણીની હત્યા પાછળ તારો હાથ છે કહી જાનથી મારી નાખવાની ધમકી આપતાં'તા

**અબતક, રાજકોટ**

રાજકોટના જિલ્લા ગાર્ડન પાસે તાજેતરમાં થયેલી હત્યા બાદ વેપારીએ આપઘાત કરી લીધાની ઘટના બની હતી. જેમાં વેપારીએ હત્યાના કેસમાં તારો હાથ છે કહી તેને જાનથી મારી નાખવાની ધમકી આપી પાઈપથી માર મારતા વેપારીએ આપઘાત કરી લીધો હતો. જેને લઈને પોલીસ દ્વારા બે શખસો સામે વેપારીને મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધવામાં આવી છે.

કોઠારિયાના રામપાર્કમાં રહેતા ભાવનાબેન મુકેશભાઈ સરેરીયા (ઉ.વ. ૫૦)એ બાપુનગર પાસે ઓટો પાર્ટ્સની દુકાન ધરાવતા પુત્ર કમલેશને મરવા મજબુર કરવા અંગે સલીમ અસ્લમ દલ અને ઝાકીર આદમ દલ સામે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, તેની પત્ની માવતરે ગઈ હોવાથી ગત ૧ તારીખે કમલેશ ફોન ઉપાડતો ન હતો. જેથી ઉપર જઈને જોવાનું કહેતા પુત્ર દરવાજો ખોલતો ન હોવાથી પાડોશીને બોલાવી દરવાજો તોડીને જોતા પુત્રની ફાંસો ખાધેલી હાલતમાં લટકતી લાશ જોવા મળી હતી. વધુમાં ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા પુત્રએ મારા દિયર દિશનભાઈને કહ્યું હતું કે, ગત ૨૮ તારીખે સલીમ અને ઝાકીર બંને દુકાને આવ્યા હતા અને સાહિલ તારી દુકાનમાં કામ કરે છે ખુન કેસમાં તારો શું હાથ છે. તને જે ખબર હોય તે કહી દે જો તારો હાથ નીકળશે તો જાનથી મારી નાખીશું કહી પાઈપથી જાહેરમાં માર માર્યો હતો તેવું જણાવ્યું હતું. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.



### ઝાકીર દલ હત્યા કેસનો આરોપી

મામલામાં પ્રાપ્ત વિગત અનુસાર આજીડેમ પોલીસમાં સલીમ દલ અને ઝાકીર દલ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. ઝાકીર અને સલીમએ વેપારીને બેફામ ત્રાસ આપી જાહેરમાં માર્યા બાદ વેપારીએ મોત વ્હાલુ કરી લીધું હતું. હવે આ મામલામાં પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝાકીર દલ અગાઉ હત્યા કેસનો આરોપી રહી ચૂક્યો છે. ત્યારે ગુનાહિત ઈતિહાસ ધરાવતો શખ્સ હજુ પણ પોલીસ પકડથી દૂર હોય વેપારીના પરિજનોએ તાત્કાલિક આરોપીને ઝડપી લેવા લેવા માંગ કરી છે.

### શું હતો સમગ્ર મામલો?

### શહેરના જીલ્લા ગાર્ડન નજીક ગત તા. ૨૮ એપ્રિલની રાતે

જીલ્લા ગાર્ડન બાપુનગર સ્લમ કવાર્ટરમાં રહેતો ઈશાન મુસ્તફાભાઈ કાસમાણી ઉ.૨૧ નામનો યુવક ઘર નજીક નાસ્તાની લારી ધરાવતા હનિભાઈને ત્યાં કામે હતો. ત્યારે અફઝલ આવ્યો અને યુવકને સાથે લઈ ગયો હતો. દરમ્યાન રાત્રીના નવેક વાગ્યાની આસપાસ યુવક જીલ્લા ગાર્ડન બાપુનગર મેઈન રોડ પરના સ્મશાન પાસે હતો ત્યારે અમન મહેબુબભાઈ ચૌહાણ ધસી આવ્યો હતો અને મોબાઈલ ચેક કરવા બાબતે બોલાચાલી થતાં યુવક પર પાઈપથી તૂટી પડ્યો હતો. હિચકારો હુમલો થતાં યુવકે દેકારો કરતા લોકો એકઠા થયા હતા. દરમિયક અમન ચૌહાણે યુવકને છરી ઝીંકી દેતા ગંભીર ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલ્ટાયો હતો.બનાવ અંગેની જાણ થતા જ એસીપી ભાવેશ જાદવ, પીઆઈ એમ એમ સરવૈયા, એએસઆઈ નીલેશ મકવાણા સહિતના દોડી જઈ મૃતકના પિતા મુસ્તુફા કાસમાણીની ફરિયાદ પરથી અમન મહેબુબભાઈ ચૌહાણ, અફઝલ સિકંદરભાઈ જુણેજા અને સાહિલ હુશેન પતાણી સામે હત્યાનો ગુનો નોંધી અફઝલ અને સાહીલની ધરપકડ કરી હતી. જયારે ફરાર અમનની શોધખોળ હાથ ધરતા ગ્રીન લેન્ડ ચોકડી પાસે ઉભેલ હોવાની બાતમી આધારે તેને દબોચી ગુનાનો ભકિતનગર પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. હવે આ મામલામાં સાહીલ મૃતક વેપારીને ત્યાં નોકરી કરતો હોય તેને ધમકીઓ આપવામાં આવી રહી હતી.

# જામનગર ક્રાઈમ ડાયરી

## ત્રણ બત્તી નજીક હોટલમાં યુવાનનો આપઘાત

**અબતક, જામનગર**

મૂળ ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લાના આજમાબાદનો વતની નંદકિશોર રઘુવીરસિંહ નામનો ૨૪ વર્ષનો પરપ્રાંતિય યુવાન કે જે જામનગરમાં ત્રણ બત્તી નજીક ના વિસ્તારમાં આવેલા પેનોરમા કોમ્પ્લેક્સ માં હાર્મની હોટલના રૂમ નંબર ૨૦૭ માં ઉતર્યો હતો. જ્યાં ગઈકાલે તેણે કોઈ અગમ્ય કારણોસર પંખાના હુકમાં લૂંગી બાંધી ગળાફાંસા દ્વારા આપઘાત કરી લીધો હતો.

આ બનાવ અંગે હોટલના મેનેજર વિજયભાઈ પોલાભાઈએ પોલીસને જાણ કરતાં સીટીવલ બી. ડિવિઝનના પી.એસ.આઈ કે. એન. જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને પરપ્રાંતિય યુવાનના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે તેણે કયા સંજોગોમાં આત્મહત્યાનું પગલું ભરી લીધું છે, તે જાણવા માટે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

## અલીયાબાડા ગામે શ્વાન આડું ઉતરતાં ઈકોની ગુલાંટ: ચાલકનું મોત

**અબતક, જામનગર**

જામનગર નજીક અલિયાબાડા ગામ પાસે એક ઈકો કારની આડે કૂતરું ઉતરતાં અકસ્માતે ઈકો કાર પલટી મારી ગઈ હતી. જે અકસ્માતમાં કારના ચાલકનું ગંભીર ઈજા થવાના કારણે કરુણ મૃત્યુ નીપજ્યું છે.

અલિયાબાડા ગામમાં રહેતો અને ઈકો કાર ચલાવતો સંજય હરિભાઈ મકવાણા નામનો ૩૫ વર્ષનો યુવાન ગઈકાલે રાત્રે પોતાની જી.જે. ૧૦ ઈ.સી. ૮૬૮૭ નંબરની ઈકો કાર લઈને પોતાના ઘેરથી અલિયા ગામના પાટીયા પાસે જવા માટે નીકળ્યો હતો. જે દરમિયાન રસ્તામાં એક કૂતરું આડું ઉતરતાં ઈકો કાર પલટી મારી ગઈ હતી, અને પોતે ગંભીર સ્વરૂપે ઈજાગ્રસ્ત બન્યો હતો. જેથી ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી, અને ઈજાગ્રસ્ત સંજય મકવાણા ને ચેક કરતાં તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર થયું હતું.

## મહીલાની છેતરપિંડીનો ભોગ બનેલાઓ સિટી બી. ડિવિઝન પોલીસનો સંપર્ક કરે કરવો

### સસ્તામાં એસી અને ટીવી સહિતની ઈલેક્ટ્રીક વસ્તુ આપવાની લાલચ આપી ઠગાઈ કરી

**અબતક, જામનગર**

જામનગર સીટી બી. ડિવીઝન પોલીસ મથકમાં છેતરપિંડી અંગે નો ગુન્હો દાખલ થયેલ હોય જેમાં ભોગબનનાર મંછબા જાડેજા એ પોતાની ફરીયાદ જાહેર કરી છે કે આરોપી ચાર્મીબેન ગજાનંદભાઈ વ્યાસ (રહે. પટેલ કોલોની શેરી નં-૦૪ ઓરચીડ એવન્યુ બી-૧૦૩ જામનગર) એ ફરીયાદી ને તથા કિરણબેન ને વીશ્વાસમા લઈ ઈલેક્ટ્રીક વસ્તુ ના કન્ટેનર ના જેમાં ટી.વી તથા એ.સી. ઓછા ભાવે મળે તેવા ધંધા માં નફો કમાવવા લોભામણી લાલચ આપી ફરીયાદી પાસે થી કટકે કટકે રોકડ તથા ગુગલ પે તથા ઓનલાઈન થી આરોપીએ રોકડા રૂપીયા તેમજ ઓનલાઈન પેમેન્ટ મેળવી લીધું હતું.

ઉપરાંત કિરણબેન બારોટ પાસે થી રોકડ તથા ઓનલાઈન પેમેન્ટ થી રૂપીયા લઈ જઈ પૈસા પરત નહી આપી ફરીયાદી તથા અન્ય ભોગ બનનાર ને મુડી તથા નફાના ભાગના પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત કર્યો હતો.

જેના અનુસંધાને ગુન્હો દાખલ થયેલ હોવાથી અને તપાસ દરમ્યાન જાણવા મળી રહ્યું છે કે મહિલા આરોપીએ અન્ય લોકો પાસેથી ધંધાના નામે નાણા મેળવી નફો આપવાનુ કહી નાણા પરત નહી આપી ગુનાહીત વિશ્વાસઘાત કર્યા નુ જણાઈ આવે છે.

જેથી જામનગર શહેર તથા આજુ બાજુ ના વિસ્તારના કોઈ નાગરીકો સાથે આરોપી ચાર્મીબેન ગજાનંદભાઈ વ્યાસ દ્વારા વિશ્વાસઘાત કર્યા નો બનાવ બનેલો હોય, તો જામનગર સીટી બી. ડિવીઝન પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા પોલીસ દ્વારા જણાવાયું છે.

# જૂનાગઢ: ગિરીશ કોટેચાને મયારામ આશ્રમના ટ્રસ્ટી બનાવતા બોરદેવીના મહંતોની વાંધા અરજી

### ચેરીટી કમિશ્નર સમક્ષ ત્રણ લોકોએ દાદ માંગી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના પૂર્વ મેયર ગિરીશ કોટેચાને મયારામ આશ્રમના ટ્રસ્ટી બનાવવા સામે બોરદેવીના મહંત સહિત ત્રણ લોકોએ ચેરિટી કમિશનર સમક્ષ ધા નાખી વાંધો ઉઠાવ્યો છે.

જૂનાગઢના ગિરનાર રોડ ઉપર આવેલ પ્રખ્યાત મયારામ આશ્રમનું ટ્રસ્ટ શ્રી મહર્ષિ ગુરુકુલ બ્રહ્મચર્યાશ્રમ ટ્રસ્ટ નામેથી ચાલે છે. જેના ટ્રસ્ટીઓ રામનારાયણદાસજી ગુરુ જનાર્દનદાસજી, કાંતિલાલ હરિશંકર મહેતા અને શામજીભાઈ મનજીભાઈ સોરઠીયાના જણાવ્યા મુજબ પૂર્વ ટ્રસ્ટી ભગીરથદાસ આચાર્યની નાતંદુરસ્ત તબિયત રહેતા સર્વ સંમતિથી તેનું રાજીનામું લેવામાં આવ્યું હતુ અને તેમના સ્થાને શિષ્ય ગણેશદાસજીને ટ્રસ્ટી બનાવવા તેવું નક્કી કરાયું હતુ પરંતુ આ ત્રણેય ટ્રસ્ટીઓના જણાવ્યા અનુસાર તેમની સંમતિ કે જાણ વગર જ આ ટ્રસ્ટના ટ્રસ્ટી હસમુખરાઈ પરસોતમદાસ ત્રિવેદીને રિપોર્ટિંગ ટ્રસ્ટી બનાવી દઈ ભગીરથદાસ આચાર્યના રાજીનામા પર સહી કરાવી ગિરિશ કોટેચાને ગેરકાયદેસર રીતે ટ્રસ્ટી બનાવવાનો ફેરફાર રિપોર્ટ દાખલ કરાયો હતો.

જો કે, આ બાબતની જાણ થતા જુનાગઢના આરટીઆઈ એક્ટિવિસ્ટ જીજ્ઞેશ પંડ્યાએ ચેરીટી કમિશનરમાં વાંધા અરજી રજૂ કરી હતી. તેમ છતાં તેમને રૂબરૂ સાંભળ્યા વિના મદદનીશ ચેરીટી કમિશનર દ્વારા ફેરફાર રિપોર્ટ મંજૂર કરી દેવાયો હતો. આ મામલે પોતાને રૂબરૂ સાંભળી કસૂરવાનો સામે ગુનો નોંધવાની અરજીમાં માંગ કરાઈ છે.

# જામજોધપુર યાર્ડમાં પેઢી કાચી પડી

### પિતા-પુત્ર અને ભાઈ સહિત ત્રણ પેઢીને તાળા મારીને છુંમંતર થયા




**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર માર્કેટીંગ યાર્ડની વેપારી પેઢી કાચી પડતા વેપારી અને ખેડુતોમાં ભારે હલચલ મચી ગઈ છે. સતાપર ગામના પાંચ ખેડુતોની રૂપિયા ૩૨ લાખની જણસ મેળવી લીધા પછી તેની રકમ નહી ચૂકવી વેપારી પિતા-પુત્ર અને ભાઈ કે જેઓ પોતાના ધંધાના સ્થળ અને મકાનને તાળા મારીને ભાગી છુટયા છે. જામજોધપુરના માર્કેટીંગ યાર્ડમાં આવેલી વિઠલાણી બ્રધર્સ નામની વર્ષો જુની તથા તેની સાથે સંયુકતમાં આવેલી અલગ અલગ બે પેઢી કે જેઓના સંચાલક રમેશભાઈ મથુરાદાસ વિઠલાણી અને ગોપાલભાઈ મથુરાદાસ વિઠલાણી નામના બે ભાઈઓ તેમજ રમેશભાઈના પુત્ર કિશન રમેશભાઈ વિઠલાણી કે જેઓએ જામજોધપુર તાલુકાના સતાપર ગામના કેટલાક ખેડુતોની ચાણસની રકમ ચુકવ્યા વિના પેઢીને તાળા મારીને ભાગી છુટયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

દિનેશભાઈ પરમાર અંદાજે ૫,૧૬,૭૫૦ ની કિંમતનો મગફળીનો જથ્થો વેચાણ માટે વેપારીને આપ્યો હતો. જેની બાકી રોકાતી રકમ આપવા માટે અવાર નવાર જુદા જુદા બહાના આપતા હતા.ઉપરાંત જસાપર ગામના પણ અન્ય ચાર ખેડુતો કે જેઓએ પણ વધુ ૨૭ લાખ રૂપિયાની અલગ અલગ જણસ તેમાં મગફળી, કપાસ, જીરૂ વગેરેનો સમાવેશ થાય છે.

જે તમામ વસ્તુઓ મેળવી લીધા પછી પેઢીના સંચાલકોએ થોડા સમયમાં પૈસા આવી જશે તેમ કહ્યે રાખ્યું હતું. અને પોતાની પેઢીને તાળા મારીને આખરે તેઓ ભાગી છુટયા હતા. જેથી સમગ્ર મામલો જામજોધપુર પોલીસ મથકમાં લઈ જવાયો છે. દિનેશભાઈ પરમારની ફરીયાદના આધારે જામજોધપુર પોલીસે જુદી જુદી કલમમાં હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# ભચાઉ: બંદુક સાથે સોયબ અલી ભટ્ટી ઝડપાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ એલ.સી.બી. ટીમ ભચાઉ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે સોયબઅલી કાસમભાઈ ભટ્ટી રહે. હિમતપુરા વિસ્તાર ભચાઉ વાળાનાં રહેણાંક મકાનમાં દેશી હાથ બનાવટની સીંગલ બેરલ વાળી બંદુક રાખેલ છે. જેથી હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા આરોપી સોયબઅલી કાસમભાઈ ભટ્ટી પાસેથી દેશી હાથ બનાવટની બંદુક મળી આવતા બંદૂક કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે ભચાઉ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ છે. આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેકટર એન.એન.ચુડાસમા,પોલીસ સબ ઈન્સપેકટર ડી.જી.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામા આવેલ છે.

# વાંકાનેર: ગૃહકલેશમાં પતિએ લાકડી વડે પત્નીને મારમાર્યો

**અબતક, ઋષીમહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના પંચાસીયા ગામે ઘરેલૂ બાબતમાંથી વિવાદ થતાં પતિએ લાકડી વડે પત્નીને માર મારતાં મહિલાને ઈજાઓ પહોંચી હતી. ભોગ બનનાર દ્વારા પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

વાંકાનેર તાલુકાના પંચાસીયા ગામના ચમારવાસ વિસ્તારમાં રહેતા મનીષાબેન દિલીપભાઈ ચૌહાણ ઉવ.૨૯એ તેમના પતિ દિલીપભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓએ ગઈ તા.૦૧/૦૫ના રોજ ઘર માટે જરૂરી ચીજવસ્તુ લેવા માટે તેના પતિ પાસે પૈસા માંગ્યા ત્યારે તેમના પતિ આરોપી દિલીપભાઈ પ્રેમજીભાઈ ચૌહાણએ મનીષાબેન ઉપર લાકડી વડે હુમલો કર્યો હતો, અને અપશબ્દો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, આ હુમલામાં મનીષાબેનના હાથ, પગ અને કમરના ભાગે ઈજાઓ પહોંચી હતી, બનાવ બાદ મનીષાબેને પ્રથમ સરકારી હોસ્પિટલ અને પછી વાંકાનેરની ખાનગી ઓર્થોપેડિક હોસ્પિટલમાં સારવાર લીધી હતી. ત્યારે સમગ્ર ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરમીથી બચવા લોકો ભવનાથ પહોંચતા મેળા જેવો માહોલ સર્જાયો

### શનિ-રવિમાં જુનાગઢવાસીઓથી ભવનાથ 'ભરચક' બન્યું



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ સહિત સમગ્ર સોરઠ પંથકમાં ચૈત્ર મહિનાથી જ આકરા ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. ૪૦ ડિગ્રીની આસપાસ કાળજાળ ગરમી ઓકતા ઉનાળાથી બચવા લોકો ભાતભાતના નુસખાઓ અજમાવી રહ્યા છે. ત્યારે રવિવારે જુનાગઢવાસીઓ ઉનાળાની ગરમીથી બચવા પરિવાર સાથે ભવનાથ ક્ષેત્રમાં હજારોની સંખ્યામાં પહોંચી, રવિવારની મજા માણી હતી.

ભવનાથ ક્ષેત્ર લીલી વનરાઈથી સભર છે જેના કારણે ઓક્સિજન અને ઔષધીય શુદ્ધ પવન મળતો હોવાથી જુનાગઢવાસીઓ બારેય મહિના ભવનાથ વિસ્તારમાં કુદરતને માણવા જાય છે. પરંતુ આ વખતે ચૈત્ર મહિનો શરૂ થતાની સાથે જ કાળજા ગરમીએ જુનાગઢ વાસીઓને બેબાકડા બનાવી દીધા છે. ત્યારે ખાસ કરીને શનિવાર અને રવિવારે સાંજેથી જુનાગઢવાસીઓ પરિવાર સાથે પહોંચી જઈને ગરમીથી રાહત અને રજાના દિવસોની મજા માણે છે. ત્યારે ગત શનિ અને રવિવારની સાંજથી મોડી રાત સુધી જુનાગઢ વાસીઓથી ભવનાથ ભરચક રહ્યું હતું.

અહીં જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે આવેલા ગ્રાઉન્ડમાં બાળકો માટેના નાના-મોટા ચકડોળ, મનોરંજક સાધનો તથા ભાત ભાતના વ્યંજનો અને નાસ્તાઓની લારીઓથી આ વિસ્તારમાં જાણે મીની મેળો ભરાયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. અને લોકો પરિવાર સાથે ભવનાથના આ મીની મેળા દ્વારા રવિવારની મજા માણી હતી. અને તેના કારણે ભવનાથ વિસ્તાર શનિ-રવિના દિવસોમાં સાંજથી મોડી રાત સુધી ભરચક રહ્યું હતું. અહીં પોલીસ બંદોબસ્ત પણ ચુસ્ત ગોઠવવામાં આવ્યો હતો. લોકોએ રોડ વચ્ચેની આવેલી પાળીઓ અને સાઈડમાં બેસી ઘરેથી લાવેલા ભોજન અને નાસ્તાની મોજ માણી હતી.

## માળીયા: વવાણીયા ગામે પરિણીતાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી) ના વવાણીયા ગામે રહેતા સોનલબેન અરવિંદભાઈ મોરવાડીયા નામના ૩૨ વર્ષીય પરિણીત મહિલાએ પોતાના ઘરે કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરતા તેમના પરિવારજનો તેમને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા, જ્યાં ફરજ પર હાજર ડોકટરે જોઈ તપાસી સોનલબેનને મૃત જાહેર કર્યા હતા, હાલ માળીયા(મી) પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક મહિલાના ૧૧ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા, ત્યારે મૃત્યુના બનાવને લઈને પોલીસે અ. મોતની નોંધ કરીને આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# ૨૫૨ તાલુકાઓના ૧૩૦૦૦ ગામડાઓના ૨૫ હજારથી વધુ મંદિરોમાં "સફાઈ"

### ૫ લાખ સફાઈ સંસાધનોના ઉપયોગ થકી ૫૦,૦૦૦ કિલો કચરો એકત્રિત કરાયો

**અબતક, રાજકોટ**

'ગુજરાત સ્થાપના દિવસ' નિમિત્તે 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫'ની ઉજવણીરૂપે રાજ્યના વિવિધ ધાર્મિક સ્થળોએ ભારત સરકારના 'સ્વચ્છતા મેં સહકાર' વિઝનને સાકાર કરતું વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું.

વર્ષ ૨૦૨૫ને યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ' જાહેર કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫ માટેની થીમ છે, 'કોઓપરેટિવ્સ બિલ્ડ અ બેટર વર્લ્ડ' એટલે કે સહકારિતા એક સારા વિશ્વનું નિર્માણ કરે છે.

રાજ્યવ્યાપી 'સ્વચ્છતા મેં સહકાર' અભિયાન હેઠળ ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે રાજ્યના ૨૫૨ તાલુકાઓના ૧૩,૦૦૦ ગામડાઓમાં આવેલા ૨૫,૦૦૦ ધાર્મિક સ્થળોએ વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાઓના શિક્ષકો, આચાર્યઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સરપંચ અને ઉપસરપંચો તેમજ અન્ય સભ્યો સહિત ૧,૫૦,૦૦૦ ગ્રામ્યજનોએ સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત, આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે ૧૫,૦૦૦ જેટલી સહકારી સંસ્થાઓ આગળ આવી અને મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ટ્રેક્ટર, પાવડો, સાવરણો, ડોલ, કચરાપેટી, સૂપડા સહિત ૫ લાખ સફાઈ સંસાધનોનો ઉપયોગ કરીને ૫૦,૦૦૦ કિલોગ્રામ કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

સહકાર ક્ષેત્રે એકતાના સંદેશ સાથે લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને ધર્મિક સ્થળોની પવિત્રતા જાળવવાની ભાવના ઉત્પન્ન કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધાર્મિક આગેવાનો, સ્થાનિક પ્રતિનિધિઓ અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા અને સહકારના માધ્યમથી સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ લીધો. આ ભવ્ય અભિયાનમાં રાજ્યના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર નીલેશ ઉપાધ્યાય, તમામ જિલ્લા રજિસ્ટ્રારો, સહકારી સંસ્થાઓ (જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાની), સહકારી આગેવાનો, હિતધારકો તેમજ ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ), ગુજરાત રાજ્ય સહકારી બેંક, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, દૂધ સંઘો, દૂધ મંડળીઓ અને પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓના સભ્યો તથા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સમગ્ર સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે સાંસદ નરહરિભાઈ અમીન તેમજ ધારાસભ્યો, કોર્પોરેટરો, અન્ય ઉચ્ચ પદાધિકારીઓ ઉપરાંત, ૩૦૦૦થી વધુ સહકારી અગ્રણીઓ અને આશરે ૨૦૦થી વધુ એપીએમસીના ચેરમેન અને અન્ય આગેવાનો પણ આ સફાઈ અભિયાનમાં જોડાયા હતા.

# રખડતા પશુઓનો ત્રાસ યથાવત: બુઝર્ગ મહિલાને અડફેટમાં લેતા ઈજાગ્રસ્ત



**અબતક, જામનગર**

જામનગર શહેરમાં રસ્તે રઝળતા ઢોરનો ત્રાસ યથાવત રહયો છે, અને એક રાહદારી બુઝુર્ગ મહિલા તેનો શિકાર બન્યા છે, અને હાલ સારવાર મેળવી રહ્યા છે.

જામનગરના દિગવીજય પ્લોટ વિસ્તારમાં ગઈકાલે બપોરે એક મહિલા પગપાળા ચાલીને જઈ રહ્યા હતા, તે દરમિયાન રસ્તે રઝળતા એક ખુટિયા એ રાહદારી બુઝુર્ગ મહિલાને હડફેટમાં લઈ જમીન પર પછાડી દીધા હતા. જેના કારણે તેઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. ઉપરોકત સમય દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એક રીક્ષાના ચાલકે આવીને બુઝુર્ગ મહિલાને બચાવ્યા હતા, અને ખૂંટીયાને ત્યાંથી દૂર કર્યો હતો. જેથી હાશકારો અનુભવાયો હતો. જ્યારે બુઝુર્ગ મહિલાને પ્રાથમિક સારવાર અપાઈ છે. મહાનગરપાલિકાના તંત્રએ ફરીથી રસ્તે રઝળતા પશુઓને પકડવા માટેની ઝુંબેશ વગવંતી બનાવવા માંગ ઉઠી રહી છે.

# ધ્રોલના રોઝીયા ગામે ૧૦ લાખના ખર્ચે ભરવાડ જ્ઞાતિની સમાજવાડી બનશે

### ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જીલ્લા પંચાયત સદસ્ય લખધીરસિંહ જાડેજાના હસ્તે ખાતમુહુર્ત



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના રોજીયા ગામે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા અને જીલ્લા પંચાયત સદસ્ય લખધીરસિંહ જાડેજાના હસ્તે સમાજવાડીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જીલ્લા પંચાયત સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ચેરપર્સન ગોમતી ચાવડાની સમાજ કલ્યાણ વિભાગની ડો.આંબેડકર કોમ્યુનિટી હોલની ૫ લાખની ગ્રાન્ટ અને જીલ્લા પંચાયત સદસ્ય લખધીરસિંહ જાડેજાની ૫ લાખની ગ્રાન્ટ મળીને ૧૦ લાખના ખર્ચે રોઝીયામા ભરવાડ જ્ઞાતિની સમાજવાડી બનશે. આ શુભ અવસરે ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ પ્રદિપસિંહ જાડેજા, ધ્રોલ તાલુકા પંચાયત ઉપપ્રમુખ પતિ બ્રિજરાજસિંહ જાડેજા, ભરવાડ સમાજના આગેવાન રૂડાભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા અને રોઝીયા ગામના ભરવાડ સમાજના આગેવાનોને સમાજવાડી સુવિધા મળતા જીલ્લા પંચાયત સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ચેરપર્સન ગોમતી ચાવડા અને જીલ્લા પંચાયત સદસ્ય લખધીરસિંહ જાડેજાનો આભાર વ્યક્ત કર્યો હતો.

(પહેલા પાનાનું ચાલું)

## ન હોય... "એંઠું"...

ભાત ન ખાવા જોઈએ જે ઓરડાના તાપમાને, રેફ્રિજરેટરમાં ન રાખ્યા હોય, બે કલાકથી વધુ સમય માટે," એક્સપ્રેસ યુકે દ્વારા આ સલાહ આપવામાં આવે છે.

બચેલા ભાત અને પાસ્તાને સંભાળવા માટેની ટિપ્સ જોઈએ તો બેસિલસ સેરિયસ એ એક પ્રકારનો બેક્ટેરિયા છે જે સામાન્ય રીતે માટી અને કાચા ખોરાકમાં જોવા મળે છે. તે ચોખા, પાસ્તા અને બટાકા જેવા સ્ટાર્ચયુક્ત ખોરાકમાં ખીલે છે. જ્યારે આ ખોરાક રાંધવામાં આવે છે અને પછી ઓરડાના તાપમાને છોડી દેવામાં આવે છે, ત્યારે બી. સેરેયસ ઝડપથી વિકાસ પામી શકે છે, જે ઝેરી પદાર્થો ઉત્પન્ન કરે છે જે ખોરાકમાં ઝેરનું કારણ બને છે.

## સોના ઉપર...

કર્યો છે. સીએસબી બેંકના મેનેજિંગ ડિરેક્ટર પ્રલય મંડલે જણાવ્યું હતુ કે, સોનાના ભાવમાં સતત વધારાને કારણે ગ્રાહકો માટે ઉધાર લેવાની ક્ષમતામાં સ્વાભાવિક રીતે વધારો થયો છે, જેના કારણે ગોલ્ડ લોન વધુ આકર્ષક વિકલ્પ બની છે. તેમણે જણાવ્યું હતું કે કેરળ સ્થિત ધિરાણકર્તાએ અસંગઠિત ધિરાણ ક્ષેત્રમાંથી ગ્રાહકોમાં ઔપચારિક બેંકિંગ સિસ્ટમ તરફ સ્પષ્ટ પરિવર્તન જોયું છે, જે તાજેતરમાં વ્યક્તિગત લોન અને માઈક્રોફાઈનાન્સ જેવા ક્ષેત્રોમાં અસુરક્ષિત ધિરાણ અંગેના નિયમનકારી કડક પગલાંને કારણે થયું છે.

ઈન્ડિયન ઓવરસીઝ બેંકના એમડી અજય કુમાર શ્રીવાસ્તવના મતે, શૂન્ય-જોખમવાળી ગોલ્ડ લોન, જેમાં ધિરાણકર્તાઓને ભાગ્યે જ કોઈ ઘટાડો જોવા મળે છે, તે વૃદ્ધિ માટે એક સ્વચાલિત વિકલ્પ છે. "તે ખાસ કરીને દક્ષિણ-આધારિત બેંકોના ડીએનએમાં છે. ચોક્કસપણે વાજબી સ્તરે કેટલીક ચિંતાઓ છે કારણ કે ઘણા નવા ખેલાડીઓ આ ક્ષેત્રમાં પ્રવેશ્યા છે, જેનાથી ખોટા વેચાણની સંભાવના ઊભી થઈ છે," તેમણે કહ્યું. માર્ચ ૨૦૨૦ અને માર્ચ ૨૦૨૫ ની વચ્ચે, સોનાની લોન ૪૪% ના સીએજીઆર પર વધી, કારણ કે સોનાના ભાવ ૧૭% વાર્ષિક દરે વધ્યા. સંપૂર્ણ રીતે કહીએ તો, આ પાંચ વર્ષમાં સોનાના ભાવમાં ૧૨૨%નો વધારો થયો છે. રિઝર્વ બેંકના ડેટા દર્શાવે છે કે ગોલ્ડ લોન પોર્ટફોલિયો માર્ચ ૨૦૨૦ માં રૂ. ૩૩,૨૫૭ કરોડથી વધીને માર્ચ ૨૦૨૫ માં રૂ. ૨૦૮,૭૩૫ કરોડ થયો. ઉદ્યોગના ડેટા અનુસાર, આ સમયગાળા દરમિયાન સોનાના ભાવ રૂ. ૩૮,૬૦૦ પ્રતિ ૧૦ ગ્રામથી વધીને રૂ. ૮૫,૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થયા. જોકે, આમાં કેટલાક અપવાદો છે. ઉદાહરણ તરીકે, નાણાકીય વર્ષ ૨૧ માં કોવિડ રોગચાળા દરમિયાન, જ્યારે સોનાના ભાવમાં માત્ર 3% નો વધારો થયો હતો, ત્યારે વેતન અને રોજગારના નુકસાનને કારણે દેવાદારોને રોકડ માટે તેમનું સોનું ગીરવે મૂકવાની ફરજ પડી હતી, જેના કારણે સોનાની લોનમાં ૧૨૮% નો વધારો થયો હતો.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ:** ગુર્જર ક્ષત્રીય કડીયા મુળ ગામ રોહીશાળા હાલ રાજકોટ કિશોરભાઈ ટાંકના પત્ની કાંતાબેન કિશોરભાઈ ટાંક (ઉ.વ.૬૯) તે નિલેશભાઈ, ભાવનાબેન, નયનાબેન, હર્ષાબેનના માતા, સોનલબેન અતુલકુમાર નીતીનકુમાર અમિતકુમારના સાસુનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૫ ને સોમવારે સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન ધારેશ્વર મંદિર, ભકિતનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### ચોટીલે ડાકલા વાગ્યાં ચામુંડા માઁના

# ચોટીલા: સોલંકી પરિવાર આયોજીત ચામુંડા માતાજીના નવરંગ માંડવામાં માઇ ભક્તોએ લીધો ધર્મલાભ





### આશરે ૫ હજાર લોકોએ માતાજીના દર્શન કરી પ્રસાદ લીધો: એમ. જે. સોલંકી



ચામુંડા માતાજીના નવરંગા માંડવા વિશે જણાવતા મિનેશભાઈ જગદીશભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે આશરે છેલ્લા ૭ વર્ષથી ચોટીલા તળેટીમાં કુળદેવીના સાનિધ્યમાં નવરંગા માંડવાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. માંડવામાં ભક્તો માતાજીના ગુણગાન ગાઈને ઉપાસના કરે છે. અને દર વર્ષે માતાજીના દર્શનાર્થે આવતા તમામ ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીના ૨૪ કલાકના નવરંગા માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ આધારે ૪ થી ૫ હજાર ભક્તો એ માતાજીના દર્શન તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો. યાત્રિકો માટે પણ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

### થાંભલી રોપણ અને મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાયા

સૌરાષ્ટ્ર-ગુજરાત સહિત દેશભરના માંઈ ભક્તોની આસ્થા પ્રતીક ચોટીલા ચામુંડા માતાજી ધામમાં વૈશાખ સુદ આઠમ રવિવારે ચાર મે ના રોજ કલાકના નવરંગા માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રવિવાર તારીખ ૪મે ના રોજ સવારે ૯/૩૦ કલાકે થાંભલી રોપણ સવારે ૧૧ વાગે, અને સાંજે ૭ વાગે મહાપ્રસાદ અને બીજા દિવસે આજે સવારે થાભલી વધાવામાં આવી હતી.

ચોટીલા ચામુંડા માતાજી ડુંગર તળેટી મંદિરે યોજાનારા આ મહોત્સવ માં ઘણી પદુ કુંઢડા ગેલ માતાજીના ભુવા પરસોતમભાઈ શિવ શંકરભાઈ જાડેલા, અને રાવળદેવ રાજકોટવાળા સંદીપ હસુભાઈ સોઢા ધર્મ સેવા આપી હતી.

આ મહોત્સવમાં પંચના ભુવા વેરાઈ માતાજીના ભુવાગોહિલ હિંમતભાઈ, ચામુંડા માતાજીના ભુવાસોલંકી વિવેકભાઈ, ભવાની માતાજીના ભુવાગોસ્વામી સંજયભાઈ, મોભ ચામુંડા માતાજી ના ભુવા મોભ ધીરુભાઈ, ચામુંડા માતાજીના ભુવાસોલંકી વલ્લભભાઈ, વેરાઈ માતાજીના ભુવા વિરજીભાઈ વાલજીભાઈ શક્તિ માતાજીના ભુવા ધીરુભાઈ પોલાભાઈ પરાણીયા, શકિત માતાજી ના ભુવા અશોકભાઈ ભીખુભાઈ સાકરીયા, ચામુંડા માતાજી ના ભુવા ભરતભાઈ જાદવભાઈ મકવાણા ચામુંડા માતાજીના ભુવા લાલજીભાઈ જગાભાઈ પરમાર, ખાસ હાજરી આપશે, આ મહોત્સવનો ધર્મલાભ લેવા માય ભક્તોને મીનેશભાઈ જગદીશભાઈ, અનિલ જગદીશભાઈ, જગદીશભાઈ વનમાળી ભાઈ વજુભાઈ વનમાળી ભાઈ, અને રમેશ ભાઈ વનમાળી ભાઈ સોલંકીએ જહેમત ઉઠાવી હતી.

## દ્વારકા: શંકરાચાર્ય જનરલ હોસ્પિટલ ખાતે નેત્રયજ્ઞ

**અબતક, રાજકોટ**

દ્વારકા શારદા પીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજની પ્રેરણાથી તેમજ દ્વારકા શારદાપીઠના મંત્રી બ્રહ્મચારી નારાયણનંદજી તથા જી. જી. સરકારી હોસ્પિટલ, જામનગરના સહયોગથી વિના મૂલ્યે આંખના રોગોની તપાસ તથા ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.



આ કેમ્પ તા. ૦૭ મે ૨૦૨૫ના રોજ સવારે ૯:૩૦ થી બપોરના ૧૨:૩૦ દરમિયાન શંકરાચાર્ય જનરલ હોસ્પિટલ, ટી. બી. સેનેટોરિયમ બિલ્ડિંગ, વરવાળા ખાતે યોજાશે. આ કેમ્પમાં આંખના રોગોનું નિદાન તેમજ ફક્ત બે તાલા(નજીકના વાંચવા માટે)ના નંબરની જ ચકાસણી કરવામાં આવશે. તપાસ બાદ જરૂરિયાતમંદ દર્દીઓની આંખની તપાસ કરીને બે તાલાના નંબરવાળા ચશ્મા વિના મૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પમાં ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલ, જામનગરના આંખના રોગોના વિભાગના અનુભવી નિષ્ણાતો પોતાની નીઃશુલ્ક સેવા આપશે. સ્થાનિક તેમજ જરૂરિયાતમંદોને આ વિશેષ સેવા વિશે જાણ કરી વધુમાં વધુ લાભ લેવા વિનંતી.

કેમ્પમાં અગાઉથી નામ નોંધણી કરવામાં આવશે નહિં. વહેલા તે પહેલાના ધોરણે દર્દીઓ લેવામાં આવશે.વધુ માહિતી માટે : વૈદ્ય ડી. પી. મહેતા નો ૯૩૨૭૪૫૫૩૨૭ સંપર્ક કરવો.

## પાલીતાણા ખાતે આદિ સમર્પણોત્સવની ભવ્ય ઉજવણી






**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

ગીરીવિહાર ખાતે ગચ્છાધિપતિ આ. વિજય વિજ્ઞાનપ્રભ સૂરીશ્વરજી મહારાજ તથા પરમ પૂજ્ય આચાર્ય વિજય રાજચંદ્ર સુરીશ્વરજી મહારાજ આદિ શ્રમણ શ્રમણી ભગવંતો ની નિશ્રા માં આદી સમર્પણોત્સવ ભવ્યથી ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામા આવ્યુ જેમાં તારીખ ૧ મે થી ૪ મેં સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું. જેમાં તારીખ ૩ મેના રોજ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ. સાથો સાથ ગિરીવિહાર નું ગોલ્ડન જુબેલી વર્ષ પણ ઉજવણી કરવામાં આવી પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય વિજ્ઞાનપ્રભ સૂરીશ્વરજી મહારાજનો ૫૦ મો જન્મોત્સવની પણ ઉજવણી કરવામાં આવી તારીખ ૪ મે ના રોજ નુતનજીનાલય નું દ્વાર ઉદઘાટન તથા સત્તર ભેદી પૂજન ભણાવવામાં આવ્યું. મહોત્સવમાં દેશભરમાંથી મોટી સંખ્યામાં ભકતજનો ઉમટી પડ્યા.

## જસદણના કાનપરમાં ગુરૂવારે ઝુંડવાળી ખોડિયાર માતાજીનો નવરંગો માંડવો

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ તાલુકાના કાનપર ગામે ગુરૂવારના રોજ શ્રી ઝુંડવાળી શ્રી ખોડિયાર માતાજીનો ૨૪ કલાકનો નવરંગો માંડવો યોજાશે. આ અંગે તડામાર તૈયારીઓ સાથે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગુરૂવારે યોજાનારા આ માંડવામાં કાનપર, નવાગામ, જુના પીપળીયા, ઈશ્વરીયા મોટા દડવા, સાણથલી,ડોડીયાળા,દેતડિયા, બગદડિયા, જશાપર, સાંઢવાયા, જીવાપર, દેવળીયા, રામોદ આ સહયોગી ગામોમાંથી હજ્જારો ભાવિકો અને સૌરાષ્ટ્રભરમાંથી સાધુ સંતો અને માતાજીના ભૂવાઓ કાનપર આવશે તેમની પાણી થી લઈ આરોગ્ય સુધીની વ્યવસ્થા



હરિભાઈ વેકરીયા સાંઢવાયા સાંજ ની પ્રસાદીના દાતા દાદુભાઈ નારાયણભાઈ મિયાત્રા રાજકોટ નવરંગા માંડવામાં રાવળદેવ તરીકે હિતેશભાઈ, વિપુલભાઈ, વિશાલભાઈ સેવા આપશે આ અંગે ઝુંડવાળી શ્રી ખોડિયાર માતાજીના મહંત વિપુલપુરીબાપુ, શૈલેષપુરી અને વનરાજપુરીએ ભાવિકોને જાહેર આમંત્રણ આપ્યું છે.

કરવામાં આવશે ગુરુવારે થાંભલી રોપવાનું મુહૂર્ત બપોરે અને સાંજે મહાપ્રસાદ શુક્રવારે સવારે થાંભલી વધાવવાના મુહૂર્ત બાદ ૨૪ કલાકનો આ માંડવો પૂર્ણ થશે બપોરના પ્રસાદીના દાતા ડો. જગદીશભાઈ

### પોલીસ બંદોબસ્ત ન મળતા

# ધ્રાંગધ્રાના ચુલી ગામે રસ્તો ખુલ્લો કરાવવા ગયેલા નાયબ મામલતદારની ટીમ પરત ફરી

### આગામી સમયમાં પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી કરાશે: નાયબ મામલતદાર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના ચુલી ગામે બે પરીવાર વચ્ચે વાડીના હક સેઢામા રસ્તા બાબતને લઈને દાવો ચાલતો હતો ત્યારે રસ્તો ખુલ્લો કરવાનો આદેશ હોવા છતાં પોલીસ બંદોબસ્ત નહી મળતા નાયબ મામલતદાર અને ટીમ રસ્તો ખુલ્લો કર્યા વગર પાછો ફરવાનો વારો આવ્યો અને હવે, પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું..



ધ્રાંગધ્રાના ચુલી ગામે રહેતા વેરશીભાઈ કોળી દ્વારા વાડીના સેઢામા રસ્તો ખુલ્લો કરવા માટે મામલતદારની કોર્ટમા દાવો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારે મામલતદાર દ્વારા રસ્તો ખુલ્લો કરવા માટેનો આદેશ કરવામા આવેલ આદેશને લઈને ધ્રાંગધ્રા નાયબ મામલતદાર કર્મરાજસિહ વાળા અને ટીમ જેસીબી સહીતનો સામાન લઈને ચુલી ગામે સ્થળ પર ગયા અને રસ્તો ખુલ્લો કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે સામે વાળા ઠાકરશીભાઈ કોળી વાળા દ્વારા વિરોધ કરવામાં આવતા મામલોની ગંભીરતાને ધ્યાનમા લઈને રસ્તો ખુલ્લો કર્યા વગર ટીમ પાછી ફરી હતી ત્યારે ધ્રાંગધ્રા નાયબ મામલતદાર કર્મરાજસિહ વાળાએ જણાવ્યું કે મામલતદારના આદેશ મુજબ ચુલી ગામે અરજદારનો રસ્તો ખુલ્લો કરવા માટે ગયા હતા ત્યારે જરૂરી પોલીસ બંદોબસ્ત નહી મળતા કામગીરી કરવામાં આવી ન હતી. આગમી દીવસોમા પોલીસ બંદોબસ્ત સાથે રસ્તો ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવશે

## અમદાવાદમાં સમગ્ર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ શ્રી મહાસંઘ દ્વારા શાસન રેલી

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

પરમાત્મા મહાવીર સ્વામી એ ૧૨ાા(સાડા બાર) વરસની ઘોર સાધનાને અંતે પૂર્ણજ્ઞાન (કેવળજ્ઞાન)ની પ્રાપ્તિ કરી વૈશાખ સુદ ૧૧ ના દિવસે સાધુ-સાધ્વી - શ્રાવક - શ્રાવિકા રૂપે ચતુર્વિધ સંઘ સાથે જિનશાસનની સ્થાપના કરી હતી તા. ૮/૫/૨૫ જિનશાસન સ્થાપના દિવસે નીકળશે જૈનોની વિરાટ શાસન રેલી જિનધર્મના તમામ અનુયાયિયો માટે વૈશાખ સુદ ૧૧નો દિવસ અતિ મહત્વનો છે. તેથી આ દિવસની ઉજવણી ભારતભરના સંઘોમાં થઈ રહી છે.

રાજનગર તપાગચ્છ મહાસંઘે ગૌતમસ્વામી જૈન સંઘ વાસણાથી એક વિરાટ રેલીનું આયોજન કરી રહ્યું છે. આ રેલી શૈફાલી સંઘ, લાવણ્ય સંઘ, રેવા સંઘ,ધરણીધર થઈ ઓપેરા - અન્નપૂર્ણા હોલથી યોગેશ્વરનગર થઈ ગોદાવરી જૈન સંઘના આંગણે સભામાં ફેરવાશે અને શાસન વંદના થશે. આ પ્રસંગે રાજનગરનામાં બિરાજમાન તમામ શ્રમણ-શ્રમણી ભગવંતોને આમંત્રણ આપવામાં આવેલ છે. તેમજ તમામ શ્રી સંઘોના જૈન ભાઈ બહેનોને પણ આમંત્રણ આપવામાં આવેલ છે.

રાઈટ ૬ વાગે આ રેલી શરૂ થશે આ રેલીના આયોજનમાં એલર્ટ યંગ ગ્રુપ - ત્રિસ્તુતિક જૈન સંઘ - તપોવનનું ત્યાગ ગ્રુપ - નમો નમઃ શાશ્વત ગ્રુપ વગેરેનો સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ છે. તમામ ભાઈ બહેનોને સફેદ વસ્ત્રોમાં પધારવા અપીલ કરવામાં આવશે.

## ધોરાજી: ધારાસભ્ય ડો.પાડલિયાએ સેવાકીય પ્રવૃત્તિ સાથે જન્મદિન ઉજવ્યો



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી સીવીલ હોસ્પિટલ ખાતે ધોરાજી- ઉપલેટા મતવિસ્તાર ના ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલિયા ના જન્મદિવસ નીમીતે દર્દી ઓ ને ફ્રુટ વિતરણના કાર્યક્મ યોજાયો આ તકે ધોરાજી-ઉપલેટા મતવિસ્તાર ના લોકપ્રિય ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલિયા ધોરાજી શહેર પ્રમુખ કૌશિકભાઈ વાગડીયા,શહેર ભાજપના વરીષ્ઠ અગ્રણીઓ, સંગઠન ના હોદ્દેદારોઓ, વિવીધ મોરચા ના હોદ્દેદારોઓ, નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, સદસ્યઓ પત્રકાર મિત્રો તેમજ તમામ શ્રેણીના કાર્યકર ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહી સેવાકીય પ્રવૃતિ કરી જન્મદિવસ ની ઉજવણી કરી.

## ઉપલેટા: રામદેવજી મહારાજનો ત્રિદિવસીય બાર પ્રહરનો પાટોત્સવ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

સોરઠીયા પ્રજાપતિ સમાજ દ્વારા બાઈ માતાજી મંદિર શ્યામ ધામ સોસાયટી મુકામે રામદેવજી મહારાજના બાર પ્રહર પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તેમજ રાત્રે ભવ્ય સંતવાણીના કાર્યક્રમનું આયોજન રાખેલ છે.

આ અંગે માહીતી આપતા સોરઠીયા પ્રજાપતિ સમાજ પ્રમુખ પ્રવિણભાઈ વારા ઉપપ્રમુખ વેલજીભાઈ ગોહેલ, મહામંત્રી ભીખુભાઈ કોરિયાએ જણાવેલ કે સત્ય-સનાતન ધર્મના પરમ જયંતિ સ્વરુપ, નકલંકધારી, અલખધણી, રામદેવજી મહારાજની કૃપાથી પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં પાવન કરી પ્રસંગોમાં આજથી ત્રણ દિવસીય ઉત્સવમાં તા.૫ ને સોમવારે કુંભ સ્થાપન સવારે ૭:૩૦ કલાકે તા. ૬ ને મંગળવારે બપોરે ત્રણ વાગે સંતોના



સામૈયા, સાંજે ૭ કલાકે જયોત પ્રાગટય તેમજ સાંજથી પ્રસાદનું જ્ઞાતિ ભોજન આયોજન કરવામાં આવેલ છે. તા. ૭ ને રાત્રે ૧૦ વાગે સંતવાણી, તેમજ તા. ૮ને વહેલી સવારે જયોતિ વિસર્જન થશે પ્રસાદ માટેનું સ્થળ સોરઠીયા પ્રજાપતિ સમાજ યાદવ રોડ શેરી નં.૧ અને પાટોત્સવ અને અખંડ પ્રસાદનું સ્થળ બાઈ માતાજી મંદિર શ્યામધામ સોસાયટી ઉપલેટા ખાતે તા. ૬ ની રાત્રીએ સંતવાણીના કલાકારો પંકજભાઈ કોરિયા, પ્રશાંતભાઈ ભરડવા, વિરાજ પ્રજાપતિ, પ્રાપ્તીબેન પ્રજાપતિ, જયારે તા. ૭ ને બુધવારે રાત્રે નિકુંજ કુકડીયા ઉમંગ પ્રજાપતિ અને સંજય પ્રજાપતિ સુમધર વાણીમાં લોક સાહિત્ય, ભજન અને લોકગીતોની રમઝટ બોલાવશે.

## સ્યુસાઈડ નોટ મુકી ગુમ થયેલી વ્યકિતનું પરિવાર સાથે મિલન કરાવતી પોલીસ

**અબતક, ઉના**

ઊના શહેર મા રહેતા આરતી બેન માધવ ભાઈ રેણુકા એ રાત્રિ ના ઊના પોલીસ સ્ટેશન મા જઈ ફરજ ઉપર રહેલ પી. એસ.ઓ. ને લેખિત મા રજૂઆત કરી હતી કે તેમના પતિ માધવ ભાઈ રેણુકા રાત્રિ ના ઘરે ઝગડો કરી સુશાઈડ નોટ લખી મૂકી ચાલ્યા ગયા હતા અને ગુમ થઈ ગયા ની જાણ કરતા વુમન પોલીસ હેડ કોન્સ્ટેબલ એ ઊના ના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ એન. રાણા ને તુરંત જાણ કરતા તેમણે એ.એસ.આઈ. મનુભાઈ જાદવ ભાઈ વાળા, ને કામગીરી સોંપતા તે અને પોલીસ કોન્સ્ટેબલ





રવિ સિહ પ્રદીપ સિહ ગોહિલ, ભાર્ગવ ભાઈ મનુ ભાઈ ચોહાણ, તુરંત ગુમ થયેલ માધવ ભાઈ રેણુકા નો મોબાઈલ ટ્રેસ કરી લોકેશન મેળવી માત્ર ૨૦ મિનિટ માં ઊના તાલુકા ના ગાંગડા સનખડા રોડ ઉપર વાડી વિસ્તારમાં થી શોધી ઊના પોલીસ સ્ટેશન મા લાવી કાઉન્સિલિંગ કરી તેમના પ્રશ્નો નું નિરાકરણ લાવી પરિવાર ને બોલાવી સુમેળ કરી કુટુંબ ને હેમખેમ પરત આપી એક વ્યક્તિ ની જીંદગી બચાવી માનવતા ભર્યુ કામ કરી પોલીસ પ્રજા નો મિત્ર છે સાબિત કરી બતાવેલ હતું.

## જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલી દ્વારા નીટ પરીક્ષા સેન્ટર પર વિનામૂલ્યે છાશ વિતરણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



નીટની પરીક્ષા દરમિયાન ઉનાળાની કાળઝાળ ગરમીમાં વિદ્યાર્થીઓને અને વાલીઓને તથા ફરજ બજાવતા શિક્ષક ગણ અને પોલીસ કર્મીઓને રાહત આપવા જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલી દ્વારા વિનામૂલ્યે ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાનો વિદ્યાર્થીઓ અને વાલીઓ સહિત કુલ ૫૦૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો. વાલીઓ દ્વારા આ માનવતાભર્યા કાર્યને સારો પ્રતિસાદ મળ્યો હતો. આ પ્રોજેક્ટના પ્રોજેક્ટ પર્સન તરીકે ગ્રુપના આઈપીપી હેમલત્તા ગોલાણી રહ્યા હતા અને તેમની સાથે પ્રમુખ ભારતી માખીજાણી અને યુડી ડોક્ટર સુનિતા દેવનાનીએ હાજર રહી સહકાર આપ્યો હતો.

## ગોંડલ: અક્ષર મંદિરનો ૯૧મો પાટોત્સવ ધામધુમથી ઉજવાશે

### આજે ભવ્ય કળશયાત્રા, કાલે કળશ પુજન, બુધવારે મહાભિષેક, અન્નકુટ વગેરે કાર્યક્રમો

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ખાતે આવેલ સુપ્રસિદ્ધ તીર્થધામ અક્ષરમંદિર નો ૯૧મો પાટોત્સવ તાઃ ૭/ ૫/ ૨૦૨૫, બુધવારે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવનાર છે. આ માટે અક્ષર મંદિર દ્વારા અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી અક્ષર મંદિરનાં ૯૧માં પાટોત્સવ અંતર્ગત આજે સાંજે ૪:૩૦ કલાકે ભવ્યકળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કળશયાત્રાનો શુભારંભ ભકિત હોસ્પિટલ કૈલાસબાગ ખાતેથી થશે. અનેક વિધ સુશોભિત કલાત્મક રથ, બાઈકસવાર યુવકો, ભજનમંડળી, કળશધારી મહિલાઓ દ્વારા ભવ્ય કળશયાત્રા ગોંડલનાં રાજમાર્ગો પરથી પસાર થઈ અક્ષર મંદિર ખાતે વિરામ પામશે. કાલે સાંજે ૬ કલાકે મંદિરના પરિસરમાં કળશ પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે. પાટોત્સવ દિને તાઃ ૭/ ૫/૨૦૨૫, બુધવારે સવારે ૭:૧૫ કલાકે વૈદિક મહાઅભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ કલાકે ઠાકોરજી સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવનાર છે. સવારે ૧૧:૧૫ કલાકે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ આરતી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પાટોત્સવનો લાભ લેવા માટે બીએપીએસના સંતોની સાથે બહોળી સંખ્યામાં હરિભક્તો પણ પધારનાર છે.

અક્ષર મંદિરના ૯૧માં પાટોત્સવ નિમિત્તે તાઃ ૭/૫/૨૦૨૨, બુધવારથી તાઃ ૧૧/૫/૨૦૨૫, રવિવાર સુધી રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન યોગી સભામંડપમ ખાતે પંચદિવસીય સત્સંગ પારાયણનું આયોજન કરવામા આવ્યું છે. જેમા બીએપીએસ સંસ્થાના વિદ્વાન વકતા સંત શ્રીરંગ સ્વામી વ્યાસાસને બિરાજી કથામૃતનું પાન કરાવશે. આ પાટોત્સવ તેમજ સત્સંગ પારાયણનો લાભ લેવા ભકતોને અનુરોધ કરાયો છે.

# પ્રભસિમરન-અર્શદીપની જોડીએ પંજાબને ૩૭ રનથી લખનઉ સામે જીત અપાવી



## બેટીંગ-બોલિંગમાં શાનદાર પ્રદર્શન સાથે પંજાબ આ વર્ષે આઈપીએલ ટાઈટલનું પ્રબળ દાવેદારઃ જીત સાથે, પંજાબ હવે ૧૫ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું

**અબતક, ધર્મશાળા**

હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં રમાયેલી આઈપીએલ ૨૦૨૫ની ૫૩મી મેચમાં પંજાબ કિંગ્સે લખનૌ સુપર જાયન્ટ્સ સામે ૩૭ રનથી ભવ્ય વિજય નોંધાવીને પ્લેઓફમાં પહોંચવાની પોતાની આશાઓને વધુ મજબૂત બનાવી છે. પંજાબ કિંગ્સે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૩૬ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો, જેના જવાબમાં લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ માત્ર ૧૯૯ રન જ બનાવી શકી અને મેચ હારી ગઈ. પંજાબ કિંગ્સની ટીમે બેટિંગમાં ધમાકેદાર પ્રદર્શન કર્યું અને ૨૩૬ રનનો મોટો સ્કોર બનાવ્યો. આમાં સૌથી મોટો ફાળો ઓપનર પ્રભસિમરન સિંહનો રહ્યો, જેણે ૯૧ રનની તોફાની ઈનિંગ રમીને ટીમને આ વિશાળ સ્કોર સુધી પહોંચાડવામાં મદદ કરી.

૨૩૬ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સની શરૂઆત અત્યંત ખરાબ રહી. તેમના બંને ઓપનિંગ બેટ્સમેન માત્ર ૧૬ રનના સ્કોરે જ પેવેલિયન પરત ફર્યા. એડન માર્કરામ ૧૩ રન બનાવી આઉટ થયો જ્યારે મિશેલ માર્શ પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહીં. લખનૌના મુખ્ય બેટ્સમેનો જેવા કે નિકોલસ પુરાણ સતત પાંચમી મેચમાં મોટો સ્કોર કરવામાં નિષ્ફળ રહ્યો અને માત્ર ૬ રન બનાવી આઉટ થયો. કેપ્ટન ઋષભ પંતનું ખરાબ ફોર્મ ચાલુ રહ્યું અને તે ૧૭ બોલમાં માત્ર ૧૮ રન બનાવી શકયો. પરિસ્થિતિ એટલી બગડી કે લખનૌની અડધી ટીમ ૭૩ રનના સ્કોરે જ પેવેલિયન ભેગી થઈ ગઈ. આ ઉપરાંત, ટીમના અન્ય 'મોટા યોધ્ધા' ગણાતા ડેવિડ મિલર પણ ખાસ પ્રદર્શન કરી શક્યા નહીં. ૭૩ રનમાં ૫ વિકેટ ગુમાવ્યા બાદ, અબ્દુલ સમદ અને આયુષ બદોનીએ બાજી સંભાળવાનો પ્રયાસ કર્યો અને ૮૧ રનની ભાગીદારી કરી. સમદે ૨૪ બોલમાં ૪૫ રન બનાવ્યા, પરંતુ ટીમ જીત તરફ આગળ વધી રહી હતી ત્યારે તે આઉટ થઈ ગયો. આયુષ બદોનીએ જોકે લડત ચાલુ રાખી અને ૪૦ બોલમાં ૫ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૭૪ રનની ઝડપી ઈનિંગ રમી, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. લખનૌને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૪૯ રન બનાવવાના હતા. ૨૩૬ રનનો મોટો સ્કોર બનાવ્યા બાદ પંજાબના બોલરોએ પણ શાનદાર પ્રદર્શન કર્યું. ખાસ કરીને અર્શદીપ સિંહે પોતાની બોલિંગથી લખનૌના બેટ્સમેનો પર તરખાટ મચાવ્યો અને ૩ મહત્વપૂર્ણ વિકેટ ઝડપી.

### નામ બડે, દર્શન છોટે...
### ૨૭ કરોડનો 'પંત' લખનઉને માથે પડ્યો

પંતનું ફોર્મ અત્યાર સુધીની મેચમાં ચિંતાનો વિષય ચોક્કસ છે. આઈપીએલમાં સૌથી વધારે મોંઘી કિંમતમાં તેને ખરીદવામાં આવ્યો છે. અત્યાર સુધીની મેચમાં તે કોઈ મોટો સ્કોર કરી શક્યો નથી. ૮મી ઓવરના પાંચમા બોલ પર, રિષભ પંતે તેનું બેટ ગુમાવ્યું અને કેચ આઉટ થયો. પંત ઓમરઝાઈના બોલ પર મોટો શોટ રમવા માંગતો હતો પરંતુ તેનું બેટ સ્લિપ થઈ ગયું અને તે કેચ આઉટ થઈ ગયો.નામ બડે ઓર દર્શન છોટે જેવું કામ ઋષભ પંત કરી રહ્યો છે. આઈપીએલના ઈતિહાસમાં પંત અત્યાર સુધીનો સૌથી મોંઘો ખેલાડી છે જો કે તે મુજબનું પ્રદશન ના કરી શકતા ફેન્સ પણ હવે ટ્રોલ કરી રહ્યા છે. ૨૭ કરોડનો ઋષભ પંત લખનૌને માથે પડ્યો હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

# બેટીંગ-બોલિંગ નહિ ફિલ્ડીંગે કેકેઆરને રાજસ્થાન સામે ૧ રનથી જીત અપાવી



## કોલકતાએ જીત સાથે પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખીઃ કોલકાતાએ પ્રથમ બેટિંગ કરીને ૨૦૬ રન બનાવ્યા જેના જવાબમાં રાજસ્થાન નિર્ધારિત ૨૦ ઓવરમાં ફક્ત ૨૦૫ રન જ બનાવી શક્યુંઃ રિયાન પરાગની ૯૫ રનની ઈનિંગ એળે ગઈ

**અબતક, કોલકતા**


કોલકાતા નાઈટ રાઈડર્સે રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સને ૧ રનથી હરાવ્યું. આ મેચમાં કોલકાતાએ પ્રથમ બેટિંગ કરીને ૨૦૬ રન બનાવ્યા હતા, જેના જવાબમાં રાજસ્થાન નિર્ધારિત ૨૦ ઓવરમાં ફક્ત ૨૦૫ રન જ બનાવી શક્યું હતું. આ મુકાબલામાં, રિયાન પરાગે ૯૫ રનની ઈનિંગ રમી, પરંતુ તે પોતાની ટીમની જીત સુનિશ્ચિત કરી શક્યો નહીં. આ સાથે કેકેઆરએ પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખી છે.

રાજસ્થાન રોયલ્સને ૨૦૭ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, જેના જવાબમાં ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ માત્ર ૪ રન બનાવ્યા અને આઈપીએલમાં ડેબ્યૂ કરનાર કુણાલ સિંહ રાઠોડ પોતાની પહેલી મેચમાં ખાતું પણ ખોલાવી શક્યો નહીં. રાજસ્થાને ૮ રનના સ્કોર પર ૨ વિકેટ ગુમાવી દીધી હતી.

યશસ્વી જયસ્વાલને ચોક્કસપણે સારી શરૂઆત મળી હતી પરંતુ ૨૧ બોલમાં ૩૪ રન બનાવીને આઉટ થઈ ગયો.ધ્રુવ જુરેલ અને વાનિન્દુ હસરંગા પણ બેટિંગમાં કંઈ ખાસ કરી શક્યા નહીં અને અડધી ટીમ ૭૧ રનમાં આઉટ થઈ ગઈ.

પરંતુ રિયાન પરાગે એક છેડો પકડી રાખ્યો અને ૪૫ બોલમાં ૯૫ રનની શાનદાર ઈનિંગ રમી. તેણે શિમરોન હેટમાયર સાથે ૯૨ રનની ભાગીદારી કરીને રાજસ્થાનને મેચમાં પરત ફરવામાં મદદ કરી. હેટમાયર ૨૩ બોલમાં ૨૯ રન બનાવીને આઉટ થયો. આ મેચમાં રિયાન પરાગે ૨૭ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી અને આ દરમિયાન તેણે હેટમાયર સાથે મળીને એક ઓવરમાં ૩૨ રન બનાવ્યા. તેણે મેચમાં ૪૫ બોલમાં ૯૫ રનની ઈનિંગ રમી, જે દરમિયાન તેણે ૬ ચોગ્ગા અને ૮ છગ્ગા ફટકાર્યા. રાજસ્થાનનો વિજય લગભગ નિશ્ચિત લાગતો હતો, પરંતુ ૧૮મી ઓવરમાં, હર્ષિત રાણાએ તેને ૯૫ રનમાં આઉટ કરીને કેકેઆરને મેચમાં પરત લાવ્યું. રાજસ્થાન રોયલ્સને છેલ્લી ૨ ઓવરમાં જીત માટે ૩૩ રનની જરૂર હતી અને રિયાન પરાગના આઉટ થતાં રાજસ્થાનની મુશ્કેલીઓ વધવા લાગી. આન્દ્રે રસેલે ૧૯મી ઓવરમાં ૧૧ રન આપ્યા, જેના કારણે રાજસ્થાનને છેલ્લા ૬ બોલમાં ૨૨ રનનો લક્ષ્યાંક મળ્યો. રાજસ્થાનને જીતવા માટે છેલ્લા બોલ પર ૩ રન બનાવવાના હતા, પરંતુ રાજસ્થાન ફક્ત એક જ રન બનાવી શક્યું.

### બેટીંગ કરતા ફિલ્ડીંગમાં વધુ આનંદ આવે છેઃ રિંકુસિંહ



રાજસ્થાનને ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં ૨૨ રનની જરૂર હતી. વૈભવ અરોરાની આ ઓવરમાં શુભમ દુબેએ સતત ૩ બાઉન્ડરી ફટકારી. ટીમને છેલ્લા બોલ પર ૩ રન બનાવવાના હતા, પરંતુ શુભમ દુબે ફક્ત ૧ રન જ બનાવી શક્યો. ત્યારે રિંકુસિંહે મેચ બાદ જણાવ્યુ હતું કે, ભારતના ક્રિકેટ ગ્રાઉન્ડ પર સૌથી ઝડપી આઉટફિલ્ડમાંથી એક છે. આઉટફિલ્ડમાં સારું પ્રદર્શન કરવું એ મારી ભૂમિકા છે, મને જવાબદારી લેવી ગમે છે. મને મારી ફિલ્ડિંગનો આનંદ આવે છે, કદાચ મારી બેટિંગ કરતાં પણ વધુ. કોલકાતાએ ૨૦મી ઓવરમાં ૨૦૦ રનનો આંકડો પાર કર્યો.

આકાશ મધવાલની ઓવરમાં રિંકુ સિંહે સતત ત્રણ બાઉન્ડરી ફટકારી. જેમાં એક ચોગ્ગા અને બે સતત છગ્ગાનો સમાવેશ થતો હતો. મધવાલની આ ઓવરથી ૨૨ રન આવ્યા. આ રનની મદદથી કોલકાતાએ રાજસ્થાન સામે ૨૦૬ રન બનાવ્યા.

### હોલીવુડ જોખમમાં મુકાયું!!!

# વિદેશી ફિલ્મો પર 100% ટેરિફ લાદતા ટ્રમ્પ!!

## વિદેશી ફિલ્મોને હોલીવુડ માટે ખતરો ગણાવી, ફિલ્મ નિર્માણને પુનઃ જીવિત કરવાના હેતુ સાથે ટ્રમ્પે ટેરિફ લાદ્યુ!!


**અબતક, રાજકોટ**

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એક મોટી જાહેરાત કરતા કહ્યું છે કે તેઓ તમામ વિદેશી ફિલ્મો પર ૧૦૦% ટેરિફ લાદશે. તેમણે આ નિર્ણય પાછળનું કારણ આપતા કહ્યું કે અમેરિકન ફિલ્મ ઉદ્યોગ ''મરી રહ્યો છે'' અને અન્ય દેશો હોલીવુડને નબળો પાડી રહ્યા છે અને સિનેમાનો ઉપયોગ પ્રચારના સાધન તરીકે કરી રહ્યા છે. તેમણે વાણિજ્ય વિભાગ અને યુનાઈટેડ સ્ટેટ્સના વેપાર પ્રતિનિધિને આ પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવા માટે અધિકૃત કર્યા છે, તેમનો ઉદ્દેશ અમેરિકામાં બનેલી ફિલ્મો ફરીથી જોવાનો છે.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પરની પોસ્ટમાં જણાવ્યું કે અન્ય દેશો ફિલ્મ નિર્માતાઓને પ્રોત્સાહનો આપીને અમેરિકાથી દૂર ખેંચી રહ્યા છે, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ ખતરો છે. યુએસટીઆર પણ માને છે કે વિદેશી નિયમો અને કર પ્રોત્સાહનો જેવા નોન-ટેરિફ અવરોધો યુએસ ફિલ્મ ઉદ્યોગને નુકસાન પહોંચાડી રહ્યા છે. ઘણા આંતરરાષ્ટ્રીય સ્થળો ફિલ્મોને આકર્ષવા માટે ઉદાર ટેક્સ છૂટ આપે છે. તેના જવાબમાં, કેલિફોર્નિયાના ગવર્નરે પણ હોલીવુડ પ્રોડક્શનને પાછા લાવવા માટે મોટી ટેક્સ ક્રેડિટનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ઉપરાંત, રોગચાળા અને લોકોનો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ તરફ વળવાથી યુએસ મૂવી ટિકિટના વેચાણમાં પણ ઘટાડો થયો છે.

વિદેશી ફિલ્મો પર ૧૦૦% ટેરિફ લાદવાનું આ પગલું ટ્રમ્પની અગાઉની અવ્યવસ્થિત વેપાર નીતિઓમાં વધુ એક ઉમેરો કરે છે, જેણે પહેલેથી જ વૈશ્વિક અર્થતંત્રમાં તણાવ ઉભો કર્યો છે. ખાસ કરીને ચીન સાથેનો વેપાર યુદ્ધ ચાલુ છે, જ્યાં ટ્રમ્પે ચીની માલ પર ૧૪૫% અને ચીને અમેરિકન નિકાસ પર ૧૨૫% ટેરિફ લગાવ્યો છે. આનાથી વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ ખોરવાઈ છે અને મંદીની આશંકા વધી છે. તાજેતરના યુએસ આર્થિક ડેટા દર્શાવે છે કે ૨૦૨૫ ના પ્રથમ ક્વાર્ટરમાં જીડીપીમાં ઘટાડો થયો છે અને આયાત તથા ગ્રાહક ખર્ચ ઘટ્યા છે. ચીનથી શિપિંગમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે.

અર્થશાસ્ત્રીઓ આ વધતી અસ્થિરતા માટે ટ્રમ્પની વેપાર નીતિઓને જવાબદાર ગણે છે. નિષ્ણાતો માને છે કે તેમની નીતિઓમાં કોઈ સુસંગત વ્યૂહરચના નથી, જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે મૂંઝવણ અને અનિશ્ચિતતા છે. વિદેશી નેતાઓ પણ સ્પષ્ટતાના અભાવની ફરિયાદ કરી રહ્યા છે કે વ્હાઈટ હાઉસ ખરેખર શું ઈચ્છે છે. આ પરિસ્થિતિ વૈશ્વિક વેપાર સંબંધો માટે ચિંતાનો વિષય બની રહી છે.



### વરલીએ રિયલ એસ્ટેટમાં રેકોર્ડ સર્જ્યો

# મુંબઈમાં એક ચોરસ ફૂટના રૂ.૨.૭૫ લાખના ભાવે ઉદય કોટકે મિલકત ખરીદી


**અબતક, મુંબઈ**

મુંબઈના પોશ વિસ્તારોમાં વર્લી હંમેશાથી મોખરે રહ્યું છે, અને હવે તેણે રિયલ એસ્ટેટના ક્ષેત્રમાં એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક અને અબજોપતિ ઉદય કોટકે વર્લી સી ફેસ પર એક આખું રહેણાંક બિલ્ડિંગ ₹૨.૭૫ લાખ પ્રતિ ચોરસ ફૂટના અભૂતપૂર્વ ભાવે ખરીદીને સૌને ચોંકાવી દીધા છે. આ સોદો માત્ર વર્લી માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશના રિયલ એસ્ટેટ ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ ઘટના છે, જે દર્શાવે છે કે પ્રાઈમ લોકેશનમાં આવેલી લકઝરી પ્રોપર્ટીઝ માટે ખરીદદારો કોઈપણ કિંમત ચૂકવવા તૈયાર છે.

કોટક પરિવારે અગાઉ આ ગ્રાઉન્ડ-પ્લસ-ટુ-સ્ટોરી બિલ્ડિંગના ૨૪ એપાર્ટમેન્ટમાંથી ૧૩ એપાર્ટમેન્ટ જાન્યુઆરી અને સપ્ટેમ્બરમાં આશરે ₹૨.૭૨ લાખ પ્રતિ ચોરસ ફૂટના ભાવે ખરીદ્યા હતા. હવે તેમણે વધુ આઠ એપાર્ટમેન્ટના સોદા કરીને પ્રતિ ચોરસ ફૂટ ₹૨.૭૫ લાખનો નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે.

આ પ્રાઈમ સી-ફેસિંગ પ્રોપર્ટી, ૧૯ શિવ સાગર, શેમ્પેન હાઉસને અડીને આવેલી છે, જે કોટક પરિવારે ૨૦૧૮માં બંધ થઈ ગયેલી વાઈન કંપની ઈન્ડેજ વિન્ટનર્સના મેનેજિંગ ડિરેક્ટર રણજીત ચૌગુલે પાસેથી ₹૩૮૫ કરોડમાં ખરીદી હતી. શેમ્પેન હાઉસ પણ બે-પંચમાંશ એકરમાં ફેલાયેલું છે અને હવે તેને પરિવારના નવા ભવ્ય ઘર તરીકે પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે કોટક પરિવાર આ બંને પ્લોટને મર્જ કરીને પુનઃવિકાસ કરે છે કે પછી તેને અન્ય પ્રોજેક્ટ માટે અલગ રાખે છે.

દેશના સૌથી મોટા અને સૌથી મોંઘા રિયલ એસ્ટેટ માર્કેટ મુંબઈએ એપ્રિલ મહિનામાં સૌથી વધુ પ્રોપર્ટી ટ્રાન્ઝેક્શન નોંધાવીને તેની રેકોર્ડબ્રેક કામગીરી ચાલુ રાખી છે. પ્રોપર્ટીના ભાવમાં સતત વધારો અને સરકારે તાજેતરમાં દેશની આર્થિક રાજધાનીમાં એપ્રિલમાં૧૩,૦૮૦ થી વધુ સોદા નોંધાયા છે, જેના કારણે રાજ્યની તિજોરીમાં સ્ટેમ્પ ડ્યુટીની આવક ₹૧,૧૧૪ કરોડથી વધુ થઈ છે.



### મંગળવાર સુધી ઈઝરાયેલની ફ્લાઈટો રદ કરતું એર ઈન્ડિયા

# તેલ અવિવમાં લેન્ડ થતી એર ઈન્ડિયાની ફલાઈટ સહેજમાં બચી, પ્લેનને સાઉદી અરેબિયા ડાયવર્ટ કરાયું

## વિશ્વભરના અનેક શહેરોમાંથી તેલ અવિવની ફ્લાઈટ રદ કરાઈ : મોટાભાગની ફ્લાઈટો મંગળ-બુધથી શરૂ થવાની શકયતા

**અબતક, નવી દિલ્હી**

ઈઝરાયલના મુખ્ય શહેર તેલ અવીવના એરપોર્ટ પર મિસાઈલ હુમલા બાદ, ભારતની એર ઈન્ડિયા સહિત ઘણી એરલાઈન્સે રવિવાર (૪ મે, ૨૦૨૫) ના રોજ તેમની ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. યમનના હુથી બળવાખોરો દ્વારા ઈઝરાયલ તરફ છોડવામાં આવેલી એક મિસાઈલ બેન ગુરિયન એરપોર્ટ નજીક પડી, જેના કારણે હવામાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા અને મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો.

ઈઝરાયલી એમ્બ્યુલન્સ સેવાએ જણાવ્યું હતું કે આઠ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યા છે, જેમાં એકની હાલત ગંભીર છે. તેલ અવીવ માટે ફ્લાઈટ્સ સ્થગિત કરવાની જાહેરાત કરનારી એરલાઈન્સમાં જર્મનીની લુફથાન્સા, બ્રિટિશ એરવેઝ, એર ઈન્ડિયા અને યુએસની ડેલ્ટા એરલાઈન્સનો સમાવેશ થાય છે.

એર ઈન્ડિયા સહિત ઘણી એરલાઈન્સે ફ્લાઈટ્સ મુલતવી રાખી છે લુફથાન્સાએ જણાવ્યું હતું કે તેલ અવીવ જતી અને જતી ફ્લાઈટ્સ ૬ મે સુધી સ્થગિત કરવામાં આવી છે. આ ઉપરાંત, યુરોવિંગ્સ, સ્વિસ, ઑસ્ટ્રિયન અને બ્રસેલ્સ એરલાઈન્સે પણ કહ્યું છે કે તેઓ વર્તમાન પરિસ્થિતિને કારણે સેવાઓ બંધ કરી રહ્યા છે.

અહેવાલ મુજબ, બ્રિટિશ એરવેઝે કહ્યું છે કે તેલ અવીવ જતી અને જતી બધી ફ્લાઈટ્સ ૭ મે સુધી સ્થગિત કરવામાં આવી રહી છે. અમે સતત ઓપરેશનલ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને બીએ-૪૦૫ સહિત તેલ અવીવ જતી અને જતી અમારી બધી ફ્લાઈટ્સ ૭ મે સુધી સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે દિલ્હી અને તેલ અવીવ વચ્ચેની ફ્લાઈટ્સ ૬ મે સુધી સ્થગિત રહેશે. પરિણામે, અમારા ગ્રાહકો અને કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે તેલ અવીવથી અમારી ફ્લાઈટ્સ ૬ મે, ૨૦૨૫ સુધી તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવશે, એમ એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું હતું. અમારા સ્ટાફ ગ્રાહકોને મદદ કરી રહ્યા છે અને તેમને વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં મદદ કરી રહ્યા છે. એરલાઈને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''અમે સતત કાર્યકારી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને બુધવાર, ૭ મે સુધી તેલ અવીવ જતી અને જતી અમારી બધી ફ્લાઈટ્સ સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.''

### ''ડેટા ઈઝ કિંગ''

# ભારતનું પ્રથમ ''એઆઈ બેઝ ડેટાપાર્ક'' ૧૩.૫ એકરમાં ઉભું કરશે છત્તીસગઢ

**અબતક, રાજકોટ**

વર્તમાન સમયમાં ડેટાનું મહત્વ સર્વોપરી બની ગયું છે. માહિતીનો ભંડાર જ્ઞાન અને પ્રગતિનો આધારસ્તંભ છે. આજે આપણે ડેટા સ્ટોરેજ માટે મોટે ભાગે કલાઉડ આધારિત સેવાઓ તેમજ વિદેશી સ્ટોરેજ કંપનીઓ પર નિર્ભર રહીએ છીએ. આ પરિસ્થિતિ વચ્ચે, છત્તીસગઢ એક ક્રાંતિકારી પગલું ભરી રહ્યું છે. રાજ્ય દેશનું પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ડેટા પાર્ક સ્થાપિત કરવા જઈ રહ્યું છે,છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ શનિવારે રાયપુરમાં રાજ્યના પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ ) આધારિત ડેટા સેન્ટર પાર્કનો શિલાન્યાસ કર્યો હતો.૧૩.૫ એકરમાં ફેલાયેલા આ પાર્કની મુખ્ય વિશેષતા ૨.૭ હેક્ટરનો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) છે, જે એઆઈ આધારિત સેવાઓ માટે ખાસ તૈયાર કરવામાં આવ્યો છે – જે દેશમાં આ પ્રકારની પ્રથમ પહેલ છે. આગામી બે વર્ષમાં આશરે રૂ. ૧,૦૦૦ કરોડનું રોકાણ પ્રસ્તાવિત છે.મુખ્યમંત્રીએ આ પ્રોજેક્ટને રાજ્યના યુવાનો, ખેડૂતો અને આદિવાસી સમુદાયો માટે ''પરિવર્તનકારી'' ગણાવતા કહ્યું હતું કે, ''આ માત્ર એક ડેટા સેન્ટર નથી, પરંતુ તે વિકાસ અને સશક્તિકરણના નવા યુગ માટે ડિજિટલ કરોડરજ્જુ સમાન છે.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''છત્તીસગઢ ડિજિટલ ઈન્ડિયાનું હૃદય બનવા માટે તૈયાર છે.''જે ડેટા સ્ટોરેજ અને પ્રોસેસિંગના ક્ષેત્રમાં એક નવી દિશા ખોલશે.

# દરેડમાં પશુરામધામનું પૂ.શંકરાચાર્યનીના હસ્તે ભૂમિપુજન

## પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સહીતના રાજકીય આગેવાનો તેમજ બ્રહ્મ અગ્રણીઓ અને સાધુ– સંતોની ઉપસ્થિતિઃ બ્રહ્મચોર્યાસીમાં દસ હજાર ભૂદેવ મહાપ્રસાદ લાભ લીધો



બ્રહ્મ એજ્યુકેશન એન્ડ સોશિયલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ તક્ષશીલા પરશુરામધામ પરિવારના બ્રહ્મચારી નારાયણનંદજી ગુણવંતભાઈ ભટ્ટ, અજયભાઈ જાની, રવિભાઈ ત્રિપાઠી સહિતના આગેવાનોની એક યાદીમાં જણાવાયું છે કે શારદાપીઠ દ્વારકા જગતગુરુ શંકરાચાર્ય મહારાજ દ્વારા જામનગર ખાતે તક્ષશીલા સંકુલમાં વિદ્યાર્થીઓ માટે એજ્યુકેશનની અનેક વિવીધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ છે ત્યારે તક્ષશીલા સંકુલમાં ભગવાન વિષ્ણુના છઠા અવતાર જગતના આરાધ્ય દેવ અને બ્રામણના ઈસ્ટ દેવ એવા ભગવાન પરશુરામજીના મંદિરનું ભૂમિ પૂજન આજે છોટી કાશી ગણાતા જામનગરના દરેડ લાલપુર રોડ ખાતે તક્ષશીલા સંકુલમાં સાધુસંતો, રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રના આગેવાનો અને સૌરાષ્ટ્ર ભરમાંથી ભૂદેવોની મોટી સંખ્યામાં બ્રમચોર્યાશી સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તક્ષશીલા સંકુલની વિશાળ જગ્યામાં પરશુરામધામ સાથે ભગવાન ગુરુ દતાત્રેયજી, આદ્ય શંકરાચાર્યજીનું મંદિર પણ નિર્માણ થશે આવા ત્રિવેણી સંગમ કાર્યક્રમનો પ્રારંભ જગતગુરુ શંકરાચાર્ય મહારાજ સ્વામી સદાનંદસરસ્વતીજીના પાવન કરકમલોથી કરવામાં આવ્યું હતું. આ પરશુરામ ધામ ૬૦૦૦ ફૂટની જગ્યામાં અને ૬૫ ફૂટ ઊંચાઈની શિખરે રહેશે. તેમજ આ પરિસરમાં મમ જગતગુરુ શંકરાચાર્યના આશ્રમમાં ઓડિટોરિયમ નું નિર્માણ પણ કરવામાં આવશે. તેમજ તબક્કા વાર હોસ્પિટલ, કન્યા છાત્રાલય, આરોગ્ય અને શિક્ષણ જેવી બાબતો ને પણ પ્રાધાન્ય આપવામાં આવશે. તેમજ આ ભૂમિપૂજનમાં મધ્યપ્રદેશ ખાતે ભગવાન પરશુરામ ભગવાનની જન્મ ભૂમિની રજ પધરાવવામાં આવી હતી.આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના સંતો એવા સર્વ મુકતાનંદ બાપુ. અવધેશદાસજી મહારાજ, મહામંડલેશ્વર કનકેશ્વરી દેવીજી, ભગવાનદાસ બાપુ, કૃષ્ણમણીદાસ, સીતારામ બાપુ, વિજયભાઈ જોષી, દેવપ્રસાદજી મહારાજ, વિશાલબાપુ તેમજ રાજકીય આગેવાનોમાં રાજ્યના પૂર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, મુળુભાઇ બેરા, પૂનમબેન માડમ એડવોકેટ અંશભાઈ ભારદ્દ્વાજ ઉપસ્થિત રહ્યા હતા. અબતકની શુભેચ્છા મુલાકાત જામનગર બ્રહ્મ સમાજના અગ્રણી એન.ડી.ત્રિવેદી, શાસ્ત્રી વિરલભાઈ નાકર, મનીષભાઈ રાવલ, કમલેશભાઈ પંડયા તેમજ સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજના પ્રવકતા હરેશભાઈ જોશી ભૂદેવ સેવા સમિતિના તેજસભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

### પરશુરામમાં જેવુ બ્રહ્મતત્વોનું તેજ હતું તે બ્રહ્મ સમાજ એ સજીવન રાખ્યું છે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી



અબતક સાથેની વાતચીતમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જણાવ્યું હતું કે જામનગરના દરેડ ખાતે તક્ષશિલા સંકુલમાં પરશુરામ ધામનું નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે બ્રહ્મ સમાજને એકતાનું ભવ્ય નિર્દેશન થઈ રહ્યું છે જેવું પરશુરામમાં બ્રહ્મતૃનું એ તેજ હતું તેવું જ બ્રહ્મ સમાજે આ તેજ ને સજીવન રાખ્યું છે આગામી દિવસોમાં પણ બ્રહ્મ સમાજ એક થઈ અને પરશુરામ ધામની નિર્માણ બાદ પરિસરમાં જગતગુરુ શંકરાચાર્ય આશ્રમના ઓડિટોરિયમ નું પણ નિર્માણ કરવામાં આવશે અને તબક્કા વાર હોસ્પિટલ કન્યા છાત્રાલય આરોગ્ય અને શિક્ષણ જેવી બાબતોને પણ બ્રહ્મ સમાજ દ્વારા પ્રાધાન્ય આપવામાં આવશે

# રંગબેરંગી માછલીઓથી રણમલ તળાવનું માછલીઘર ઝળહળ્યું

## માછલીઘરમાં ૩૬ પેટીઓમાં રંગબેરંગી માછલીઓ નિહાળી શકાશે



જામનગર શહેરની મધ્યમાં આવેલા રણમલ તળાવમાં સીટી મ્યુઝિયમમાં માછલીઘર આવેલ છે. જેની અંદાજે એકાદ વર્ષથી હાલત ખરાબ હતી, જેને મહાનગર પાલિકા દ્વારા રીનોવેશન કરવામાં આવ્યુ. જેમાં અગાઉ માત્ર ૨૩ પેટીઓમાં રંગબેરંગી વિવિધ પ્રકારની માછલીઓ હતી. હાલ ત્યાં નવી કુલ ૩૦ માછલીની પેટીઓ તૈયાર કરવામાં આવી છે.

હાલ તમામ પેટીઓમાં માછલીઓ રાખવામાં આવી છે. વેકેશનની રજામાં મુલાકાતીઓ માછલીઘરમાં રંગબેરંગી માછલીઓનો નજારો નિહાળી શકાશે. ૧ મે ગુજરાત નિર્માણ દિવસથી માછલીઘર મુલાકાતીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યુ છે.

### ૪૫૦ પ્રકારની માછલીઓ :હિરેન સોલંકી (વર્ક આસિસ્ટન્ટ)



'અબતક' સાથેની વાતચીતમાં જામનગર મહાનગરપાલિકા વર્ક આસિસ્ટન્ટ હિરેન સોલંકી જણાવ્યું હતું કે ઉનાળાના વેકેશનમાં મુલાકાતીઓ ખાસ કરી જામનગરમાં રણમલ તળાવની મુલાકાતે આવતો હોય છે. રણમલ તળાવમાં આવેલા સીટી મ્યુઝીયમ અને પક્ષીઘર તેમજ માછલીઘરની મુલાકાત મુલાકાતીઓ લેતા હોય છે. કલેકટર ના માર્ગદર્શન હેઠળ માછલીઘરનો રીનોવેશન કરાયું ખાસ કરીને માછલીઘરમાં રાખવામાં આવેલી રંગબેરંગી માછલીઓ મુલાકાતીઓને વધુ પસંદ હોય છે. અંહી માછલીઘરમાં ગોસ્ડ, રેડકેપ, પ્લેક મુર, કોપર ગોલ્ડ, મીલ્કી કોઈ, વ્હાઈટ શાર્ક, વ્હાઈટ રેમ્બો, માર્વેલ એન્જલ, પ્લેક રેમ્બો, કલર વિડોસ, ઓસ્કાર, મોનો એન્જલ સહીત અલગ-અલગ ૪૫૦ પ્રકારની માછલીઓ જોવા મળે છે.

# નંદનવન સોસાયટીમાં કારમાથી દારૂની ૧૯ બાટલ ઝડપાય

## દારૂના ધંધાર્થીએ કારમાં ચોરખાના બનાવી તેમાં છુપાવેલો ઈંગ્લિશ દારૂ લાવ્યો હતોઃ આરોપી પકડાયો

જામનગરમાં નંદનવન સોસાયટી વિસ્તારમાં રેઢી પડેલી એક કારમાં ચોર ખાનામાં સંતાડવામાં આવેલો ૧૪૯ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી નો જથ્થો પકડાયો છે, અને પોલીસે કાર અને દારૂ કબજે કરી લીધા છે. જે દારૂનો જથ્થો સંતાડનાર આરોપીને મોડેથી પોલીસે ઝડપી લીધો છે. આ ઉપરાંત એક બાઈકમાંથી પણ ઈંગ્લિશ દારૂ પકડાયો છે. જે બાઈક ચાલકને પોલીસ શોધી રહી છે.

જામનગરના સીટી એ. ડિવિઝનના પી.આઈ. એન.એ. ચાવડા અને તેઓની ટીમ દ્વારા નંદનવન સોસાયટી વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું, જે દરમિયાન જી.જે.૧ કે.સી.૩૬૪૮ નંબરની કાર શંકાસ્પદ હાલતમાં જણાતાં તે કારની પોલીસ દ્વારા તલાસી લેવામાં આવી હતી. શરૂઆતમાં કશું દેખાયું ન હતું, પરંતુ પોલીસે કારની સીટને ઊંચી કરીને ચેક કરતાં અંદર થી નાની મોટી ૧૪૯ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી નો જથ્થો સંતાડેલી અવસ્થામાં મળી આવ્યો હતો.

તેથી પોલીસે કાર અને બાઈક વગેરે કબજે કરી લીધા છે, જ્યારે જે દારૂનો જથ્થો સંતાડનાર આરોપી જયેશ ઉર્ફે જયૂ કિશોરભાઈ ચાંદ્રા ને ફરારી જાહેર કરાયો હતો. જોકે મોડેથી તે આરોપીને પોલીસે ઝડપી લીધો છે. આ ઉપરાંત ત્યાંથી અન્ય એક જી.જે.૧૦ ઈ.ડી. ૬૮૭૫ નંબરનું મોટરસાયકલ મળી આવ્યું હતું, જેમાં પણ સંતાડેલો ૨૪ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. જે દારૂ અને બાઈક પોલીસે કબજે કર્યા છે, અને તેના ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# પાંચ કેન્દ્ર પર નીટની પરીક્ષા ૧૯૦૪ માંથી ૩૩ છાત્રો ગેરહાજર

## એસ.ટી. વિભાગ દ્વારા ફાળવેલ વિશેષ બસ સેવાનો વિદ્યાર્થીઓએ માન્યો આભાર

જામનગર જીલ્લામાં વિવિધ ૫ કેન્દ્રો ખાતે યોજવામાં આવેલ NEET(UG)-૨૦૨૫ની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ છે. કુલ ૧૯૦૪ વિદ્યાર્થીઓ પૈકી ૩૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. અને ૧૮૭૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે યોગ્ય તમામ વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉનાળા દરમિયાન NEETની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે જીલ્લા કલેકટર



કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ એસ.ટી. વિભાગ જામનગર દ્વારા પરીક્ષા કેન્દ્ર અલિયાબાડા તથા વાલસુરા માટે વિશેષ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. એસ.ટી. ડેપો જામનગર ખાતેથી સવારે ૧૦:૦૦ કલાકે બસ ઉપડી હતી તથા પરિક્ષા પૂર્ણ થયે પરિક્ષાર્થીઓને જામનગર પરત લાવવામાં આવ્યા હતા.

ખંભાળિયાથી જવાહર નવોદય વિદ્યાલય અલીયાબાડા ખાતે NEET (UG)-૨૦૨૫ની પરીક્ષા આપવા પહોચેલી વિદ્યાર્થીની કછટીયા મીરાં જણાવે છે કે તેઓ ખંભાળિયા થી બસ મારફતે જામનગર પહોચ્યા હતા. અને ત્યાંથી એસ.ટી. વિભાગ દ્વારા પરીક્ષા સ્થળ સુધી બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. એ બસની સુવિધાથી હું સમયસર સલામત રીતે પરીક્ષા સ્થળે પહોચી ગઈ હતી.અને સમય બચ્યો હતો. પરીક્ષા આપ્યા બાદ પણ જામનગર પરત પહોચાડવા બદલ હું જામનગર જીલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરું છું.

# ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઈન્સ્ટિટ્યુટમાં સાયબર સિક્યુરીટી ઈન એકાઉન્ટન્સી વિષય પર માર્ગદર્શન આપતી પોલીસ



પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગના અશોક કુમાર યાદવ તથા જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ એ જિલ્લા ક્રાઈમ કોન્ફરન્સ અનુસંધાને આપેલા માર્ગદર્શન મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, જામનગર દ્વારા તા.૦૩.૦૫.૨૦૨૫ ના રોજ ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટંટ ઓફ ઈન્ડિયાના કાર્યાલય ખાતે સાયબર ક્રાઈમ અવરનેસ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન જામનગર શહેરના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા તેમજ સાયબર પી.આઈ. આઈ.એ.ધાસુરા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેમિનાર દરમ્યાન સરકારી વકીલ જમનભાઈ ભંડેરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમીનારમા ૭૦ જેટલા ચાર્ટર્ડ એકાઉન્ટંટ તેમજ તે વ્યવસાય સાથે જોડાયેલ અન્ય લોકો હાજર રહતા હતાં. આ સેમિનાર દરમ્યાન સાયબર પી.એસ.આઇ. એચ.કે.ઝાલા એ સાયબર સિક્યુરિટી ઈન એકાઉન્ટન્સી વિષય પર તેમજ અન્ય વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ જેવા કે, વીશીંગ કોલ, ફીશીંગ મેઈલ, ફેક શોપીંગ વેબસાઈટ, ક્યુઆર કોડ સ્કેમ વિગેરે બાબતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિગતવારની સમજ આપવામા આવી હતી તેમજ તેનાથી બચવાના ઉપાયો અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ સાયબર ક્રાઈમ અવેરનેસ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સીએ. જયદીપ રાયમંગિયા, સીએ. મોહમ્મદ શફી કુરેશી, સીએ. વિશાલ સાકરિયા, )પ્રમુખ, જામનગર સ્ટુડન્ટ્સ બ્રાંચ), સીએ. દિપક દામા, (મેનેજિંગ કમિટીના સભ્ય જામનગર સીએ બ્રાંચ) સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ફ્લીપકાર્ટના પોઈન્ટ રીડીંગ કરી છ આઈફોન મોબાઈલની છેતરપિંડી ઝડપાઇ

## મેઘપર પોલીસે ત્વરીત કામગીરી કરી રૂ. ૪.૫૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો

મેઘપરમાં એક ખાનગી કંપનીમાં નોકરી કરતા પર પ્રાંતિય યુવાન સાથે બેંક ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેન્ટના કર્મચારી તરીકેની ઓળખ આપી રીવોર્ડ પોઈન્ટ રીડીમ કરવાના બહાને ક્રેડીટ કાર્ડ દ્વારા ફ્લીપ કાર્ટ ઉપરથી કુલ રૂ.૪,૫૦,૨૯૮ ના કુલ-૬ આઈફોન ખરીદી કરી ઓનલાઈન ઠગાઇ કરવાના કેસમાં તમામ ૬ આઈફોન મેઘપર (પડાણા) પોલીસ દ્વારા દિલ્હીમાંથી રીકવર કરી લેવાયા છે.



જામનગર જિલ્લાના મેઘપર (પડાણા) પોલિસ સ્ટેશનમાં ગત ૧૧.૩.૩૦૨૫ ના રોજ ગુન્હો નોંધાયો હતો. જેમાં આરોપીઓ દ્વારા ફરીયાદી ને ફોન કરી આઈ.સી.આઈ.સી.આઈ. બેંક ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેન્ટના કર્મચારી તરીકે ઓળખ આપી ફરીયાદી ના ક્રેડીટ કાર્ડના જોઈનીંગ રીવોર્ડ પોઈન્ટ રીડીમ કરવા અંગેની પ્રોસેસ કરવાના બહાને વેબ સાઈટ ઓપન કરાવી હતી. ત્યારબાદ એક બીજાની મદદગારીથી ફરીયાદી ના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક્ના ક્રેડીટ કાર્ડ દ્વારા ફલીપ કાર્ટ ઉપર બે વખત ઓનલાઇન પેયમેન્ટ કરી કુલ રૂ.૪,૫૦,૨૯૮ ની ખરીદી કરી ઠગાઈ કરવામાં આવી હતી.

પી.ટી.જયસ્વાલ ની રાહબારી હેઠળ પો.સ.ઈ. એ.જી.જાડેજા તેમજ તેમના સ્ટાફે તપાસનો દોર દિલ્હી સુધી લંબાવી જ્યાં દીલ્હી તથા આસ-પાસ વિસ્તારમાં તપાસ કરી સાયબર અપરાધીએ ફરીયાદીના ક્રેડીટ કાર્ડ દ્વારા ખરીદ કરેલ તમામે તમામ કુલ-૬ આઈફોન-૧૬ તથા આઈફોન-૧૬+ કુલ કિ રૂ.૪,૫૦૦૦૦ રીકવર કરી ૧૦૦ ટકા મુદામલની રીકવરી કરી લેવાયો છે. તેમજ આ કેસનો આરોપી શુભમ વર્મા કે જે હાલ ડીસ્ટ્રીક જેલ રોહતક ખાતે જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય જેનો કબ્જો મેળવવા પો. ઈન્સ. પી.ટી.જયસ્વાલ દ્વારા તજવીજ હાથ ધરાઈ છે.

# નવાગામ (ઘેડ)માં ઉધારમાં માવો ન આપતા લમધાર્યો

## લોખંડના પાઈપ વડે ત્રણ શખ્સે માર માર્યોનો નોંધાતો ગુનો

**અબતક, જામનગર**

નવાગામ (ઘેડ) મિલન સોસાયટીમાં રહેતા અને રાજ શક્તિ પણ નામની દુકાન ચલાવતા જયંતીભાઈ મણીલાલ ભટ્ટ નામના ૪૬ વર્ષના વિપ્ર વેપારી યુવાને પોતાના ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કરી શરીરમાં મૂઢ માર મારવા અંગે મિલન સોસાયટીમાં જ રહેતા વિક્રમસિંહ જાડેજા, ગંભીર સિંહ જાડેજા, અને મહેન્દ્રસિંહ જાડેજા ઉર્ફે લાલો સામે ફરિયાદ નોંધાવી છે. જયારે ઈજાગ્રસ્ત વેપારી યુવાનને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લેવી પડી છે. ફરિયાદી પોતાની દુકાને વેપાર કરતા હતા, જે દરમિયાન ત્રણેય આરોપીઓ ઉધાર મસાલો ખાવા માટે આવ્યા હતા. તેને ઉધાર મસાલો આપવાની ના પાડતાં ત્રણેય ઉશકેરાયા હતા, અને હુમલો કરી દીધો હતો. અને જો પોલીસ ફરિયાદ કરશે, તો પતાવી નાખશે તેવી ધમકી પણ આપી હતી. હાલ ત્રણેય આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી પી.એસ.આઇ જે.પી. સોઢા ત્રણેયને શોધી રહ્યા છે.

# લાલપુરઃ મેધપર ગામે સગીરા પર દુષ્કર્મ

## ૧૩ વર્ષની કિશોરીનું અપહરણ કરી હવસનો શિકાર બનાવનાર પરિણીતા શખ્સની ધરપકડ

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકા ના મેઘપર ગામમાંથી આજથી બે સપ્તાહ પહેલાં ૧૩ વર્ષની વયની સગીરાનું અપહરણ થયું હતું, જેને ઉઠાવી જનાર જસાપર ગામના એક પરિણીત શખ્સને ઝડપી લેવાયો છે, અને તેના કબજા માંથી સગીરાને છોડાવી લઈ તબીબી ચકાસણી કરાવાઈ છે. જેમાં તેણીની સાથે દુષ્કર્મ થયું હોવાનું પણ સામે આવ્યું છે. પોલીસ દ્વારા આરોપીની ઘનિષ્ટ પૂછપરછ ચલાવાઈ રહી છે. આ બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકા ના મેઘપર ગામમાં રહેતા એક પરિવારની ૧૩ વર્ષની સગીર પુત્રીનું આજથી બે સપ્તાહ પહેલાં અપહરણ થઈ ગયું હતું. જેને ઉઠાવી જવા અંગે લાલપુર તાલુકાના જસાપર ગામના વતની કિસન જયરામભાઈ વાઘેલા નામના પરિણીત દેવીપુજક શખ્સ સામે મેઘપર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. દરમિયાન ઉપરોક્ત આરોપી વાડી વિસ્તારમાં સંતાયો હોવાની બાતમીના આધારે મેઘપર પોલીસે વોચ ગોઠવી આરોપી કિશોર વાઘેલા ને ઝડપી લીધો છે, અને તેના કબજામાં રહેલી સગીરાને છોડાવી લઈ મેડિકલ તપાસણી કરાવવામાં આવી હતી. જ્યાં તેણી પર વારંવાર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા આરોપી સામે અપહરણ-દુષ્કર્મ, પોકસો સહિતની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે, અને વધુ પૂછપરછ ચલાવાઈ રહી છે.

# રેઢી કારમાંથી ૫૫૦ લીટર દેશી દારૂ પકડાયોઃ કાર ચાલક ફરાર



**અબતક, જામનગર**

જામનગર-લાલપુર રોડ પર આજે સવારે ૧૧.૦૦ વાગ્યાના અરસામાં વોચ ગોઠવવામાં આવી હતી, જે દરમિયાન ચેલા ગામના પાટીયા પાસેથી રેઢી પડેલી અવસ્થામાં એક કાર મળી આવી હતી. જે કારની પોલીસ દ્વારા તલાસી લેવામાં આવતાં તેમાંથી ૫૫૦ લીટર દેશી પીવાના દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

આથી પોલીસે રૂપિયા ચાર લાખની કિંમતની કાર અને દેશી દારૂ સહિત કુલ રૂપિયા પાંચ લાખ દસ હજારની માલમતા કબજે કરી લેવામાં આવી છે.

જ્યારે કારના રજીસ્ટ્રેશન નંબર જી.જે.૦૫ જે.સી.૭૯૧૩ ના આધારે પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ ચલાવાઈ રહી છે.

# લાલપુરઃ મોડપરની અપરિણીત કાલજબેન તા.૨જીની રાત્રીથી લાપતા

**અબતક, જામનગર**

લાલપુર તાલુકાના મોડપર ગામ માં રહેતી ૨૧ વર્ષની અપરણિત યુવતી પોતાના ઘેરથી એકાએક લાપતા બની જતાં પરિવાર ચિંતામાં મુકાયો છે, અને પોલીસ દ્વારા તેણીની શોધખોળ ચલાવાઈ રહી છે. લાલપુર તાલુકાના મોડપર ગામમાં રહેતી કાજલબેન ગાંગાભાઈ બગડા નામની ૨૧ વર્ષની યુવતી, કે જે ગત ૨જી તારીખે રાત્રિના ૧૧.૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરમાંથી એકાએક લાપતા બની ગઈ હતી. જેને અનેક સ્થળે શોધવા છતાં કોઈ પતો નહીં સાંપડતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. આખરે આ મામલે મેઘપર પડાણા પોલીસ મથકમાં ગુમનોંધ કરાવતાં મેઘપર પોલીસે તેણીની શોધખોળ શરૂ કરી છે.

# સગીર મોડેલનાં દુષ્કર્મનાં આક્ષેપ બાદ રીબડાનાં અમિત ખૂંટે જીવનલીલા સંકેલી

## આક્ષેપિત યુવકે વાડીમાં ગળાફાંસો ખાધો: મૂળ સાવરકુંડલા પંથકની સગીરાએ રીબડાના શખ્સે જયુશ પીવડાવી બેભાન કરી બદકામ કર્યાનો આક્ષેપ કર્યો'તો



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

મૂળ સાવરકુંડલા પંથકની વતની અને હાલ રાજકોટમાં રહી મોડેલિંગ કરતી ૧૭ વર્ષની સગીરા ઈન્સ્ટાગ્રામ મારફત પરિચયમાં આવેલા રીબડાના શખસે યાજ્ઞિક રોડ પર મળવા બોલાવી હતી. બાદમાં જ્યુસ પીવડાવી બેભાન કરી તેના પર દુષ્કર્મ આચર્યાના ગંભીર આક્ષેપ કર્યા હતાં. બીજી તરફ જેની સામે આ આક્ષેપ કરવામાં આવ્યો હતો તે રીબડાના યુવાન અમિત ખુંટે પોતાની વાડીએ રાત્રીના ઝાડ પર ગળાફાંસો ખાઇ આપઘાતા કરી લીધો હતો.

યુવાને ક્યાં કારણસર આ પગલું ભરી લીધું તે હજુ સ્પષ્ટ થયું નથી. દુષ્કર્મના આક્ષેપો બાદ યુવાને જીવનનો અંત આણી દેતા બનાવમાં સાચું શું? તેને લઇ ભારે ચર્ચા જાગી છે. હાલ ગોંડલ તાલુકા પોલીસ દ્વારા યુવાનના આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

જાણવા મળતી વિગતો મુજબ, રીબડામાં રહેતા અમિત દામજીભાઇ ખુંટ નામના યુવાને ગામની સીમમાં લોધિકા રોડ પર આવેલી પોતાની વાડીએ રાત્રીના ઝાડ પર લટકી ગળાફાંસો ખાઇ લીધો હતો.બનાવની જાણ થતા ૧૦૮ ના ઈએમટીએ અહીં યુવાનને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો.બીજી તરફ યુવાનના આપઘાતના પગલે સ્થાનિક પોલીસ મથકના સ્ટાફે અહીં પહોંચી જરૂરી કાર્યવાહી કરી યુવાનના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડવા કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે,સાવરકુંડલા પંથકમાં રહેતી ૧૭ વર્ષની સગીરા છેલ્લા બે મહિનાથી રાજકોટની એક હોટલમાં રહી મોડલિંગ કામ કરતી હતી. આ સમય દરમિયાન ઈન્સ્ટાગ્રામ મારફત તેનો સંપર્ક રીબડાના અમિત દામજી ખુંટ સાથે એકાદ સપ્તાહ પૂર્વે થયો હતો. બાદમાં બંને અવારનવાર મળતા હતા.દરમિયાન શુક્રવારે મોડી સાંજે અમિત ખુંટ સગીરાને લઈને યાજ્ઞિક રોડ પર આવેલી જ્યુસની દુકાને ગયો હતો. જ્યાં બંને સાથે જયુસ પીધું હતું ત્યારબાદ સગીરા બેભાન થઈ ગઈ હતી અને જ્યારે તે ભાનમાં આવી ત્યારે ગોંડલ રોડ ચોકડીએ અવાવરૂ સ્થળે હતી. સમગ્ર બનાવ અંગે સગીરાની સાથે રહેતી તેની મિત્રએ આક્ષેપ કર્યો હતો કે, આ શખસ તેને બેભાન કરી અહીંથી લઈ ગયા બાદ તેના પર દુષ્કર્મ આચર્યું છે.

પોલીસ દ્વારા સગીરાનુ મેડિકલ ચેકઅપ કરવવામાં આવ્યું હતું. મોડેલ દ્વારા કરાયેલા આ ગંભીર આક્ષેપોને લઈ તપાસ શરૂ કરી હતી.દરમિયાન ગઇકાલે રાત્રીના જેના આરોપ લાગાવ્યો હતો તે અમિત નામના યુવાને ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણી દેતા બનાવમાં સત્ય શું? તેને લઇ ભારે ચર્ચા જાગી છે. હાલ ગોંડલ તાલુકા પોલીસ દ્વારા યુવાનના આપઘાતનું કારણ જાણવા માટે તપાસ હાથ ધરી છે. યુવાન કારખાનેદાર હોવાનું માલુમ પડયું છે.

### ગત શનિવારે દુષ્કર્મનો નોંધાયો'તો ગુનો

મૂળ અમરેલીની અને હાલ રાજકોટમાં રહેતી સગીરા કે જે મોડલિંગનું કામ કરે છે અને સોશિયલ મીડિયામાં એકાઉન્ટ ધરાવે છે. અમિત ખુંટ નામના યુવાને તેને કોઈ પીણું પીવડાવ્યા બાદ તેની સાથે જબરદસ્તી કારમાં દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે બીએનએસની કલમ ૧૩૭(૨), ૬૪(૧), પોક્સો એક્ટની કલમ ૪, ૮ મુજબ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

### યુવકે આપઘાત કરતા આઠ વર્ષના માસુમે પિતાની છત્રછાયા ગુમાવી

મામલામાં પ્રાપ્ત વિગત અનુસાર મૃતક અમિત ખૂંટ પોતે પરિણીત હતો અને તેને સંતાનમાં એક ૮ વર્ષનો પુત્ર હતો. મૃતક પોતે ખેતી કામ સાથે જોડાયેલ હોવાનું સામે આવ્યું છે. યુવકે આપઘાત કરી લેતા માસુમ બાળકે પિતાની છત્રછાયા ગુમાવી છે.

### પોલીસ, એફએસએલ અને મામલતદાર સહિતનો કાફલો દોડી ગયો


અમિત ખૂંટનાં આપઘાતની જાણ થતાં ગોંડલ તાલુકા પોલીસ, એફએસએલ અને મામલતદાર કચેરીનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તપાસ બાદ મૃતકને આપઘાતની ફરજ પાડવા અંગે ગુનો નોંધાય તો નવાઈ નહિ.

# રાજકોટનાં ગોંડલ રોડ પર હિટ એન્ડ રનમાં સાસુ-વહુનું મોત

## લગ્ન પ્રસંગમાં હાજરી આપી ગોંડલનો પરિવાર પરત જઈ રહ્યો હતો ત્યાં કોરાટ ચોક નજીક કાળમુખા ટ્રકે અકસ્માત સર્જી પરિવારનો માળો વિખેરી નાખ્યો: પિતા-પુત્ર ઈજાગ્રસ્ત

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ગતરાત્રિના ગોંડલ રોડ પર કોરાટ ચોક નજીક ટ્રકચાલકે બે ટુ-વ્હીલરને અડફેટે લેતા સાસુ-વહુના મોત નીપજ્યા છે, જ્યારે પિતા અને પુત્ર ઈજાગ્રસ્ત થતા સારવાર હેઠળ ખસેડાયા છે. રાજકોટમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપી પરત ગોંડલ જતા સમયે આ અકસ્માત થયો હતો. ટુ-વ્હીલર ઉપર જતા ગોંડલના જયોતિબેન મનોજભાઈ બાવનીયા અને પુત્રવધૂ જાહ્નવીબેન બાવનીયાના ગમખ્વાર અકસ્માતમાં કરુણ મોત નીપજ્યા છે. અકસ્માત સર્જી



નાસી છુટેલા ટ્રકચાલકની પોલીસે અટકાયત કરી લીધી છે. પ્રાપ્ત વિગત અનુસાર ગોંડલના કૈલાશ પાર્કમાં રહેતો પરિવાર રાજકોટના કટારીયા ચોકડી નજીક આવેલ ભાવભૂમિ પાર્ટી પ્લોટ ખાતે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવ્યો હતો. બાદમાં ગઈકાલે રાત્રે અંદાજિત ૧૨ વાગ્યે ગોંડલ પરત ફરવા નીકળતા કોરાટ ચોક નજીક કાળમુખા ટ્રકનો ભેટો થઈ ગયો હતો. સાઈડમાં એક્ટિવા અને જ્યુપિટર વાહન પર ઉભેલા પિતા-પુત્ર અને સાસુ-પુત્રવધુને ટ્રકે અડફેટે લેતા સાસુ જ્યોતિબેન અને વહુ જહાન્વીબેને ઘટના સ્થળે દમ તોડી દીધો હતો. જ્યારે પિતા-પુત્રને ગંભીર ઈજા થતાં તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે રઘુવીરભાઈ નિરંજનીએ જણાવ્યું કે, મારા સાઢુભાઈના ઘરે લગ્ન પ્રસંગ હતો. પ્રસંગ પૂર્ણ કરી મારા બીજા નંબરના સાઢુભાઈ જે ગોંડલ રહે છે તે ગોંડલ જવા માટે નીકળ્યા હતા. ગોંડલ હાઈવે પર કોરાટ ચોક પાસે ટ્રાફિક હોવાથી સાઈડમાં હતા, ત્યારે પાછળથી એક ટ્રક આવી હતી, જે બન્નેને કચડીને જતી રહી હતી. બનાવ હિટ એન્ડ રનનો હોવા છતાં શાપર પોલીસ અમારી હિટ એન્ડ રનની ફરિયાદ નોંધી રહી નથી. અમારી રજૂઆત સાંભળી નથી રહી. પોલીસ હિટ એન્ડ રનની ફરિયાદ નહિ નોંધે તો અમે મૃતદેહ નહિ સ્વીકારીએ. જિલ્લા પોલીસ વડાને પણ રજૂઆત કરવા જવાના છીએ. જો ત્યાં પણ અમને કોઈ નહિ સાંભળે તો અમે તેમની ઓફિસ બહાર ઉપવાસ પર બેસી જશું.

### બીએનએસની કલમ ૧૦૫ હેઠળ (હિટ એન્ડ રન)નો ગુનો નોંધવા માંગ

મામલામાં મૃતકના પરિજનોએ બીએનએસની કલમ ૧૦૫ એટલે કે હિટ એન્ડ રનનો ગુનો નોંધવા માંગણી કરી છે. જોકે પોલીસે હિટ એન્ડ રનનો ગુનો નોંધવાનો ઈનકાર કરતા પરિજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. બાદમાં પરિજનોએ જિલ્લા પોલીસ વડાને પણ આ અંગે રજૂઆત કરી ગુનો દાખલ કરવામાં આવે તેવી માંગણી કરવા મનોબળ બનાવ્યું હતું.

# સૌરાષ્ટ્ર-કચ્છના ૬ સહિત રાજયના ૧૫ જિલ્લામાં આજે કરા માવઠાની ભીતિ

## કમોસમી વરસાદથી કેરી સહિતના પાકને નુકશાની થવા દહેશતા વિજળી પડતા વિરમ ગામના ભોજીયા પુરામાં ખેડુતનું મોત: સુરેન્દ્રનગર જિલ્લામાં ઝરમર વરસાદ: રાજયભરમાં મહતમ તાપમાનમાં ઘટાડો



તસવીર: ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

**અબતક, રાજકોટ**

રાજસ્થાનમાં સાયકલોનિકલ સરકયુલેશન સર્જાવાના કારણે રવિવારથી ગુજરાતમાં વાતાવરણમાં અચાનક પલ્ટો જોવા મળી રહ્યો છે.રવિવારે રાજયના અલગ અલગ ૧૦ જેટલા તાલુકાઓમાં કમોસમી વરસાદ પડયો હતો. આગામી પાંચ દિવસ સુધી રાજયભરમાં માવઠાની આગાહી આપવામાં આવી છે. દરમિયાન આજે સૌરાષ્ટ્ર-કચ્છના ૬ સહિત રાજયના ૧૫ જિલ્લાઓમાં કરા અને ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. ભર ઉનાળે માવઠાની મોકાણ સર્જાવાના કારણે કેરી સહિતના પાકને નુકશાની થવાની ભીતિ ઉભી થવા પામી છે. આજે સવારે મહિસાગર સહિતના વિસ્તારોમાં વાતાવરણમાં પલ્ટોજોવા મળ્યો હતો. ૫૦ થી ૬૦ કિ.મી.પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી આપવામાં આવી છે.

રવિવારે વહેલી સવારથી રાજયભરમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. અમદાવાદમાં આકાશમાં કાળા ડિબાંગ વાદળોનોજમાવડો જામ્યો હતો. પાલનપુરમાં એકાદ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. જ્યારે વિજાપુર, દાંતીવાડા, વડગામમાં અર્ધાઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો.અમદાવાદના વિરમગામ તાલુકાના ભોજીયા પુરામાં વિજળી પડવાના કારણે ખેતરમાં કામ કરી રહેલા મંગાજી કરશીભાઈ ઠાકોર નામના ૫૦ વર્ષિય ખેડુતનું મોત નિપજ્યું હતુ. ભારે પવન ફુકાવવાની આગાહીના પગલે જૂનાગઢમાં રોપવે સેવા બંધ કરી દેવામાં આવી છે. માવઠાથી આગાહી પૂર્વેજ રાજયભરનાં માર્કેટીંગ યાર્ડને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા. ખેડુતો કે વેપારીઓએ નુકશાની વેઠવી ન પડે તે માટે તમામ જણસીને શેડમાં ઉતારવામાં આવી હતી. ખૂલ્લામાં પડેલી જણસીને પણ સલામત સ્થાને ખસેડી દેવામાં આવી હતી. માવઠાથી ખેડુતો ચિંતાતુર બની ગયા છે. કેરી, પપૈયા, બાજરી, મગ, ઘઉં અને ચોળી સહિતના પાક્ને નુકશાની થવાની ભીતિ છે.

ભાગરૂપે સુરેન્દ્રનગર જીલ્લામાં રવિવારે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું જીલ્લાના અમુક તાલુકાઓમાં ધીમી ધારેથી લઈ ધોધમાર કમૌસમી વરસાદ નોંધાતા એકંદરે લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી પરંતુ વરસાદને પગલે ખેડુતોને નુકશાની જવાની ભીતી પણ સેવાઈ રહી છે.

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં કમસમી વરસાદની આગાહી કરવામાં આવી છે સુરેન્દ્રનગર જીલ્લામાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને વાદળ છાયા વાતાવરણ વચ્ચે લીંબડી, લખતર અને દસાડા તાલુકામાં કમૌસમી વરસાદી ઝાંપટા નોંધાયા હતા. જેમાં દસાડા તાલુકાના જૈનાબાદ, ઝીંઝુવાડા, ધામા, ચીકાસર, નગવાડા, સુરેલ, વિસાવડી, રસુલાબાદ, હેમતગઢ, મુવાડા સહિતના ગામોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડતા અગરીયાઓના મીઠાના અગર તેમજ ખેડુતોએ મહામહેનતે કરેલ અજમો, ઉનાળુ તલ સહિતના પાકને મોટાપાયે નુકશાની થવાની ભીતી સેવાઈ રહી છે. જ્યારે લખતર તાલુકાના વડેખણ, માલીકા, ડેરવાળા, તલસાણા, સાંકળ સહિતના ગામોમાં પણ કૌસમી વરસાદ પડ્યો હતો તેમજ લીંબડી તાલુકાના નાની કઠેચી, મોટી કઠેચી, ગડથલ સહિતના ગામોમાં કમૌસમી વરસાદ ખાબક્યો હતો.

આગામી પાંચ દિવસ સુધી રાજ્યભરમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે અને આવતીકાલે સૌરાષ્ટ્રના અમરેલી, રાજકોટ, જૂનાગઢ, મોરબી, ગીર સોમનાથ, ઉપરાંત કચ્છ, દીવ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાંબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, સહિત કુલ ૧૫ જિલ્લામાં કરા સાથે કમોસમી વરસાદ વરસી શકે છે.

આગામી બુધવારે છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, ગુરૂવારના રોજ આણંદ, વડોદરા, નર્મદા, ભરૂચ, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર સુરત, તાપી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ અને દિવ જયારે શુક્રવારના રોજ નર્મદા, ભરૂચ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, સુરત, તાપી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ અને બોટાદમાં કમોસમી વરસાદ પડી શકે છે.

સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં અનેક સ્થળોએ આગામી ગુરૂવારે અતિ ભારે માવઠાની આગાહી આપવામાં આવી છે. વાતાવરણમાં પલટો આવતા મહતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. રાજકોટ અને સુરેન્દ્રનગરમાં જ મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. રવિવારે રાજકોટ ૪૧ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર રહ્યું હતુ. જયારે સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦.૧ ડિગ્રી રહેવા પામ્યું હતુ.

આ ઉપરાંત ભાવનગરનું તાપમાન ૩૮ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૪.૭ ડિગ્રી, ઓખાનું તામાન ૩૪.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૨.૮ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૪.૪ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૬ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૮.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૩.૩ ડિગ્રી અને દમણનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, કચ્છના ભૂજનું તાપમાન ૩૭.૬ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૬.૩,કંડલા એરપોર્ટનું તાપમાન ૩૭.૪ ડિગ્રી નોંધાયું હતુ.

### રાજકોટમાં સવારે વાતાવરણમાં પલ્ટો: રાજયભરમાં પારો પટકાયો

રાજકોટમાં આજે સવારે વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વાદળો છવાયા હતા. માવઠાના કારણે રાજયભરમાં મહતમ તાપમાનનો પારો નીચો પટકાયો છે. આજે સવારે રાજકોટમાં વાતાવરણમાં ઠંડક અનુભવાતી હતી આકાશમાં વાદળોનો જમાવડો જોવા મલ્યો હતો. મહિસાગર જિલ્લામાં આજે સતત બીજા દિવસે વાતાવરણ વાદળછાયું રહ્યું હતુ. આજે રાજયનાં ૧૬ જિલામાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે.




વિશેષ નોંધ: (૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.
લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪